# University Grants Commission

## Minor Research Project- Final Report

(Sanction UGC Letter reference:- F.No.3-10/13 MRP/ Policy file/UGC WRO/351/352/353)

# : Subject :

# “Gujaratna Surat Jillana Chaudhari Samajna Lagnageetono Samajik - Sanskrutik Abhyas”

**Dr. Manjulaben C. Chaudhari**

**Department of Gujarati**

**Arts & Com. College,**

**Dehgam.**

**December – 2016**

# નિવેદન

યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન દ્વારા વર્ષ ૨૦૧૪માં અનુદાન પ્રાપ્ત આ માઈનર રિસર્ચ પ્રોજેક્ટ તેના નિશ્ચિત કાર્યકાળમાં સુપેરે પૂર્ણ કરવાનો આનંદ છે. આ આનંદભર્યા અવસરે કેટલીક વાતો સ્મરણમાં આવે છે તે વાગોળવાનું અને આ કાર્યમાં ઉપયોગી થયેલા મિત્રોનો આભાર માનવાની તક આ ક્ષણે હૃદયના ઊમળકાથી નિભાવું છું.

કોઈપણ દેશનો વિકાસ અને પ્રગતિ તેના શિક્ષણ પર આધારિત છે. આપણે જાણીએ છીએ તેમ શિક્ષણનું કાર્ય માત્ર અક્ષરજ્ઞાન આપવા પૂરતું જ સીમિત નથી. શિક્ષણની સાથે અને એમાં પણ વિશેષ કરીને ઉચ્ચશિક્ષણ સાથે નવીન સંશોધનો અને તેનો સમાજના સમગ્ર વર્ગોમાં વિસ્તાર-પ્રસરણ ખૂબ જ આવશ્યક બાબત છે. ઉચ્ચશિક્ષણની સંસ્થાઓનું એમાં ખાસ કરીને યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન સાથે સંકળાયેલાં યુનિવર્સિટી ભવનોએ  તથા કૉલેજોએ પણ માત્ર વિદ્યાર્થીઓને વર્ગખંડ પૂરતું શિક્ષણ જ નથી આપવાનું. તેણે તો સંશોધનના નવીન પ્રકલ્પો હાથ ધરી સમાજની જ્ઞાન અને સંશોધનની શગને યથોચિત પ્રજ્વલિત રાખવાની છે. અને આવા સંશોધનના કાર્યમાં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન સૌ અધ્યાપકોને આગળ વધવા આર્થિક સમેતની તમામ સગવડો પૂરી પાડે છે. યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશને આવી સગવડ મને પૂરી પાડી આવો પ્રોજેક્ટ કરવાની મંજૂરી આપી તે બદલ તેની સાથે સંકળાયેલા સૌ અધિકારી સાહેબોનો હૃદયપૂર્વક આભાર માનું છું.

સતત નવું વિચારતા રહેતા અને સંસ્થા તથા અધ્યાપકોના વિકાસ માટે તત્પર અમારી કૉલેજના આચાર્ય શ્રી ડૉ. એચ.આર.ભટ્ટ સાહેબ અમને આવાં કાર્યોમાં આગળ વધવાની સતત પ્રેરણા અને હૂંફ પૂરી પાડતા રહે છે. તેમના એવા અમૂલ્ય યોગદાન વિના આવા પ્રકલ્પો પૂરા કરી શકાતા નથી. આથી અમારા આચાર્ય સાહેબનો આ તબક્કે ખૂબ ખૂબ આભાર માનું છું અને ભવિષ્યમાં પણ તેમનો આવો ઉત્સાહપૂર્વક સહકાર મળતો જ રહેશે તેવી આશા રાખું છું.

ચૌધરી સમાજના ભૂંસાતા જતા લોકસાહિત્યને વિશેષ કરીને લગ્નગીતોને આ તબક્કે સાચવી લેવાની તક સાંપડી છે તેના મૂળમાં એન.એસ.પટેલ આર્ટ્સ્ કૉલેજના ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. માનસિંગ ચૌધરી સાહેબ છે. આ પ્રોજેક્ટમાં તેમનો સહકાર સતત સાંપડતો રહ્યો છે તે બદલ તેમનો ખરા દિલથી આભાર માનું છું. અમારા સમાજના સૌ

આગેવાનો અને ઉત્સાહપૂર્વક ગીતો પૂરી પાડનારી સૌ બહેનોને આ તબક્કે કેવી રીતે ભૂલી શકાય. તેમના આવા નોંધપાત્ર યોગદાન બદલ તેમનો હૃદયપૂર્વક આભાર માનું છું. આ સંશોધનને સુઘડ રીતે ટાઈપ કરી જરૂરી સલાહસૂચન આપનારા રાજેન્દ્રનગર આર્ટસ્ કૉલેજના ડૉ. પ્રવીણ વાઘેલા સાહેબનો પણ ખૂબ આભાર માનું છું. આ ઉપરાંત અમારી કૉલેજના સૌ અધ્યાપક મિત્રો, ગ્રંથપાલ શ્રી તથા તમામ સેવક મિત્રો અને જેમણે પણ આ કામમાં મદદ કરી છે તે સૌ નામી-અનામી મદદકર્તાઓનો ખૂબ ખૂબ આભાર માનું છું.

મારું આ સંશોધન કાર્ય ચૌધરી સમાજના ભૂંસાતા જતા લગ્નગીતોને કાયમી રીતે અક્ષરોમાં સાચવી રાખશે તેનો આનંદ છે. ઉપરાંત ભવિષ્યમાં આ ક્ષેત્રે વધુ સંશોધન કરનારને મારું આ કાર્ય ચોક્કસ ઉપયોગી નીવડશે. લોકસાહિત્યના ક્ષેત્રે કાર્યરત થનાર સૌને થોડા ઘણા અંશે પણ જો આ કાર્ય ઉપયોગી નીવડશે તો મારું આ વિદ્યાતપ ખરા અર્થમાં સાર્થક થશે એમ આશા રાખું છું.

તારીખ : લિ.

સ્થળ : દેહગામ (ડૉ. મંજુલાબેન ચૌધરી)

# અનુક્રમણિકા


| ક્રમ | પ્રકરણનું નામ | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| ૧ | ભૂમિકા | ૫ |
| ૨ | સુરત જિલ્લાનો સામાન્ય પરિચય | ૮ |
| ૩ | ચૌધરી સમાજની લોકસંસ્કૃતિ અને પંરપરા | ૧૬ |
| ૪ | લોકગીતનું સાહિત્યસ્વરૂપ | ૩૨ |
| ૫ | ચૌધરી સમાજમાં ગવાતાં લગ્નગીતોનું અધ્યયન | ૫૩ |
| ૬ | ઉપસંહાર અને તારણો | ૧૦૪ |
| ૭ | ૧. સંદર્ભગ્રંથસૂચિ<br>૨. માહિતી દાતાઓની યાદી | ૧૧૩<br>૧૧૪ |

## પ્રકરણ-૧

## ભૂમિકા

ગુજરાતની કુલ વસતિના લગભગ ૧૫ ટકા વસતિ આદિવાસી જનસમૂહની છે. સમાજની મુખ્ય ધારા અને પ્રવાહથી એક સમયે દૂર પ્રકૃતિના સાનિધ્યમાં રહેનારી આ પ્રજામાં પણ અનેક જ્ઞાતિઓ તથા પેટાજ્ઞાતિઓ છે. આ દરેક અલગ અલગ જ્ઞાતિને તેની પોતાની આગવી પરંપરા, રૂઢિ, રીતિ-રિવાજ, માન્યતાઓ, શ્રદ્ધા-અંધશ્રદ્ધા તથા સંસ્કૃતિ છે. આથી તે દરેકની જીવનપદ્ધતિ અને સાહિત્ય પણ થોડી ભિન્નતા ધરાવે છે. દરેક આદિવાસી જનસમૂહને પોતાનું આગવું કહી શકાય તેવું લોકસાહિત્ય છે. વધતું જતું શિક્ષણ અને સમાજની મુખ્ય ધારા સાથે જોડાવાને કારણે આદિવાસી જનસમૂહો પણ ધીરે ધીરે બદલાઈ રહ્યા છે. તેમના ધંધા-રોજગાર, ભાષા, પહેરવેશ અને જીવન જીવવાની પદ્ધતિ પરિવર્તિત થઈ રહી છે. અત્યાર સુધી જળવાયેલાં તેમનાં જ્ઞાતિગત મૂલ્યો અને જીવન તરાહમાં ખાસ્સું પરિવર્તન આવતું જોઈ શકાય છે. ઔદ્યોગિક વિકાસના વૈશ્વિક પ્રવાહમાં બદલાતું માનવજીવન આદિવાસી જીવનને પણ પ્રભાવિત કરી રહ્યું છે. આથી હવે તેમની જીવનરીતિ અને સંસ્કાર તથા સંસ્કૃતિમાં આમૂલ પરિવર્તન આવી રહ્યું છે અથવા તો આવી ગયું છે. શહેરીકરણ અને સંચાર માધ્યમોના વધતા જતા પ્રભાવને કારણે એમની આગવી સંસ્કૃતિ અને કંઠોપકંઠ લોકસાહિત્ય લુપ્ત થતું જાય છે. આવા સમયે તેમની પરંપરાગત જીવનરીતિનો અને લોકસાહિત્યના એક ભાગ તરીકે લગ્નગીતો સચવાઈ રહે તે માટે આ અમૂલ્ય વારસાને 'અક્ષર'માં સંગ્રહીત કરવું અતિ આવશ્યક બન્યું છે.

સુરત જિલ્લો ભારતદેશના પશ્ચિમ ભાગમાં આવેલો દક્ષિણ ગુજરાતનો ખૂબ જ મહત્ત્વ ધરાવતો જિલ્લો છે. આ જિલ્લામાં બારડોલી, માંડવી, માંગરોળ અને તાપી જિલ્લામાં ચૌધરીઓની વસતિ વિશેષ પ્રમાણમાં જોવા મળે છે. ગુજરાતમાં વિવિધ જાતિઓ વસે છે જેમાં કેટલીક આદિવાસી જાતિઓનો પણ સમાવેશ થાય છે. એમાં ચૌધરી સમાજ પોતાની સાંસ્કૃતિક અને ધાર્મિક દૃષ્ટિએ એક નોંખી ભાત ઉપસાવે છે.

ચૌધરી સમાજની ઉત્પત્તિની દંતકથા આધારિત કહેવાય છે કે, એક ગામમાં બે ભાઈઓ રહેતા હતા તેઓ પશુપાલન અને ખેતીવાડી સંભાળતા હતા. એક દિવસે અચાનક ઢોરનું મૃત્યુ થયું જેથી બંને ભાઈઓ મરેલા ઢોરને વિધિ અનુસાર દફનાવી આવ્યા. આવીને મોટા ભાઈએ પોતાના શરીર ઉપર પાણીના છાંટા નાખી ચલાવી લીધું જ્યારે નાનાભાઈએ વિધિ પ્રમાણે નદીએ જઈને સ્નાન કર્યું. આમ જેણે છાંટા નાખી ચલાવી લીધું તેને ચૌધરી ઉચ્ચાર પ્રમાણે 'છાંટાલા ચૌધરી' તરીકે ઓળખવામાં આવે છે અને જેણે સ્નાન કરીને ચોખ્ખો થયો તે 'ચોખ્ખો ચૌધરી' અથવા ચોખાપુરી તરીકે ઓળખવામાં આવ્યા છે. આમ મોટાભાઈના વંશજો 'મોટી ચૌધરી' અથવા 'છાંટાલા ચૌધરી' તરીકે ઓળખાયા. જ્યારે નાનાભાઈના વંશજો 'નાની ચૌધરી અથવા ચોખા તરીકે ઓળખાયા.' સ્નાન કરનારના વંશજોને 'ઊંચા ચૌધરી' અથવા છાંટા નાખી ચલાવનારના વંશજોને 'નીચા ચૌધરી' તરીકે પણ ઓળખવામાં આવે છે. આ જૂથોમાં પણ સામાજિક રીતે ઊંચા - નીચાનો ભેદ જોવા મળે છે.

ગુજરાતના સુરત જિલ્લાના આદિવાસી ચૌધરી સમાજમાં ગવાતાં લગ્નગીતોનો સામાજિક-સાંસ્કૃતિક અભ્યાસ આ સંશોધનનું ક્ષેત્ર છે. ચૌધરી સમાજનું લોકજીવન, દૈનિક વ્યવહારો, ખેતી, પહેરવેશ વગેરે સાથે ઓતપ્રોત થઈ ગયેલા એમના લોકસાહિત્યનો, લગ્નપ્રસંગની દરેક વિધિએ ગવાતા લગ્નગીતોનો, અભ્યાસ કરવાનો છે. વનવાસી સાહિત્ય વિશે આંતરરાષ્ટ્રીય કક્ષાએ જુદા જુદા દેશના સંશોધકો કામ કરતા રહ્યા છે પરંતુ ગુજરાતના ચૌધરી સમાજનાં લગ્નગીતો પર સામાજિક-સાંસ્કૃતિક દૃષ્ટિએ હજુ સુધી કામ થયું નથી. તેથી આ સંશોધન આ વિષયના આંતરરાષ્ટ્રીય સંશોધન પ્રવાહમાં મહત્ત્વનું ઉમેરણ બની જાય છે.

ભારત બહુ ભાષાઓ અને બહુ પરંપરાવાળો વિશાળ દેશ છે. ભારતીયતાનાં મૂળભૂત તત્ત્વો દરેક રાજ્યના લોકોમાં પડેલાં છે. આ સ્થિતિમાં ભારતના કોઈ એક રાજ્યના અને તેની ભાષાના સાહિત્યનો અભ્યાસ કરવામાં આવે ત્યારે સંશોધનના માધ્યમથી તે રાજ્યની સામાજિક પરંપરાની ઓળખ ભારતના બીજા પ્રદેશ સુધી પહોંચી શકે છે. જેના પરિણામે જુદી જુદી ભાષા ધરાવતા લોકો એકબીજાને સારી રીતે સમજી શકે તેવી ભૂમિકા રચાય છે. રાષ્ટ્રીય એકતા માટે પણ આ પ્રકારનાં સંશોધન મૂલ્યવાન પૂરવાર થઈ શકે છે.

સુરત જિલ્લાનાં ચૌધરી સમાજના લગ્નગીતોના અભ્યાસ માટે તેને એકઠાં કરવાનું કામ હાથ ધર્યું ત્યારે અનેક લોકોને મળવાનું થયું. તેમાં એ માલૂમ પડ્યું કે નવી પેઢીની સ્ત્રીઓ-યુવતીઓને તેનાં પરંપરાગત લગ્નગીતો હવે આવડતાં નથી. લગ્નોમાં પણ હવે બહુધા લગ્નગીતો ગવાતાં ખૂબ જ ઓછાં જોવા મળે છે. આથી એવું લાગે છે કે આ લગ્નગીતો ગાવાની પરંપરા અને તેની જાણકારી હવેનાં થોડાં વર્ષોમાં મૃતપ્રાય થશે. આ ચિંતા જે સ્ત્રીઓએ મને લગ્નગીતો ગાઈ બતાવ્યાં છે તેમણે પણ સેવી છે. તથા તેમણે એ પણ કહ્યું કે ભલે નવી પેઢી આ લગ્નગીતો લગ્નોમાં ન ગાય પરંતુ પોતાની પરંપરાઓથી પરિચિત રહે અને ભાવિ પેઢી માટે તેનું દસ્તાવેજીકરણ થાય. એ સંદર્ભે પણ મારા આ કાર્યથી તેમને ખાસ્સો સંતોષ પ્રાપ્ત થયો છે. લગ્નગીતોને તેનો પોતાનો આગવો લય હોય છે. આ ગીતોનો પ્રભાવ તેને યોગ્ય લય સાથે ગાવામાં આવે ત્યારે જ ઊભો થતો હોય છે. આથી ચૌધરી સમાજની કેટલીક બહેનો -જેઓ આ ગીતો સારી રીતે ગાઈ શકે છે તેમની પાસે ગવડાવીને રેકોર્ડિંગ કરવાનું કાર્ય પણ આ નિમિત્તે કર્યું છે જેથી ભાવિ પેઢીને એ રીતે આ વારસો હસ્તગત થશે.

## પ્રકરણ-૨

## સુરત જિલ્લાનો સામાન્ય પરિચય

**પ્રસ્તાવના :**

જગતનાં મોટાભાગનાં શહેરો કોઈને કોઈ નદીના કિનારે જ વસેલાં-વિકસેલાં છે. આ નદીઓએ જે તે શહેરના ઉદ્‌ભવ-વિકાસ અને લોકપ્રિયતામાં પોતાનું અમૂલ્ય યોગદાન આપ્યું છે. સુરત શહેરનો ભવ્ય ઈતિહાસ પણ સૂર્યપુત્રી તાપીની સાથે પ્રગાઢપણે જોડાયેલો છે. સુરતને સોનાની મૂરત તરીકે ઓળખવામાં આવે છે.

**સુરતનો ઈતિહાસ :-**

સુરત શહેરના ઈતિહાસ વિશેના ઉલ્લેખો પંદરમી સદીની શરૂઆતથી જ મળી આવ્યા છે. તે પૂર્વે આ પ્રદેશ ઉપર અનેક રાજવંશોએ રાજય કર્યું હતું. તેના ઐતિહાસિક સંદર્ભો સેંકડોની સંખ્યામાં મળી આવેલાં તામ્રપત્રો દ્વારા જાણવા મળે છે.

સુરત ક્યારે વસ્યું હશે એ અંગે મુસ્લિમ ઈતિહાસકારો નોંધે છે કે કુત્બુદ્દિન ઐબકે ઈ.સ. ૧૧૯૪માં અને મહંમદ તુગલકે ઈ.સ.૧૩૪૭માં સુરતની મુલાકાત લીધી હતી. ઈ.સ.૧૩૭૩માં સુલતાન ફિરોઝ તુગલકે સુરતના રક્ષણ માટે નાનો કિલ્લો બંધાવ્યો હતો. તો ૧૩૯૧માં ગુજરાતના ગવર્નર ઝફરખાને એના પુત્ર મસ્તીખાનને રાંદેર તથા સુરતના ગવર્નર તરીકે નિમ્યો હતો. મૂળ સુરત દરિયામહેલ, શાહપોર, નાણાવટ, સોદાગરવાડ વગેરે વિસ્તાર પૂરતું મર્યાદિત હતું. પરંતુ પંદરમી સદીના અંતમાં મલિક ગોપી નામના શ્રીમંતે ગોપીપુરા વસાવી તથા ગોપીતળાવ બંધાવી તેનો વિસ્તાર કર્યો. તેની પત્નીની સ્મૃતિમાં તેણે રાણીતળાવ બંધાવ્યું એ પછી સુરતના ગવર્નર તરીકે તેની નિમણૂંક થઈ હતી.

સોળમી સદીની શરૂઆતમાં પોર્ટુગીઝોએ સુરતના બંદર ઉપર કબજો જમાવ્યો. તેમણે સુરતના વિવિધ વિસ્તારોમાં ખૂબ જ લૂંટ ચલાવી અને સુરતની જાહોજલાલીનો ઘણાખરા અંશે નાશ કર્યો. આવા આક્રમણોથી બચવા સુરતના નાઝીમ ખ્વાજા સફર સલમાનીએ ઈ.સ.૧૫૪૦માં જૂના નાના કિલ્લાને સ્થાને નવો મજબૂત ઊંચો અને વિશાળ કિલ્લો બંધાવ્યો. મોગલ બાદશાહે સુરત પર સત્તા મેળવ્યા પછી મોગલ યુગ દરમિયાન સુરતની જાહોજલાલીમાં

ખૂબ વધારો થયો. ઈ.સ.૧૬૧૩માં અંગ્રેજોએ તેમની પહેલી વેપારી કોઠી સુરતમાં સ્થાપી. એ પછી પણ ડચ, ફ્રેન્ચ વગેરે લોકો આવ્યા. ઈ.સ.૧૬૪૪માં મક્કા જતા મુસલમાનોની સગવડ માટે વિશાળ મોગલસરાઈ બાંધવામાં આવી જેનો આજે સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનની ઑફિસ તરીકે ઉપયોગ કરવામાં આવે છે. સુરતનો બંદર તરીકે સારો વિકાસ થયો હતો અને દેશ-પરદેશના અનેક વહાણો તેના દરિયાકિનારે લાંગરતાં હતાં. મોગલો બાદ સુરતને શિવાજીએ બે વખત લૂંટ્યું હતું. અંગ્રેજી શાસન સ્થપાયા પછી સુરતમાં ભૌતિક સગવડો સારા પ્રમાણમાં વિકસી અને આધુનિક નગર તરીકે તેનો વિકાસ થવા લાગ્યો.

આઝાદીની ચળવળમાં સુરતનો ફાળો ખૂબ જ મહત્ત્વનો છે. ૧૯૦૭માં કોંગ્રેસનું ઐતિહાસિક અધિવેશન સુરતના અઠવાગેટ પાસેના દિવાળીબાગ પાસેના વિસ્તારમાં યોજાયું હતું. ગુજરાતમાં સમાજસુધારાની ચળવળ પણ દુર્ગારામ મહેતાજી, નર્મદાશંકર દવે જેવાઓ દ્વારા સુરતથી જ થઈ હતી.

સુરત નામ કેમ પડ્યું એ વિશે અનેક અભિપ્રાયો છે. ‘નર્મદ’ પરના વ્યાખ્યાનમાં સુરતીઓને સંબોધી મહાકવિ ન્હાનાલાલ લખે છે કે સુરતની જાહોજલાલી તમને શી રીતે વર્ણવવી ? નંગમાળ સમી નાણાવટને સોનાની પાટ સમી ‘ગોપીપરુ’ તાપીના જળ ઉપર ૮૪ બંદરોનો વાવટો ઊડતો. આ સંદર્ભમાં ઈ.સ.૧૮૭૭માં પ્રસિદ્ધ થયેલા મુંબઈ રાજ્ય ગેઝેટિયર તથા અન્ય આધારભૂત ગ્રંથોમાંથી એ અંગે રસપ્રદ માહિતી મળે છે. મુંબઈ ગેઝેટિયરમાં જણાવ્યું છે કે કદાચ અસલ સૂર્યપુર નામનું જૂનું શહેર અહીં હશ એવું જણાવ્યું છે અને તે સ્થળે હાલનું સુરત શહેર ઊભું થયું હશે. સુરતમાં કોઈ કાળે સૂર્યનું કોઈ પ્રખ્યાત મંદિર હશે એ કારણે આ નગર સૂર્યપુર કહેવાયું હશે. વળી તાપી નદીને સૂર્યની પુત્રી તરીકે ઓળખવામાં આવે છે. આ રીતે સૂર્યપુત્રીને તટે વસેલું એ સૂર્યપુર.

કવિ નર્મદ જૂની દંતકથાને આધારે એમ કહે છે કે, ‘સૂરજ’ નામની નાયિકાના નામ પરથી સુરત નામ પડ્યું છે. જ્યારે ‘ઉમાશંકર જોષી સુરતને સૂર્યપુર ઉપરથી આવેલો શબ્દ માને છે. આ સંબંધ ચારસો વર્ષ પૂર્વે થઈ ગયેલા ગોપી નામના અમલદારની આસપાસ પણ એક કથા ગૂંથાયેલી છે. સુરતમાં ગોપીપરું નામનો વિસ્તાર આ ગોપીના નામ પરથી જાણીતો થયો છે.

બીજી દંતકથા આ પ્રમાણે છે. ગોપીને નાનપણમાં રાંદેરની સૂરજ નામની શ્રીમંત વિધવાએ સારી એવી મિલકત એ શરતે આપેલી કે તેના મૃત્યુ બાદ ગોપીએ તેનું સ્મારક રચવું, પાછળથી ગોપી બહુ મોટો અમલદાર બન્યો અને તેણે ગામનું નામ 'સૂરજપુર' અથવા સૂર્યપુર રાખ્યું, મુંબઈ ગેઝેટિયરમાં આ દંતકથાનો ઉલ્લેખ છે.

એક દંતકથા પ્રમાણે તુર્કસ્તાનના સુલતાનના જનાનખાનામાંથી 'સુરતા' નામની સ્ત્રી, નાસી ગઈ અને તેનાં મુખ્ય નગર ઈસ્તંબુલના એક મોટા વેપારીને લઈ ત્યાંથી એ રાંદેર આવી. પછી રાંદેરના તાપી કિનારાના નાના ગામડામાં આવીને બંને વસ્યાં. એ ગામને વેપારીઓએ પોતાના વધતા જતા વેપારના પૈસાથી વિસ્તાર્યું. આમ સમૃદ્ધ બનતા તે સ્થાનને 'સુરતા'ના નામ ઉપરથી 'સુરત' નામ આપ્યું. ૧

એક અન્ય પરંપરા કથામાં ગોપીની માતાનું નામ જ 'સૂરજ' જણાવાયું છે. જે રાંદેરના કોઈ જમીનદારની પુત્રી હતી. કુંવારાવસ્થામાં જ ગર્ભવતી થતાં સૂરજને તેના સગાંઓએ તાપીના સામે કાંઠે માછીવાડમાં રાખી હતી. જ્યાં તેણે પુત્ર ગોપીને જન્મ આપ્યો. અને ઘરનાં માણસોના સાથ-સહકારથી વેપાર શરૂ કર્યો. સમય જતાં માછીવાડ આસપાસ વસ્તી વધી. ગામ સમૃદ્ધ થતાં ગોપીએ ઉંમરલાયક થતાં પોતાની માતાનું નામ સૂરજ ઉપરથી નગરનું નામ 'સુરત' રાખ્યું. ૨

કવિ નર્મદ એક અન્ય દંતકથા પણ ટાંકે છે. તેમાં જણાવ્યા પ્રમાણે નગરને સુરત નામ આપનાર સુરતનો કિલ્લો બાંધનાર ખ્વાજા સફર સલમાની ઉર્ફે ખુદાવંદખાન પોતે જ હતો. તેણે પોતાની પ્રેયસીના રૂપને -ખૂબસુરતીને ધ્યાનમાં લઈને નગરનું નામ 'સુરત' રાખ્યું. આ કથામાં ઐતિહાસિક ક્રમ જળવાયો નથી કારણ કે ખુદાવંદખાન સુરતનો ગવર્નર હતો. તે પૂર્વે એકાદ સદી પહેલેથી નગર સુરત અને સૂર્યપુર નામે આળખાતું જ હતું. ૩

સુરતના જે ઐતિહાસિક ઉલ્લેખો મળ્યા છે ત્યારથી 'સુરત' અને 'સૂર્યપુર' કે 'સુરજપુર' નામોની પરંપરા સાથે ચાલી છે. સુરતનાં ઐતિહાસિક કાળ દરમિયાન રચાયેલી સાહિત્યિક કૃતિઓમાં તેમજ ઉત્કીર્ણ લેખોમાં કર્તાઓએ આ નગરને ઉચ્ચાર ભેદે 'સૂર્યનું નગર' કહ્યું છે. આવો નામોલ્લેખ માત્ર કવિ કલ્પના જણાતી નથી કે ગામનું મૂળ નામ 'સૂર્યપુર' યા 'સૂરજપુર'

યા 'સૂરજ' હતું એવી કોઈ કથા ઉપલબ્ધ નથી. જે દ્વારા એમ માનવાને સમર્થન મળે છે કે સૂરજ ઉપરથી 'સુરત' થયું હતું જે હાલ સુરત નામથી પ્રચલિત બન્યું છે.[૪]

**ભૌગોલિક સ્થાન :-**

સુરત દક્ષિણ ગુજરાતનું તાપી નદીના કિનારે વસેલું એક રમણીય શહેર તેમજ બંદર છે. સુરત, જિલ્લાનું વડું મથક પણ ગણાય છે. તાપી નદી ઉપર બનાવવામાં આવેલા બંધોના કારણે હાલનું બંદર નાનું થઈ ગયું છે. જે હજીરા પાસે આવેલું છે. તેનું ભૌગોલિક સ્થાન ૨૧.૧૭ ઉ.અક્ષાંશ તથા ૭૨.૮૩ પશ્ચિમ રેખાંશ છે. સુરત તાપી નદીના દક્ષિણ તટ પર વસેલું છે. તાપીના મુખ પ્રદેશથી ૧૪ માઈલના અંતરે આવેલું છે.

**નદીઓ :**

જિલ્લાની બે મોટી નદીઓ તાપી અને કીમ છે. ઉપરાંત જિલ્લામાંથી વહેતી બીજી મુખ્ય નદીઓ પૂર્ણા, અંબિકા, કરજણ, મીંઢોળા, ભગાવેર, ઝાંખરી વગેરે નદીઓ છે. આ બધી જ નદીઓ પૂર્વેથી પશ્ચિમ તરફ વહી અરબી સમુદ્રને મળે છે. તાપીની દક્ષિણે પાંચ નોંધપાત્ર નદીઓ છે. તેમાંથી બે નદીઓ મીંઢોળા અને પૂર્ણા આ જિલ્લાને સ્પર્શે છે.

તાપી નદી નર્મદા પછીની બીજી મોટી નદી છે. આ નદી મધ્યપ્રદેશની મહાદેવની ટેકરીમાંથી નીકળે છે અને મહારાષ્ટ્રના ખાનદેશમાં થઈ ગુજરાતમાં પ્રવેશી સુરત પાસે ડુમસ નજીક સાગરને મળે છે.

**આજનું સુરત :**

ઈ.સ. ૧૯૯૪ ના ચોમાસામાં ભારે વરસાદને કારણે ઉકાઈ ડેમનું પાણી તાપી દ્વારા શહેરમાં દરેક જગ્યાએ ફરી વળ્યું જેને પરિણામે પશુ-પક્ષીઓ અને માનવોને ખૂબ જાનહાની ભોગવવી પડી. મહાનગરપાલિકામાં માણસો તેમજ વાહનોના અભાવે શહેરમાં ગંદકી સમયસર સાફ થઈ નહીં જેથી વીસમી સદીમાં પહેલીવાર ભયંકર પ્લેગ રોગ ફેલાયો. આમ તો ૨૫ લાખની વસ્તીમાં માત્ર ૪૦ જેટલા જ લોકોને રોગની અસર થઈ પણ આખા દેશમાં એના પડઘા પડ્યા હતા. એક જ અઠવાડિયામાં સુરત પોણા ભાગનું ખાલી થઈ ગયું.

સુરતથી આવેલા માણસો તેમજ વાહનોને કોઈપણ જગ્યાએ પ્રવેશવા દેવાયા નહીં, સગા-સંબંધીઓ પણ તેમને રાખવા માટે ના કહેવા લાગ્યા. તેવા સમયે સુરતવાસીઓની હાલત ખૂબ જ કરુણ બની ગઈ હતી. પ્લેગ રોગને લીધે આખરે શહેર, રાજ્ય તેમજ દેશની સરકારો જાગી ત્યારથી મ્યુનિસિપલ કમિશનર એસ.આર.રાવની બાહોશીભરી કામગીરીથી સુરતની ગણના આજે દેશના સૌથી ચોખ્ખા શહેરમાં થાય છે.

બીજી વખત ૧૧ ઑગસ્ટ ૨૦૦૯માં અતિ ભારે વરસાદ અને નદીમાં આવેલા પૂરને લીધે લગભગ આખું સુરત શહેર પાણીમાં ડૂબેલું હતું. આ વખતનું પૂર સુરતના ઈતિહાસનું સૌથી વિનાશક પૂર હતું. આ વિનાશક પૂરમાં સુરત શહેરને અબજો રૂપિયાનું નુક્શાન થયું હતું. આ પૂરને લીધે લગભગ આખા શહેરને ૪૦ વર્ષો સુધી પહોંચાડી શકાય તેટલું પાણી દરિયામાં વહી ગયું.

સુરતની મહાનગરપાલિકાની ગણના ભારતની આગળ પડતી મહાનગરપાલિકામાં થાય છે. અને મહાનગરપાલિકાનાં કાર્યો ખૂબ જ વખાણવા યોગ્ય છે. રાજ્ય સરકાર તથા ભારત સરકારની સતત ઉપેક્ષા થવા છતાં આ શહેર પોતાના પગ ઉપર અડીખમ ઊભું છે. કોઈ પણ બહારનું પરિબળ આ શહેરની શાંતિ તથા રમણીયતા ઓછી કરી શકે તેમ નથી. રાજ્યમાં અમદાવાદ સૌથી મોટું શહેર હોવા છતાં માથાદીઠ આવકમાં અમદાવાદ બીજા ક્રમે આવે છે. સમગ્ર દેશમાં સૌથી વધુ માથાદીઠ આવક સુરત શહેરની છે. સુરતની માથાદીઠ આવક રૂ. ૪, ૫૭, ૦૦૦ છે.

આ ઉપરાંત સુરત દેશનું સૌથી યુવાન શહેર છે. સુરતની કુલ વસ્તીના લગભગ ૭૪ ટકા એટલે કે ૩૩ લાખ લોકો ૩૫ વર્ષથી ઓછી ઉંમર ધરાવે છે. જેની સુરતવાસીઓ ઘણા સમયથી રાહ જોતા હતા તેવું આતંરિક હવાઈમથક તાઃ ૨૯ એપ્રિલ ૨૦૦૯ના રોજ ખૂલ્લું મૂકવામાં આવ્યું. જ્યાંથી પ્રથમ ફ્લાઈટ ૬ મે ૨૦૦૯ના રોજ શરૂ કરવામાં આવી. અહીંથી દિલ્હી, જયપુર અને કંડલાની સીધી સેવાઓ ઉપલબ્ધ છે.

આમ, સુરત જિલ્લાના આર્થિક વિકાસમાં તેની ભૌગોલિક પરિસ્થિતિ, ભૌતિક સાધનસંપત્તિ, ધંધા રોજગાર, ખેતીનો વિકાસ, ઉદ્યોગો અને સૌથી વિશેષ માનવશ્રમ મહત્ત્વનો

ભાગ ભજવે છે. જિલ્લામાં વસતિ પ્રજાની જીવનનિર્વાહ પદ્ધતિ તેણે સ્વીકારેલા ધંધા રોજગાર પર આધાર રાખે છે. સુરત જિલ્લાના આર્થિક વિકાસમાં તેની ફળદ્રુપ જમીન સંપત્તિએ અને વર્ષોથી સ્થપાયેલા સૂતર, રેશમ અને જરીના ઉદ્યોગો તેમજ તાજેતરમાં વિકસેલ હીરા ઉદ્યોગ, કાપડ ઉપરનું છાપકામ હેન્ડલુમ પર કાપડ વણાટનું કામ વગેરેએ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે.

સુરત જિલ્લાનો મોટાભાગનો વિસ્તાર ખેતીપ્રધાન છે. પણ સુરત અને ઉધનાની આજુબાજુના વિસ્તારમાં હીરા ઘસવાનો, સુતરાઉ કાપડ તથા રેશમના કપડાનો તથા અન્ય નાના મોટા ઉદ્યોગોનો વિકાસ થયો. આ વિસ્તાર ઔદ્યોગિક વિસ્તાર છે. બારડોલી અને તાપી જિલ્લાને પણ ઔદ્યોગિક વિસ્તાર ગણાવી શકાય છે.

**સુરત જિલ્લાનાં ખ્યાતનામ સ્થળો :-**

**દાંડી :** મહાત્મા ગાંધીજીએ ૧૨ માર્ચ ૧૯૩૦ માં તેમના ૭૮ સાથીઓ સાથે ઐતિહાસિક દાંડીકૂચ કરી હતી. તેનો હેતુ અંગ્રેજ સરકાર દ્વારા મીઠા પર લાદવામાં આવેલા કરનો સવિનય ભંગનો હતો. અહીં આ સ્થળે ૧૯૩૦માં તેમણે બ્રિટિશ શાસનના વિરોધમાં ચપટી મીઠું લઈને ભારતની આઝાદીનો પ્રણ પણ લીધો હતો. આ રીતે દાંડી ઐતિહાસિક મૂલ્ય ધરાવતું જાણીતું સ્થળ છે.

**ડાયમંડ ઉદ્યોગઃ** સુરત તેના હીરાબજાર માટે જગતમાં અતિપ્રસિદ્ધ એવું નગર છે. આ ઉદ્યોગ દ્વારા ભારતમાં વાર્ષિક લગભગ ૧૦ અબજ ડોલરની વિદેશી હૂંડિયામણ પ્રાપ્ત થાય છે. ઘણાબધા લોકોને રોજગારી પૂરી પાડતો આ ઉદ્યોગ સુરતમાં વર્ષોથી ફૂલ્યોફાલ્યો અને વિકસ્યો છે.

**ટેક્સટાઈલ બજારો :** સુરત તેના કાપડ બજાર માટે પણ ખૂબ જ જાણીતું છે. સુરતની સાડીઓ સમગ્ર ભારતભરમાં વખણાય છે. રેશમ વણાટ અને કિનખાબ માટે એક સમયે જગમશહૂર સુરતનું કાપડ બજાર અતિવિશાળ અને જોવાલાયક છે. એમ્બ્રોઈડરીનું કામ પણ અહીં મોટા પ્રમાણમાં થાય છે.

**મુગલસરાઈ :** મુગલ સમ્રાટ શાહજહાંએ ૧૭મી સદીમાં બનાવેલી આ મુગલસરાઈ તેના ભવ્ય પ્રવેશદ્વાર, ગુંબજ અને આકર્ષક કોતરણી માટે જાણીતું છે. આ સરાઈ મક્કા જતા હજયાત્રીઓ

માટે આરામ કરવા માટે બાંધવામાં આવેલ હતું. હાલમાં આ મકાનનો ઉપયોગ મ્યુનિસિપલ કોર્પોરેશનની કચેરીઓ માટે થાય છે. આ મકાનનો ઉપયોગ અંગ્રેજોએ ૧૮૫૭માં જેલ તરીકે પણ કર્યો હતો.

**સરદાર પટેલ મ્યુઝિયમ :**

સરદાર સંગ્રહાલય તરીકે ઓળખાતા આ મ્યુઝિયમની સ્થાપના ૧૮૮૯માં થઈ હતી. સમૃદ્ધ ઈતિહાસના દસ્તાવેજો અને સુરતના ભૂતકાળને લગતી ઘણીબધી સામગ્રીનો થયેલો સંચય પ્રવાસીઓ અને મુલાકાતીઓને સારી એવી માહિતી પૂરી પાડે છે.

**ગોપી તળાવ :**

ગોપી તળાવનો ઈતિહાસ ગોપી નામના અમલદારની આસપાસ સંકળાયેલો જણાય છે. શહેરનું નામ 'સુરત' પડ્યું તેની પાછળના ઈતિહાસમાં પણ આ ગોપી અમલદારનો ઉલ્લેખ જોવા મળે છે. એક દંતકથા પ્રમાણે ગોપીને નાનપણમાં રાંદેરની સૂરજ નામની શ્રીમંત વિધવાએ સારી એવી મિલકત એ શરતે આપેલી કે તેના મૃત્યુ બાદ ગોપીએ તેનું સ્મારક રચવું, પાછળથી ગોપી બહુ મોટો અમલદાર બન્યો એ તેણે ગામનું નામ 'સૂરજપુર' અથવા 'સૂર્યપુર' રાખ્યું જે સમય જતાં સુરત થયું.

આ ઉપરાંત ચિંતામણી જૈન મંદિર, પારસી અગિયારી, ઉદવાડા, સુરત કેસલ, મારજન શામી રોજા તથા યુરોપિયન કબરો વગેરે જોવાલાયક સ્થળો છે.

**પાદટીપ:**

૧. ડૉ. મોહનવી મેઘાણી, 'સુરત ઈતિહાસ દર્શન ભાગ-૧', ૧૯૯૮ પૃ. ૭

૨. ઠક્કર ચંદુ, 'ગુજરાત રાજ્ય સર્વસંગ્રહ' સુરત, ૧૯૯૪, પૃ.૧-૨

૩. દવે મંજુલાબેન (પ્રોફેસર) 'ગુજરાત આર્થિક અને પ્રાદેશિક ભૂગોળ', ૧૯૭૯, પૃ. ૨૫-૨૬

૪. ડૉ. મોહનલાલ મેઘાણી, 'સોનેરી સુરત', જગદંબા પ્રકાશન પ્રા. લિ. સુરત, ૧૯૯૯, પૃ.૧૧

## પ્રકરણ-૩

## ચૌધરી સમાજની લોકસંસ્કૃતિ અને પરંપરા

સુરત જિલ્લો ભારતદેશના પશ્ચિમ ભાગમાં આવેલો દક્ષિણ ગુજરાતનો ખૂબ જ મહત્ત્વ ધરાવતો જિલ્લો છે. આ જિલ્લામાં બારડોલી, માંડવી, માંગરોળ અને તાપી જિલ્લામાં ચૌધરીઓની વસ્તી વિશેષ પ્રમાણમાં જોવા મળે છે. ગુજરાતમાં વિવિધ જાતો વસે છે જેમાં કેટલીક આદિવાસી જાતિઓનો પણ સમાવેશ થાય છે. એમાં ચૌધરી સમાજ પોતાની સાંસ્કૃતિક અને ધાર્મિક દૃષ્ટિએ એક નોંખી ભાત ઉપસાવે છે.

ચૌધરી જાતિના બે ભેદ જોવા મળે છે. રેવરન્ડ જહોન વિલ્સન (૧૮૩૬) 'ચૌધરી' શબ્દપ્રયોગ કરે છે જ્યારે બોમ્બે પ્રેસિડેન્સી (૧૮૭૨ : ૨૫૧) જી.એ.દેસાઈ (૧૯૧૨ : ૩) એન્થોવન (૧૯૨૦ : ૨૮૯) ડૉ. બી.એચ.મહેતા (૧૯૩૪) સેન્સસ રિપોર્ટો (૧૯૩૧, ૧૯૪૧) અને સુરત જિલ્લાનું ગેઝેટિયર (૧૯૬૨ : ૨૭૪) 'ચૌધરી' શબ્દપ્રયોગ કરે છે. જ્યારે ભાષાના ઉચ્ચારણની દૃષ્ટિએ ચૌધરી બોલીના અભ્યાસમાં ડૉ. આચાર્ય (૧૯૬૯) 'ચૌધરી' શબ્દપ્રયોગ સ્વીકારે છે.

મુંબઈ ગેઝેટિયર (૧૯૦૧ : ૩૧૨) તેના પાંચ પેટા જાતિ જૂથો દર્શાવે છે. જેવાં કે 'ભારુટિયા', 'ચાઉટાલા', 'ચોકાપુરી', 'ટાકરિયા' અને 'વલવી' આમાં 'ચોકાપુરી' સૌથી ઊંચુ જૂથ છે. આ જૂથ પોતાને 'પાવાગઢી' તરીકે ઓળખાવે છે. વસતિ ગણતરી અહેવાલ ૧૯૧૧ (Vol. XVL : 288) દર્શાવે છે કે ચૌધરીઓમાં ઘણા પેટા જૂથો છે. જેમાં 'ચોખાપુરી' અને 'વલવડા' એ મહત્ત્વનાં છે. આજ અહેવાલ (Vol. VII : 251) ચૌધરીઓમાં આંતરજૂથોના નવ પ્રકાર દર્શાવે છે. જેમાં ભારુટિયા, ચાંટાલા, ચોખાપુરી, ટાકરિયા, વલવઈ, છાટાલા, નાના ચૌધરી, મોટા ચૌધરી અને બોંડાજાતિનો સમાવેશ થાય છે.

બી.એચ.મહેતા (૧૯૩૩)'મોટા' અને 'છાંટાલા' નાના અથવા ચોખાપુરી બન્ને એક જ છે તેમ દર્શાવે છે. તેઓ કહે છે કે 'છાંટાલા' અને 'ચાંટાલા' એક જ શબ્દ પરથી પ્રયોજાયેલા જોવા મળે છે. ઉપરાંત ભારુટિયા અને બોંડાને પણ તેઓ એક જ ગણે છે.

એન્થોવન (૧૯૨૦) ૧૯૧૧ના વસતિ ગણતરી અહેવાલમાં આપેલા વર્ગીકરણનો સ્વીકાર કરીને ચાલે છે. વસતિ ગણતરી અહેવાલ ૧૯૩૧ વડોદરા (Vol. XIX) પણ એ જ અહેવાલને સ્વીકારીને ચાલે છે. ગુજરાત ગેઝેટિયર (૧૯૬૨ : ૨૭૮ સુરત જિલ્લો) ત્રણ પેટા જૂથ દર્શાવે છે જેમાં ‘પાવાગઢીયા’, ‘નલધરી’ અને ‘વલવડા’નો સમાવેશ થાય છે. વિમળશાહ (૧૯૬૬ : ૨૯) તેમના ‘ગુજરાતના આદિવાસીઓ’ નામના પુસ્તકમાં ચૌધરીઓમાં ત્રણ પેટાજૂથોનો ઉલ્લેખ કરી ‘પાવાગઢીયા’, ‘ટાકરિયા’ અને ‘વલવાઈ’ જૂથો દર્શાવે છે.

ઑગસ્ટા ગ્લેટર (૧૯૬૯ : ૫૬) ચૌધરીઓમાં પેટાજૂથો વિશે પાછલા સંદર્ભો દર્શાવી પોતે નીચેનાં ચાર પેટાજૂથો દર્શાવે છે.

**(૧) પાવાગઢીયા**

(૧) નાના અથવા ચોખાપુરી

(૨) મોટા અથવા છાંટાલા

**(૨) વલવી અથવા વલાવડા**

**(૩) ટાકરીયા**

**(૪) બોંડા**

(૧૯૬૧ના વસતિ ગણતરી અહેવાલ પ્રમાણે)

આ ઉપરાંત તેઓ નોંધે છે કે આ પેટા જૂથોમાં વલવડા, ટાકરીયા અને બોંડાની માહિતી વિશેષ મળતી નથી.

ચૌધરી સમાજમાં નીચેના વિવિધ પેટા જૂથોનાં નામોના ઉલ્લેખો જોવા મળે છે.

૧. નાના ચૌધરી

૨. ભારુટિયા ચૌધરી

૩. ચોખાપુરી ચૌધરી

૪. પાવાગઢીયા ચૌધરી

૫. નલધરી ચૌધરી

૬. ચાઉટાલા ચૌધરી

૭. છાંટાલા ચૌધરી

૮. ટાકરિયા ચૌધરી

૯. મોટા ચૌધરી

૧૦. વલવડા ચૌધરી

૧૧. વલવઈ ચૌધરી

૧૨. બોંડા ચૌધરી

ચૌધરી સમાજની ઉત્પત્તિની દંતકથા આધારિત કહેવાય છે કે, એક ગામમાં બે ભાઈઓ રહેતા હતા તેઓ પશુપાલન અને ખેતીવાડી સંભાળતા હતા. એક દિવસે અચાનક ઢોરનું મૃત્યુ થયું જેથી બંને ભાઈઓ મરેલા ઢોરને વિધિ અનુસાર દફનાવી આવ્યા. આવીને મોટા ભાઈએ પોતાના શરીર ઉપર પાણીના છાંટા નાખી ચલાવી લીધું જ્યારે નાનાભાઈએ વિધિ પ્રમાણે નદીએ જઈને સ્નાન કર્યું. આમ જેણે છાંટા નાખી ચલાવી લીધું તેને ચૌધરી ઉચ્ચાર પ્રમાણે 'છાંટાલા ચૌધરી' તરીકે ઓળખવામાં આવે છે અને જે સ્નાન કરીને ચોખ્ખો થયો તે 'ચોખ્ખો ચૌધરી' અથવા ચોખાપુરી તરીકે ઓળખવામાં આવ્યા છે. આમ મોટાભાઈના વંશજો 'મોટી ચૌધરી' અથવા 'છાંટાલા ચૌધરી' તરીકે ઓળખાયા. જ્યારે નાનાભાઈના વંશજો 'નાની ચૌધરી અથવા ચોખા તરીકે ઓળખાયા.' સ્નાન કરનારના વંશજોને 'ઊંચા ચૌધરી' અથવા છાંટા નાખી ચલાવનારના વંશજોને 'નીચા ચૌધરી' તરીકે પણ ઓળખવામાં આવે છે. આ જૂથોમાં પણ સામાજિક રીતે ઊંચા - નીચાનો ભેદ જોવા મળે છે.

ચૌધરીઓમાં 'ભારુટિયા' નામના કોઈ પેટાજૂથ નથી પણ તેમનાં ગોત્રો કે કુળનાં જે નામો મળે છે તેમાં આ નામનું કુળ જોવા મળે છે. શિક્ષણની અસરને લીધે આ કુળમાંના કેટલાકે 'ભારુટિયા' શબ્દમાંથી 'ભારતી' અટક ઉપજાવી કાઢી છે. 'ચાઉટાલા' શબ્દ મૂળ છાંટાલાનો ઉચ્ચારભેદ હોવાનો સંભવ જણાય છે. 'નલધરી ચૌધરી' મહુવા તાલુકાના નળધરા વિસ્તારમાં રહેનારા ચૌધરીઓ માટે પ્રયોજાય છે. તેમનું કોઈપણ સામાજિક પેટાજૂથ ઊભું થયેલું જોવા મળતું નથી. તેઓ 'નાના ચૌધરી' જૂથમાં જ આ જૂથનો સમાવેશ થાય છે.

'પાવાગઢી ચૌધરી' નામ દંતકથા પ્રમાણે પાવાગઢનું પતન થતાં એક રજપૂત જૂથ સ્થળાંતર કરીને સુરત જિલ્લાના મહુવા તાલુકાના નળધરા વિસ્તારમાં આવીને સ્થાયી થયું. અને પાછળથી તેઓ ચૌધરી સ્ત્રી સાથે સંબંધ બંધાતાં તેઓ ચૌધરી અટકથી ઓળખાવા લાગ્યા. આમ દંતકથા અનુસાર મૂળ પ્રાદેશિક વસવાટ પાવાગઢ સાથે સાંકળી 'પાવાગઢી ચૌધરી' દર્શાવવામાં ગૌરવ અનુભવવાનો પ્રયત્ન થયેલો જોવા મળે છે. નળધરાના ચૌધરીઓ પોતાની અટકમાં ચૌધરીને બદલે 'પાવાગઢી' પણ લખાવતા જોવા મળે છે. આ જૂથને પણ નાની ચૌધરીના જૂથમાં ગણાવી શકાય છે.

'ટાકરિયા ચૌધરી' નામ વિશે ઑગસ્ટ ગ્લેટર (૧૯૬૯ : ૫૬) પોતાના અભ્યાસમાં નોંધે છે કે મઢીગામના બેડીફળિયામાં આવું જૂથ છે. તથા તે જૂથ વિશેની વિશેષ કશી માહિતી મળતી નથી. અભ્યાસ દરમ્યાન ત્યાં જઈને આ અંગે તપાસ કરવામાં આવી હતી. પરંતુ ત્યાં એવું કોઈ પેટાજાતિ જૂથનું સ્વરૂપ અસ્તિત્ત્વ ધરાવતું હોય તેમ જોવા મળ્યું નથી. આ ઉપરાંત જિલ્લાના સમગ્ર ચૌધરી વિસ્તારમાં 'ટાકરિયા ચૌધરી' જૂથ ક્યાંય જોવા મળતું નથી.

'બોંડા ચૌધરી' જૂથ મુખ્યત્વે સુરત જિલ્લામાં તાપીની ઉત્તરે માંડવી તાલુકાના મોરીઠા ગામમાં આ જૂથ જોવા મળે છે. આ ગામમાં બોંડા ચૌધરીનાં ૪૦-૫૦ કુટુંબો છે. તેમનું અલગ ફળિયું છે. આ જૂથ વિશે સૌથી પહેલો ઉલ્લેખ ૧૯૧૧ના વસતી ગણતરીના અહેવાલમાં અને તે પછી બી.એચ.મહેતા (૧૯૩૩) અને ઑગસ્ટ ગ્લેટરે ૧૯૬૯માં જોવા મળે છે. આ બધા ઉલ્લેખોમાં બોંડા વિશે તેની ઉત્પત્તિની કે સામાજિક ભેદભાવ અંગેની બીજી ખાસ વિગતો જાણવા મળતી નથી. પરંતુ બોંડાને ચૌધરી જાતિમાં સમાવેશ કરતા નથી. તેમને કોટવાળિયા જેવા પછાત ગણવામાં આવે છે.

'વલવડા' કે વલવઈ આ શબ્દો એક બીજાના પર્યાય દેખાય છે. ચૌધરી જાતિનું આ ત્રીજું જૂથ છે. આ જૂથ માંડવી તાલુકામાં અંધાત્રી ગામમાં રહે છે. આ જૂથ પણ ચૌધરીની પેટા જૂથમાં સમાવેશ પામે છે. ચૌધરી સમાજના લોકોના કેટલાક જીવન વ્યવહારો અને તેમની ખાનપાન, પહેરવેશની કેટલીક પદ્ધતિઓ વિશે હવે ટૂંકમાં ચર્ચા કરીશું.

* *જન્મ :-*

ચૌધરી સમાજમાં સીમંત કરવાનો રિવાજ નથી. પરંપરાગત જન્મને 'હુવાવડ' તરીકે ઓળખવામાં આવે છે. સામાન્ય રીતે ચૌધરી સમાજમાં એવી માન્યતા છે કે સગર્ભા સ્ત્રી જો પુત્રને જન્મ આપવાની હોય તો તેને દસ માસને દસ દિવસે પ્રસૂતિ થાય છે. અને જો તે છોકરીને જન્મ આપવાની હોય તો નવ માસને પચ્ચીસ દિવસે જન્મ આપે છે એવી માન્યતા ધરાવે છે.

ગર્ભાવસ્થા દરમિયાન સ્ત્રીની પ્રથમ સુવાવડ પિયરમાં જ કરવામાં આવે છે. જો પિયર આર્થિક દ્દષ્ટિએ નબળું હોય તો તે સાસરીમાં જ સુવાવડ કરાવવા તૈયાર થઈ જાય છે. આ પ્રજા ખૂબ જ શ્રમ કરનારી હોવાથી તેમને પ્રસૂતિગૃહમાં લઈ જવાની જરૂર પડતી નથી. સ્ત્રીઓની પ્રસૂતિ ઘરના એક ખૂણામાં યા એક અલગ ઓરડામાં કરાવવામાં આવે છે. ગામની દાયણ પ્રસૂતિ કરાવે છે. શિક્ષણનું જ્ઞાન ધરાવનાર પ્રસૂતિગૃહનો ઉપયોગ કરે છે. પ્રસૂતિ સહજ અને સરળ રીતે ન થાય તો ડિલિવરી સારી રીતે થાય તેના માટે બાધા રાખવાનો રિવાજ છે. હવે શિક્ષણ વધતાં આ રિવાજ નાબુદ થતો જાય છે. બાળકના જન્મ પછી માતાને ગરમ પાણીથી સ્નાન કરાવવામાં આવે છે. સુવાવડી સ્ત્રીને ખૂબ જ ચઢી ગયેલા ચોખા (ઉકળતા પાણીમાં ચોખાની બનાવેલ સુપ) ખોરાકમાં આપવામાં આવે છે એ ઉપરાંત કોપરું, ગોળ, સૂંઠ તથા ઘીનું મિશ્રણ પણ આપવામાં આવે છે. સુવાવડી સ્ત્રીને મોવડાનો દારૂ પીવડાવવામાં આવે છે કારણ કે પેટમાં રહેલું ગંદુ લોહી બહાર આવી જાય ને પેટ સાફ થઈ જાય. જે ઘરમાં બાળકનો જન્મ થાય છે તે ઘરના પાંચ દિવસ સુધી કુટુંબી બીજા ઘરમાં જમતા હોય છે. સુવાવડી સ્ત્રી સવા મહિના સુધી રસોડાનું કામ કરતી નથી. બાળકના જન્મ પછી પાંચમા દિવસે છઠ્ઠીપૂજન થાય છે. આ વિધિને 'પચરા' નામથી લોકો ઓળખે છે. આ દિવસે ફળિયાનાં બાળકોને ચા-સૂંઠ વહેંચવામાં આવે છે જ્યારે સ્ત્રીઓને પણ જમાડવામાં આવે છે અને તે દિવસે બાળકનું નામ પાડવામાં આવે છે. નામ પાડતી વખતે રાશિ પ્રમાણે નામ પાડવાનો ખાસ રિવાજ નથી. બાળકોનો જન્મ કયા વાર-તહેવારે થયો છે એ પ્રમાણે રળિયો, બુધિયો, શનિયો, સોમિયો, ઉકરડો, કાળિયો જેવાં નામો પાડવામાં આવે છે. કોઈ પરિવારમાં બાળકો જીવતા નથી એમના ઘરમાં બાળકનો જન્મ

થાય ત્યારે ખોટના સંતાન તરીકે તેનું નામ છાણીયો, ટોપલો, સુપડી, ઉબડો, રડગો વગેરે નામો રાખવામાં આવે છે. સુવાવડના બાળકના રક્ષણના હેતુથી સુવાવડી સ્ત્રીના ખાટલે માછલા પકડવાની જાળ ઓઢાડી રાખવામાં આવે છે. અથવા તો ખાટલાના ઓશિકા નીચે દાતરડું રાખે છે. ચૌધરી સમાજમાં એવી માન્યતા છે કે માછલાં પકડવાની જાળની ગાંઠો અને દાતરડાની કાંગરી ડાકણ ગણી શકતી નથી જેથી સુવાવડી સ્ત્રી કે બાળકને કશું થાય નહી એવી અંધશ્રદ્ધા ધરાવે છે. દાયણને સુવાવડ કરાવ્યાના બદલામાં અનાજ કે પૈસા આપવામાં આવતા હોય છે. જ્યારે કોઈ સ્ત્રીને ગર્ભ ન રહેતો હોય ત્યારે બાધા રાખવાનો રિવાજ છે. બાળક ન થાય તેવી સ્ત્રીને આ સમાજના લોકો મહેણા-ટોણા મારતા નથી. જો કોઈ સગર્ભા સ્ત્રીનું મૃત્યુ થાય તો તે 'વેતરી' બને છે એવી માન્યતા પ્રચલિત છે. જે જગ્યા પર બાળકનો જન્મ થયો હોય તે જગ્યા પર લીંપણ કરી પૂજન કરવામાં આવે છે.

બાળકના આગમનને તેઓ શુભ અવસર માને છે. આવનાર બાળક છોકરી હોય કે છોકરો બંનેને ખૂબ સારી રીતે રાખે છે. છોકરા-છોકરીનો કોઈ ભેદભાવ હોતો નથી.

★ ***પહેરવેશ (પોશાક) :-***

ચૌધરી સમાજમાં જીવન જરૂરિયાતમાં પોશાક, ખાનપાન, શૃંગાર વગેરે બાબતો પણ મહત્ત્વની બની રહે છે. આ બધા જ બાહ્ય ઉપકરણો છે અને તેનાથી કોઈ સંસ્થાકીય ફેરફારો આવતા નથી. તેમ છતાં આ બાબતો ચૌધરી જીવનનો એક ભાગ હોવાથી અને આડકતરી રીતે તેઓને સ્પર્શે છે. આ સમાજ પૂર્ણ પોશાક પહેરનારા છે. પરંપરાગત રીતે પુરુષો ખમીસ કે અડધી બાંયનો ઝભ્ભો, કચ્છો મારેલું ધોતિયું અને માથે ફાળિયું અથવા ટોપી પહેરતા જોવા મળે છે. યુવાન છોકરા પેન્ટ, શર્ટ પહેરતા હોય છે. તથા પગમાં દેશી બનાવટની ચંપલ અથવા સેન્ડલ કે બુટ યુવાન વર્ગ વધારે પ્રમાણમાં પહેરતા જોવા મળે છે. આધુનિક સમયગાળામાં આ સમાજમાં પહેરવેશ બાબતે ઘણો બધો સુધારો જોવા મળે છે. યુવાન વર્ગ શોખીન હોય છે આથી રંગ બે રંગી કપડાં પહેરવાનો શોખ ધરાવે છે.

આ સમાજમાં સ્ત્રીઓના પોશાકમાં તેઓ અંદરના ભાગમાં સાડીનો અડધો કટકો કચ્છો મારીને પહેરે છે. અને તેની ઉપર ઢીંચણ સુધીનું લૂગડું-સાડી કચ્છો મારી પહેરવાની આદત છે.

સારા ઘરની સ્ત્રીઓ આખી સાડીને કચ્છો મારીને પહેરતી હોય છે. આ લૂગડું માંડવીના વણકરો વણતા હતા. જે ૨૮'' × ૮૪'' નું લાલ ભોંયમાં સફેદ ચોકડી અને સફેદ કિનારીવાળું હોય છે. ક્વચિત વાદળી ભોંય હોય છે તેને કાબરું લૂગડું કહે છે. કામ કરતી વખતે સાડીનો છેડો માથે બાંધવાની ખાસ વિશિષ્ટતા આ સમાજની સ્ત્રીઓમાં જોવા મળે છે.

ઘરડી સ્ત્રીઓ ઉપરના ભાગમાં ચોળી (કાપડું) પહેરે છે અને આધેડ સ્ત્રીઓ કબજો પહેરે છે. શિક્ષિત સ્ત્રીઓમાં ચણિયો અને ગુજરાતી કે દક્ષિણી ઢબની સાડી પહેરવાનું વલણ વિકસેલું જોવા મળે છે. રંગબેરંગી સાડીઓ પહેરેલા વધારે આકર્ષક લાગે છે. યુવાન છોકરીઓ ચૂડીદાર, પંજાબી, ડ્રેસ પહેરવા લાગી છે.

આમ, એકંદરે જોઈએ તો આધુનિકતાના સમયની સાથે પહેરવેશમાં પરિવર્તન આવતું જોવા મળે છે.

★ ***શૃંગાર :-***

ચૌધરી સમાજમાં સ્ત્રીઓ અને પુરુષો ઘરેણાં પહેરવાના ઘણા શોખીન હોય છે. પુરુષો કાનમાં ચાંદીની 'કીકરી' હાથમાં કડું તથા કમરે કંદોરો પહેરે છે. સ્ત્રીઓ ગળામાં લગ્નના પ્રતીક તરીકે કાળા મણકાની 'ગાંઠી' પહેરે છે. ઘણી વૃદ્ધ સ્ત્રીઓ કિડિયાની માળાઓ ચાંદીની સેર રૂપિયાનો હાર, હાંસડી વગેરે પહેરતી હોય છે. કાનમાં બુટ્ટીવાળી કે એરિંગ પહેરવાની શોખીન હોય છે. કાંડે કડું તથા હાથે રૂપા કે પિત્તળનાં અને કાંસાના અને ચાંદીના સાંકળા કે રૂપાના ઘરેણાં પહેરે છે. શિક્ષિત વર્ગમાં કાચની બંગડી કે પ્લાસ્ટીકની બંગડીઓ તથા કાને એરિંગ કે સોનાની કે ચાંદીની બુટ્ટી પહેરે છે. પરણેલી સ્ત્રીઓના ગળામાં સોનાનું મંગળસૂત્ર કે ચાંદીનું મંગળસૂત્ર પહેરે છે. જોડે ચાંદી કે સોનાની ચેન પણ પહેરતા હોય છે. જુવાન સ્ત્રીઓ આંખમાં મેશ, પાઉડર, ચાંલ્લો વગેરે લગાવે છે. પરણેલી સ્ત્રીઓમાં પાંથીમાં કંકુ પૂરવાનું વલણ વિશેષ જોવા મળે છે. લગ્નપ્રસંગ અનુસાર ખૂબ તૈયાર થતા હોય છે. ચૌધરી સ્ત્રીઓમાં સૌથી વધારે ઘરેણાં ચાંદીના જોવા મળે છે. પહેલાંના સમયમાં ઘરડી સ્ત્રીઓ ચોટલા સાથે ચાંદીનું 'ગોફણ' બાંધતી હતી અને માથામાં ચાંદીના ચાપ (પીન) લગાડતા હતા અને નાયલોનની રંગબેરંગી રિબીનો ચોટલાએ બાંધતા હતા. હવે રિબીનની જગ્યાએ રબ્બર નાખે છે. મોટાભાગની સ્ત્રીઓ

ખેતરમાં કે ઘરમાં કામ કરવાનું હોવાથી વાળનો અંબોળો વાળી લે છે. હવે પરિવર્તન જોવા મળે છે. વધારે પડતા ખોટા ઘરેણાં પહેરતા નથી ચોક્સાઈને વધારે મહત્ત્વ આપે છે.

✶ *ખાનપાન :-*

ચૌધરી સમાજમાં પરંપરાગત રીતે ખોરાકમાં મુખ્યત્વે જુવાર, ચોખા, તુવેર અને વાલ, ચોળા, અડદની દાળ, મગ વગેરેનો ઉપયોગ થાય છે. આ ઉપરાંત ઘરઆંગણે વાડીમાં શાકભાજી ઉગાડતા હોય છે. ખાટીભાજી, રીંગણા, ડુંગળી, ટામેટા, વાલોડ, તાંદળજાની ભાજી વગેરે ખાવાલાયક શાકભાજી ઉગાડે છે. તદ્ઉપરાંત શાકભાજી કે તેલ, હળદર ખાવાલાયક ચીજવસ્તુ નજીકના શહેર કે હાટમાં જઈને લઈ આવે છે.

દરરોજ ખોરાકમાં જુવાર કે ચોખાના રોટલા, દાળ-ભાત પણ સવારમાં બનાવતા હોય છે. સાંજે રોટલા, શાક બનાવે છે. સાથે લીલાં મરચાં કે ડુંગળી ખાવાના શોખીન છે. રોજ સવારમાં જુવારના લોટની રાબ બનાવીને પીતા હોય છે. વાર-તહેવારે ચોખાના લોટને બાફીને ઢેકળા બનાવતા હોય છે. ડુંગળી બટાટાનું શાક કે તુવેરની દાળ બનાવતા હોય છે. જે લોકો ચીકન કે મટન ખાતા હોય તેઓ તેનું શાક બનાવે છે.

હવે આ સમાજમાં ખાનપાનમાં ઘણો સુધારો જોવા મળે છે. મોટભાગના લોકો ખાવાપીવામાં ચોક્સાઈ રાખે છે. પૂરી, શાક, ભજિયા, શીખંડ વગેરે બનાવીને વારે તહેવારે ખાતા હોય છે.

આમ, ખાવાની બાબતમાં કરકસર કરતા નથી સ્વાદ અનુસાર શાક તળેલી વાનગીઓ બનાવવાની અભિરૂચિ વધેલી દેખાય છે. ઘઉંનો વપરાશ વધ્યો છે. સવારમાં રોટલી કે ભાખરી બનાવે છે. સામાન્ય રીતે આ સમાજમાં દૂધ કે ઘીનો ઉપયોગ ઓછા પ્રમાણમાં થતો હોય છે. તે ઉપરાંત મજૂરી ન મળે તેવા સમયે માછલાં પકડવા પણ જતા રહે છે. થોડુઘણું ભણેલા ગામના યુવાનો હમણાં હીરા ઘસવાના વ્યવસાય તરફ વળેલા દેખાય છે. એમાં પણ હવે મંદી હોવાથી ઘણા યુવાનો સુરત શહેરમાં કામધંધો શોધવા માટે જતા રહે છે. ઘણાં કુટુંબો રાહત દરે મળતી લોન લઈને ભેંસ અને ગાય લાવી દૂધ સહકારી મંડળીમાં ભરે છે અને લોનના પૈસા વસૂલ કરે છે. આમ ઘર ખર્ચના પૈસા મેળવી શકે છે.

* ***ધાર્મિક જીવન :-***

ચૌધરી સમાજ અન્ય આદિમજાતિઓની માફક પ્રાકૃતિક સૌંદર્યની વચ્ચે કુદરતને ખોળે જીવન વિતાવે છે. તેનાથી તેમના ધાર્મિક જીવન પર પ્રકૃતિની ઘેરી અસર છે. જંગલો અને ગ્રામ વિસ્તારોમાં રહેતી આ પ્રજાએ જંગલનાં હિંસક પશુઓ તથા કુદરતી આફતોથી ઉગરવા દેવ પૂજાનું સર્જન કર્યું. તેઓ તેમના દેવ-દેવતાઓ ઉપર અખૂટ શ્રદ્ધા ધરાવે છે. આ દેવી-દેવતાઓના મંદિરો જોવા મળતાં નથી. એમના દેવ-દેવીઓના સ્થાન ગામના પાદરે, જંગલની ઝાડીમાં, પર્વતની બખોલમાં, પર્વતના શિખરે, નદીકિનારે કે ઝાડના થડમાં હોય છે. આ સ્થળો તેમનાં પવિત્ર સ્થળો છે.

- ***દેવ-દેવીઓ :-***

ચૌધરી સમાજમાં દેવ-દેવીઓનું ખૂબ જ દિલોજાનથી મગ્ન બની પૂજા માટે બેબાકળા બનતા તેઓ તન-મન-ધનથી સર્વસ્વ લૂંટાવી પૂજા-અર્ચના કરે છે. જુદી જુદી મુશ્કેલી માટે માનતા માનતા હોય છે. દેવ-દેવીઓ પોતાના ઉપર ઉપકાર કરે અને કામો સરળ અને સફળ બને તે માટે ખાસ દેવ-દેવીઓને માને છે. ગામમાં કોઈપણ મુશ્કેલી ન આવે કે કોઈ આફત ન આવે તેના માટે લોકો ભેગા થઈ દેવ પૂજવા જાય છે. તેને 'દરખી' કહેવામાં આવે છે. દેવોની પૂજા કરીને ગામને માથેથી મોટી આફત ટાળી શકાતી હોવાની માન્યતાઓ ધરાવે છે. તેમના આ દેવ-દેવીઓ વિવિધ કાર્યો માટેનાં હોય છે.

- ***મંત્ર-તંત્ર અને ભગત :-***

આ સમાજમાં ભગત નિઃસ્વાર્થ સામાજિક સેવક છે. તેની ગમે ત્યારે, ગમે ત્યાં દુઃખ દર્દ માટે મદદ માગવામાં આવે તો ગમે તે કામ છોડીને મદદ માટે આવવા તૈયાર થઈ જાય છે. ધર્મને લગતી તમામ બાબતોમાં સલાહ સૂચન અને માર્ગદર્શન આપે છે. આમ ચૌધરી સમાજની સર્વે ધાર્મિક ક્રિયાઓમાં ભગત કેન્દ્રસ્થાને જોવા મળે છે.

- ***પ્રાકૃતિક દેવો :-***

સૂર્ય, ચંદ્ર, ધરતી, દરિયો, વીજળી, મેઘ, હિમાર્યદિવ, આહિન્દાડોગાર, પાંઢરમાતા, કાળાકાકર, દેવલીમાડી, ભેંડોતળાવ, કાંગરીવેલ, બણબોદેવ વગેરે દેવોને માનવામાં આવે છે.

* ***ખેતી અને પશુના દેવો :-***

ગોવાળદેવ, નાંદરવોદેવ, દુધિયોદેવ, કંસરીદેવી, વાઘદેવ, મગરદેવ, ભેંસધરો, દૂધમોગરા, મોટા મોગરા વગેરે.

* ***માણસોના રોગો માટેના દેવો :-***

ઊનાઈ માતા, મરકી માતા, કાક બળિયો, આગાહીમાતા, ગોળીગઢ, ડેબરી દેવી વગરે.

* ***હિન્દુ દેવ-દેવીઓ :-***

તેઓ કેટલાક હિન્દુ દેવ-દેવીઓને પણ પૂજે છે. જેમાં મુખ્યત્વે ભવાનીમાતા, કૃષ્ણ ભગવાન, હનુમાન દાદા, રામ-સીતા, શંકર-પાર્વતી, કાળિકા માતા વગેરે દેવોનો સમાવેશ થાય છે.

ચૌધરી સમાજમાં ધાર્મિક જીવન વિવિધતાવાળું છે. તેમના દેવ-દેવીઓના સ્વરૂપો, પિતૃપૂજાના ખ્યાલો, વિધિઓ, ભૂતપ્રેત તથા મંત્ર-તંત્ર અને ભગતનું સ્વરૂપ વગેરે કેટલાક મૂળભૂત માન્યતાઓના પાયા ઉપર વિકાસ પામેલા દેખાય છે. આજે તેમની ધાર્મિક માન્યતામાં શિક્ષણના વિકાસને લીધે ઘણું પરિવર્તન જોવા મળે છે.

* ***લગ્નપ્રથા :-***

ચૌધરી સમાજમાં સામાન્ય રીતે પુરુષ કે સ્ત્રી જ્યારે પુખ્તવયમાં પ્રવેશ કરે ત્યારે લગ્ન કરે છે. લગ્નસંબંધ ઊભા કરનાર એક વચેટીયો માણસ હોય છે એને 'માઝી' તરીકે ઓળખવામાં આવે છે. સામાન્ય રીતે લગ્નની ઉંમર ૧૮, ૨૦ કે ૨૨ વર્ષની હોય છે. લગ્ન સંબંધ નક્કી કરતી વખતે વર-કન્યાના કુળ, ગૂઢા, રૂપ, ખાનદાની, શરીરનો બાંધો, કામની કુશળતા વગેરે જોવામાં આવે છે. વરપક્ષની માંગણી જો કન્યા પક્ષ સ્વીકારે તો જ લગ્ન સંબંધ જોડાય છે.

* ***વર-કન્યાની પસંદગી :-***

ચૌધરી સમાજમાં વર-કન્યાની પસંદગી વડીલો કરતા હોય છે. પહેલાંના જમાનામાં યુવક યુવતીઓ ખેતર કે સીમમાં - ગામ કે પરગામ અથવા હાટ-મેળામાં જતાં આવતાં કોઈ ઉત્સવ પ્રસંગે ભેગા મળતાં અને આવા પ્રસંગે નાચગાનનો કાર્યક્રમ તો હોય જ એટલે છોકરા-

છોકરીઓ આ પ્રસંગે નાચગાનમાં ભેગાં મળી નાચતાં હોય છે. ક્યારેક એમાંથી એકબીજા પ્રત્યે સ્નેહભાવ કે આકર્ષણ પણ થઈ જતું, એકબીજા સાથે પ્રેમસંબંધ બંધાઈ જતો. આજે એવું નથી મા-બાપ કે વડીલોની સંમતિથી લગ્ન થાય છે. છોકરા-છોકરીને મનપસંદ પાત્ર જોડે લગ્ન કરવા હોય તો પણ મા-બાપ કે વડીલોની સલાહ લેવી પડે છે. નહિંતર સમાજમાં એમનું સ્થાન ગૌણ બની જાય છે.

ચૌધરી સમાજમાં હવે ભણતર વધ્યું હોવાથી શહેરીકરણ થતાં અનુકરણ કરવા લાગી છે. હવે તો એમની મૂળ વિશિષ્ટતા અલોપ થવા લાગી છે. આ સમાજ આંતરજાતીય લગ્ન કરવા જલદી તૈયાર થતા નથી બને ત્યાં સુધી આ સમાજ પોતાની જાતિમાં જ લગ્ન કરે છે. આ પ્રજા જીવનસાથીની પસંદગીમાં પરણનારની પસંદગીનું મહત્ત્વ ઘણું જોવા મળે છે. આ સમાજમાં ખંધાડ (ઘરજમાઈ) લગ્નપ્રથા પણ છે.

- ***ઘરજણી ખાવી :-***

આ સમાજમાં કન્યા પક્ષ તરફથી વરનું ઘર જોવા જવાનો રિવાજ છે. વર-કન્યાની પસંદગી થઈ જાય પછી વરનું ઘર જોવા કન્યા પક્ષના વડીલો જાય છે. એને (ખરજીની ખાવી) કહેવામાં આવે છે. છોકરાનું ઘરબાર કેવું છે. ગામમાં એનો વ્યવહાર બધાં માણસો જોડે હળતો મળતો છે કે કેમ તે પણ સગા-સંબંધી જોડે જાણે છે. છોકરાના કોઈ અન્ય છોકરી જોડે આળા સંબંધ તો નથીને આ બધી વિગતો જાણ્યા પછી જ દહેજ આપવાનો દિવસ નક્કી કરવામાં આવે છે. દહેજ માં ૪૫ રૂપિયા સાસુને આપવાનો રિવાજ છે. ઘણાં પરિવારમાં કન્યાને કન્યાદાનમાં આપે છે એટલે કે દહેજના રૂપિયા લેતા નથી. છોકરા છોકરીની સગાઈ નક્કી કરવામાં આવે છે. હવે ખાસ આ સમાજમાં પરિવર્તન આવી ગયું છે. એને કારણે ઘર જોવા જવાનો રિવાજ ધીમેધીમે બંધ થતો જાય છે. પરંતુ અંતરિયાળ ગામડાઓમાં હજુ પણ આ રિવાજ ચાલે છે.

- ***સગાઈ :-***

આ સમાજમાં વર-કન્યાની ગમતા-ગમતી થયા પછી સગાઈનો દિવસ નક્કી કરવામાં આવે છે. સગાઈના દિવસે વરપક્ષના માણસો કન્યાને ઘરે જાય છે બંને પક્ષના વડીલો દહેજ કેટલું લેવું, ઘરેણાં કયાં કયાં આપવા ? વાજિંત્રો કયાં રાખવા વગેરે બાબતોનો પાકો નિર્ણય

વડીલો તે જ દિવસે નક્કી કરે છે. ત્યાર પછી સગાઈની વિધિ કરવામાં આવે છે. આ સમયે ગામનાં સ્નેહીઓ તથા બીજા માણસો પણ ભેગા થાય છે. વર અને કન્યાના સગા-સંબંધી ભેગા થાય છે. બંને પક્ષના વડીલો ખાખરાના પાંદડાંમાં ખાંડનું પાણી લે છે. પછી સગાઈ કરનાર એવું જાહેર કરે છે કે આ મીઠું પાણી લઈને આજથી અમે તમારી સગાઈ સંબંધ જોડીએ છીએ ત્યાર પછી વર તથા કન્યાને બધાની વચ્ચે પાટલા ઉપર સામસામા ઊભા રાખવામાં આવે છે. બંને એકબીજાને વધાવી ચાંલ્લો કરે છે અને બંને એકબીજાને અરસપરસ હાર પહેરાવીને ગોળદાણા ખવડાવી મીઠું મોઢું કરાવે છે. હંમેશાં વર-કન્યાના જીવનમાં મીઠાશ રહે એવી અપેક્ષા રાખવામાં આવે છે. વર-કન્યાને સાડીના ખોળામાં શ્રીફળ-સવાશેર સાકર (ખાંડ) તથા સવા રૂપિયો આપવાનો રિવાજ છે. આ સમયે વર-કન્યા બંને પક્ષોની બહેનો ગીતો ગાય છે. કન્યા પક્ષની બહેનો વર પાસે ગીત ગાવાના દશ રૂપિયા રીત પ્રમાણે માગે છે ત્યાર પછી જ બધાને ગોળદાણા વહેંચવામાં આવે છે. આ સગાઈ વિધિથી વર-કન્યા એકબીજાના ઘરે જઈ શકે છે.

- ***પલ્લું (દહેજ) પેઠણ :-***

વર-કન્યાની પસંદગી પછી સગાઈ કરવામાં આવે છે. સગાઈ પછી વરપક્ષના માણસો કન્યાને ત્યાં દહેજ આપવા માટે જાય છે ત્યારે બંને પક્ષના વડીલો ખાંડણિયા ઉપર બેસે છે. પછી એક થાળીમાં વરના પિતા પૈસા મૂકી થાળીને ચાંલ્લો કરે છે. દહેજની રકમ રૂ. ૪૫ અને ૨૫ પૈસા નક્કી જ છે ત્યાર બાદ આ થાળીને ચારે બાજુ પકડી વડીલો ઊભા થાય છે. આ સમયે બે જણ ઘરની બહાર જવાનો પ્રયત્ન કરે છે. અને બે જણ ઘરની અંદર જવાનો પ્રયત્ન કરે છે. આખરે ચાર જણ ઘરમાં જાય છે. આનો સામાન્ય અર્થ એ કે આપણા જીવનમાં એવી કેટલીય મુશ્કેલીની પળો આવશે અને નજીવી બાબતમાં મતભેદ ઊભા થશે પરંતુ એવી સામાન્ય બાબતોને ન ગણકારતાં એકમત થઈ સમજીને સંપીને રહેવું જોઈએ એવો મતલબ થાય છે. બંને પક્ષના વડીલો લગ્ન માટે દિવસ નક્કી કરવા મૂહુર્ત જોવરાવે છે. લગ્નનો દિવસ નક્કી થતાં ચોખા અને હળદરને મિશ્ર કરી સગા-સંબંધીઓને અને આમંત્રિતોને મોકલવામાં આવે છે. ધનવાન કે મધ્યમવર્ગના હોય તો પૈસાની સગવડ કરી કંકોત્રી છપાવે છે અને સગા-સંબંધીઓને

મોકલાવે છે. હવે તો સામાન્ય ઘરના માણસો પણ કંકોત્રી સગા-સંબંધીઓને મોકલી આમંત્રણ પાઠવે છે.

- ***મંડપ મુહૂર્ત :-***

લગ્ન માટે મંડપ તૈયાર કરવામાં આવે છે. મંડપ મુહૂર્તને દિવસે સવારે સાત વાગે ગામના આગેવાનો તેમજ વડીલો ભેગા થાય છે. ચાર થાંભલાથી માંડીને બાર થાંભલાનો મંડપ બનાવવામાં આવે છે. પરિસ્થિતિ અનુસાર મંડપને શણગારવામાં આવે છે. પ્રથમ મુહૂર્તનો થાંભલો રોપવામાં આવે છે. થાંભલા ઉપર કંકુ અને હળદરના કાપા પાડવામાં આવે છે. જ્યાં થાંભલો દાટવાનો હોય તે ખાડામાં ચાર આના કે સવારૂપિયો નાખવામાં આવે છે. મંડપ તૈયાર કરતી વખતે મંગળગીતો ગવાય છે. મંડપ ઉપર જાંબુની ડાળીઓ નાખવામાં આવે છે. આખા ગામના પુરુષો અને સગા-સંબંધી મદદ માટે આવી જાય છે. મંડપ તૈયાર થયા પછી બધા પુરુષો ચા-પાણી કરતા હોય છે. જે પુરુષો દારૂ પીતા હોય તેમને દારૂ લાવીને પીવડાવવો પડે છે. લગ્નપ્રસંગ પૂરો થાય ત્યાં સુધી ગામના વડીલો મદદમાં રહેતા હોય છે. મંડપના ચાર થાંભલા રોપવામાં આવે છે. તેમની ફરતે કેળનાં પાન લગાડવામાં આવે છે જે સુંદરતામાં વધારો કરે છે. મંડપના વચ્ચોવચ્ચ ચાદરના વચ્ચે નાળિયેર રાખીને બાંધવામાં આવે છે.

ચૌધરી સમાજમાં શિક્ષણનું પ્રમાણ વધવાથી મોટેભાગે તૈયાર મંડપ મંગાવતા હોય છે. પચરંગી કાગળના તોરણ બનાવીને બાંધવામાં આવે છે.

- ***પીઠી ચડાવવી (પીઠી લગાવવી) : -***

મંડપને દિવસ વર કે કન્યાને પીઠી લગાવવામાં આવે છે આને પીઠી ચોળવી પણ કહેવામાં આવે છે. પીઠી લગાવતી વખતે ગીતો ગવાય છે. બીજી બાજુ વાજિંત્રો વાગે અને સર્વત્ર ઉત્સાહનું વાતાવરણ જોવા મળે છે. વર કે કન્યાને તેની ભાભી પીઠી લગાવે છે. પીઠી લગાડતી વખતે વધામણાં લેવાય છે. પીઠી લગાડવા માટે પ્રથમ બે છોકરા અને બે છોકરીઓના હાથે ઉમરાના પાન અને આંબાના પાનમાં પીઠી મૂકી માથેથી પગ સુધી પીઠી લગાવતા હોય છે. આંખમાં કાજળનું અંજન અને કપાળે ચાંલ્લો પણ કરવામાં આવે છે.

- ***વાજિંત્રો :-***

ચૌધરી સમાજમાં પહેલાનાં વખતમાં લગ્ન સમયે માત્ર ડોબરું વગાડતા અને એની સાથે ભાઈબહેનો નાચતાં નાચતાં વિવિધ પ્રકારનાં ગીતો ગાતાં હોય છે. ડોબરું વગાડનાર વિવિધ ચાલો દ્વારા પોતાના વિચારો દર્શાવી શકતો. પરંતુ હવે એ વાજિંત્રોનો વિશેષ ઉપયોગ કરવામાં આવતો નથી. જેમ જેમ શિક્ષણ વધતું ગયું તેમ તેમ સામાજિક ક્ષેત્રે જ સુધારાવધારા થતા ગયા. તેને લીધે એની અસલી પ્રથા અને સંસ્કૃતિનો હ્રાસ થવા માંડ્યો. અત્યારના ભણેલા અને સંસ્કારી યુવક - યુવતીઓના લગ્ન વખતે આ વાજિંત્રો લાવવામાં આવતાં નથી. લાઉડસ્પીકર પણ વગાડવામાં આવે છે. વાજિંત્રોમાં ડોબરું, ટારપું, બેન્ડવાજા, મસાક વગેરે વાજિંત્રોને મહત્ત્વ આપવામાં આવે છે. હવે તો સમય અનુસાર નવા આધુનિક વાજિંત્રોનો ઉપયોગ વિશેષ પ્રમાણમાં થાય છે જે ખર્ચાળ હોય છે છતાં લોકો પૈસા ખર્ચી જાણે છે.

- ***જાન :-***

વરરાજા પરણવા માટે કન્યાને ઘરે જાન લઈને જાય છે. પહેલાના સમયમાં જાન ગાલ્લી (ગાડા)માં જતી. ચાર કે પાંચ ગાડાં પસંદ કરવામાં આવતાં જેમાં વરરાજાના ગાડાને વધારે શણગારવામાં આવતાં. જેથી બધાને ખ્યાલ આવી જાય છે કે વરરાજાનું ગાડું આગળ ચાલે છે. બીજા નંબરના ગાડામાં ગીતો ગાવાવાળી બહેનો બેસે છે. જેથી આજુબાજુવાળા ગામડાંઓને ખબર પડે કે જાનૈયા જઈ રહ્યા છે. સમય અનુસાર પરિવર્તન આવ્યું છે. હવે વરરાજા માટે ટેક્ષી ભાડે કરે છે અને જાનૈયાઓ માટે બે ટ્રક ભાડે કરતા હોય છે. એકમાં બહેનો અને બીજા ટ્રકમાં ભાઈઓ બેસતા હોય છે. જાન નીકળતાં પહેલાં વરના ઘરે જાનૈયા બધા ભોજન કરીને જાય છે. ભોજનમાં દાળ-ભાત, શાક અને લાપસી બનાવવામાં આવે છે. જાનૈયા કન્યાને ઘરે જવા નીકળે છે ત્યારે જ્યાં દેવસ્થાનો કે જળાશયો આવે ત્યાં વરરાજા દેવને પગે લાગે છે. પગે લાગતી વખતે સવા રૂપિયો કે શ્રીફળ મૂકવામાં આવે છે. રસ્તામાં આવતી નદીમાં ચોખા નાખી ચાનું પાણી થોડું નાખવામાં આવે છે. કન્યાને ઘરે જાન આવે પછી થોડે દૂર જાનૈયાનો મુકામ પડાવ અપાય છે. તેને ઉતારો કે જાનીવાળા પણ કહેવામાં આવે છે. વર-કન્યાના બંને પક્ષના

વાજિંત્રો અને ગીતોની રમઝટ જામે છે. ત્યારબાદ વરને કલવો ખવડાવવા કન્યા પક્ષ તરફથી આવે છે. આ વિધિ સાસુ કરે છે તેને કલવો ખવડાવવો એવું કહેવામાં આવે છે.

લગ્નવિધિ પહેલાના સમયમાં લોકો લગ્નવિધિ જાતે જ કરી લેતા. ચોરીની આસપાસ અથવા ચૂલાની આસપાસ સાત ફેરા ફરી એકબીજાને ચા પીવડાવતા એટલે લગ્નની વિધિ પૂર્ણ થતી. હવે તો મહારાજ દ્વારા વિધિ પ્રમાણે લગ્નો થાય છે. લગ્નવિધિ પૂરી થયા પછી કન્યાને કન્યાદાન કરાય છે ને અંતે કન્યાને વિદાય આપવામાં આવે છે. ત્યારે આખા ગામના લોકો ભેગા થઈને વિદાય આપે છે.

- *મૃત્યુ :-*

ચૌધરી સમાજમાં માણસનું મરણ નજીક લાગે ત્યારે તેને ખાંડણિયા પર સુવડાવવામાં આવે છે. મરણ પામ્યા પછી પણ તેને ત્યાંથી ખસેડતા નથી. ત્યાંના ત્યાં જ સુવડાવી રાખવામાં આવે છે. આ મરણ પ્રસંગે બધા જ વડીલો સ્ત્રી-પુરુષો ભેગા થાય છે. સંપ અને સહકારથી સૌ કુટુંબની પડખે ઊભા રહી સહાનુભૂતિ પૂરી પાડે છે. મરણ થયું હોય ત્યારે ગામમાં કોઈપણ શુભ પ્રવૃત્તિ થતી નથી. સ્મશાનયાત્રા પહેલાં મૃતદેહને સ્નાન કરાવવામાં આવે છે. નવાં કપડાં પહેરાવી તૈયાર કરવામાં આવે છે. પછી વાંસની ઠાઠડીમાં સુવડાવવામાં આવે છે. મરનાર માણસને એની રોજબરોજની જરૂરી સાધનસામગ્રી પણ આપવામાં આવે છે. સ્મશાનયાત્રા નીકળે છે એમાં સૌથી આગળ મરનારના નિકટના સંબંધીઓ અને કુટુંબીજનો રહે છે. પિતા મૃત્યુ પામ્યા હોય તો દીકરાના હાથમાં હાંડી હોય છે જેમાં અગ્નિ હોય છે. સ્ત્રીઓ તો માત્ર વિસામા સુધી જ જાય છે. ત્યાં સ્ત્રીઓની વિધિ હોય છે તે વિધિ પતાવીને નદીએ ન્હાવા જાય છે. ત્યાં પણ વિધિ કરવાની હોય છે. સાંજે મરનારને ત્યાં વડીલો ભેગા થાય છે ને ખતરું કે બારમું ક્યારે રાખવાનું તેની ચર્ચા કરીને દિવસ નક્કી કરે છે તેને ગોઠ કહેવામાં આવે છે.

ચાર-પાંચ દિવસ પછી ખતરું કરવામાં આવે છે. જેમાં ખૂમટા પથ્થર મૂકવામાં આવે છે. જેમાં એવું સ્વીકારવામાં આવે છે કે મરનારનો જીવ પથ્થરમાં આવી જાય છે. પછી કોઈપણ ચોક્કસ નક્કી કરેલી જગ્યાએ આ પથ્થરને ગોઠવી દેવામાં આવે છે. એ પથ્થરની સામે દારૂ અને ચાની ચડાવવામાં આવે છે આ બધી વિધિ પૂરી થાય છે.

- *જાતિપંચ :-*

આ સમાજમાં જાતિપંચ બરાબર ચાલે છે. જાતિપંચો દ્વારા સમાજને નિયંત્રણમાં રાખવા માટે બનાવે છે. ક્યાં ક્યાં કાર્યો કરવાં અથવા કયાં કાર્યો ન કરવાં એ આ સમાજના આગેવાનો દ્વારા જાતિપંચ સમિતિ નક્કી કરે છે. જાતિપંચના આગેવાનો જે કહે તે જ બંધારણ માની કાર્યો થતાં હોય છે.

પંચ જે ન્યાય આપે તેને અંતિમ ન્યાય માનવામાં આવે છે. આ ન્યાયની કોઈ અવગણના કરી શકતો નથી. જો કોઈ અવગણના કરે તો પંચ તેને જ્ઞાતિ બહાર મૂકે છે. આદિવાસીઓમાં જ્ઞાતિ બહાર મૂકવાની સજાને મહાન ભયંકર સજા માનવામાં આવે છે. પંચ ગુનેગારને તેનો ગુન્હો જોઈને તેની આર્થિક સ્થિતિ પ્રમાણે દંડ કરતા હોય છે. પંચના માણસો ઘણીવાર ગુનેગારને તેનાં હાડકાં તૂટી જાય ત્યાં સુધી મારતા હોય છે. ક્યારેક દંડ કરવામાં આવે તો ૫૦ રૂપિયા કે ૧૦૦ રૂપિયા સુધીનો દંડ કરે છે. એ પૈસાથી પંચના વડીલો દારૂ પીતા હોય છે.

આ સમાજના પંચની બેઠક ખાસ કરીને કોઈ મુખ્ય સભ્ય હોય જેવા કે સરપંચ કે ગામનો મુખીને ત્યાં ભેગા થતા હોય છે. ગામનો પ્રશ્નો હોય તો ફળિયાના મેદાનમાં ભેગા થતા હોય છે. આ બેઠકમાં ફરિયાદી તેમજ આરોપી બંનેને બોલાવવામાં આવે છે. પંચ આગળ કોઈપણ સંકોચ વિના પ્રશ્ન રજૂ કરે છે ને જાતિપંચ ન્યાય કરે તેને છેલ્લો ન્યાય માની લે છે. હવે પછી ફરી એની કોઈ ફરિયાદ ન આવવી જોઈએ એવી માન્યતા ધરાવે છે.

ગામના ઝઘડા, રીતરિવાજો તેમાંયે સગાઈ, લગ્ન, છૂટાછેડા, પુનઃલગ્ન, મુત્યુ બાદના રિવાજો વગેરે બાબતોના પ્રશ્નો ઊભા થાય તો તે જાતિપંચ તેનું નિરાકરણ કરતા હોય છે.

## પ્રકરણ-૪
# લોકગીતનું સાહિત્યસ્વરૂપ

**પ્રસ્તાવના :**

સાહિત્ય માનવની લાગણીઓ, સંવેદનાઓ અને અનુભૂતિઓ સાથે ગાઢ રીતે સંકળાયેલું છે. સાહિત્ય માત્રમાં માનવભાવોનું નિરૂપણ સર્વત્ર જોવા મળે છે. આ સાહિત્યનું નિર્માણ વ્યક્તિગત રીતે અને સમૂહ દ્વારા પણ થતું હોય છે. એટલે કે સાહિત્યની બે પરંપરાઓ કે વિશેષ ધારાઓ છે. (૧) લોકસાહિત્ય અને (૨) શિષ્ટસાહિત્ય. લોકસાહિત્ય સવિશેષપણે સમાજના સામાન્ય લોકો વડે, તેમની જ લોકબોલીમાં અને ગ્રામીણલોકોમાં જોવા મળતા જીવનભાવોનું પ્રતિબિંબ ઝીલે છે. આ લોકસાહિત્ય સામાન્ય નિરક્ષર લોકને પણ સ્પર્શતું હોવાને કારણે તેનું પ્રવર્તન અને પ્રચાર-પ્રસાર કંઠોપકંઠ થયેલો છે. લોકોના કંઠે તે પરંપરાથી સતત જળવાતું રહ્યું છે. જોકે હવેના સમયમાં આ લોકસાહિત્ય વિશે પણ ખાસ્સો અભ્યાસ થવા લાગ્યો અને તે બધું પુસ્તકોમાં સચવાવા લાગ્યું છે.

લોકસાહિત્યમાં લોકોના રોજિંદા જીવનના આનંદ, ઉલ્લાસ, દુઃખ, આશા, નિરાશા, પ્રેમ, શૌર્ય અને હર્ષ-શોક જેવા ભાવોનું પ્રગટીકરણ સ્વાભાવિક રૂપમાં થતું હોય છે. કોઈપણ પ્રદેશ-વિસ્તાર, જાતિ, વય-જૂથ કે ભાષાને તનું આગવું લોકસાહિત્ય હોય જ છે. અભણ ગણાતો અને જંગલોમાં વસતો આદિવાસી સમૂહ હોય તો પણ તેમતે તેમનું આગવું લૌકિક ભાવનાઓ પ્રગટાવતું લોકસાહિત્ય તો અવશ્ય જોવા મળે જ છે. લોકસાહિત્યને વ્યાખ્યા કે તેની વિભાવનાના સંદર્ભે ઓળખવું હોય તો એમ કહી શકાય કે, 'લોકસાહિત્ય એટલે લોકો દ્વારા, લોકો માટે અને લોકબોલીઓમાં રચાયેલું તથા લોકસંસ્કૃતિ અને લોકના જીવનસંવેદનો સાથે સંકળાયેલું એવું સાહિત્ય. જેમાં પરંપરાગતતા અને મૌખિક પરંપરા પણ ખાસ જોડાયેલાં છે.' લોકસાહિત્ય જે તે પ્રદેશ કે સમાજના લોકના જીવનની તમામ અવસ્થાઓ સાથે જન્મથી લઈને મૃત્યુ સુધીના વિવિધ અવસરો સાથે પ્રગાઢપણે જોડાયેલું છે. આવા લોકસાહિત્યનો અભ્યાસની સરળતા ખાતર તેના ચાર પ્રકારોમાં વિભાજીત કરવામાં આવેલું છે. જેમ કે; (૧) લોકોક્તિ (૨)

લોકકવિતા (૩) લોકવાર્તા (૪) લોકનાટ્ય. આ ચાર પ્રકારોમાં લોકકવિતાનો પ્રચાર-પ્રસાર, પ્રતિષ્ઠા અને લોકપ્રિયતા સવિશેષ છે.

લોકકવિતામાં ગરબા-ગરબી, રાસ-રાસા, હાલરડાં, લગ્નગીતો, પદો-ભજનો, રાજિયા-મરશિયાં જેવાં લોકગીતોનો સમાવેશ થાય છે. સરળ મધુર ઢાળોમાં રચાતાં તથા માનવ લાગણીઓને આકર્ષક રીતે નિરૂપતાં આ લોકગીતોમાં રોજિંદા જીવનમાંથી લેવાયેલાં, વાસ્તવિક, તાદૃશ્ય, ચિત્રાત્મક ભાવસંવેદનો અલંકાર-પ્રતીક અને કલ્પનની પ્રયુક્તિઓથી રજૂ થાય છે. એટલે લોકસાહિત્યમાં લોકગીતનું સ્થાન અનન્ય છે. લોકગીતને આપણે લોકજીવનની જન્મોત્રી કહી શકીએ છીએ. લોકગીતના લોકજીવનની સૌરભ, જીવન વિકાસનો પાયો, આનંદ, આશા, ઉલ્લાસ, વેદના, સદાચાર તથા રીતરિવાજોનું ચિંતન જેવો જીવનનો સ્ત્રોત વહેતો ભળાય છે. લોકગીતનો વ્યાપ વિશાળ, અગાધ અને વિપુલ છે.

**લોકગીતની સંજ્ઞા-વિભાવના :**

લોકગીત-નામાભિધાન સંદર્ભે સુંદર છણાવટ ખોડીદાસ પરમારના 'ગુજરાતનાં લોકગીતો' પુસ્તકમાં જોવા મળે છે. દા.ત. "ગુજરાતની સ્ત્રીઓમાં મુખપાટીએ ગવાતાં કંઠસ્થ ગીતોનું 'લોકગીત' નામાભિધાન શ્રી રણજિતરામ વાવાભાઈએ ઈ.સ.૧૯૦૫ની પ્રથમ ગુજરાતી સાહિત્ય પરિષદમાં આપ્યું. તેમણે 'Folk-Song' ઉપરથી 'લોકગીત'એ શબ્દપ્રયોગ પ્રથમ ગુજરાતી સાહિત્ય પરિષદમાં વાંચેલા નિબંધમાં કર્યો. તે પછી 'લોકગીત' એ શબ્દપ્રયોગ કંઠસ્થ મુખપાટીના ગીત માટે પ્રયોજાવો શરૂ થયો. સર્વશ્રી ઝવેરચંદ મેઘાણી, ગોકુલદાસ રાયચુરા, જયમલ્લ પરમાર વગેરેએ કંઠસ્થ પદ્ય-ગીત સાહિત્ય માટે 'લોકગીત' એ શબ્દ સ્વીકારી લીધો અને મુખપાટીના ગીત, પરિચય કે વિવેચન માટે 'લોકગીત' શબ્દને રૂઢ બનાવી દીધો. હવે તો કંઠસ્થ મુખપાટીના તળપદ દેશજ ગીતના પર્યાય તરીકે 'લોકગીત' નામ પ્રયોજાતું રહી, છેલ્લાં ૭૫ વર્ષમાં ચલણી સ્વરૂપે સ્વીકારાઈ ગયું છે."[૧]

પશ્ચિમના અભ્યાસીઓએ લોકગીતને માનવહૃદયમાંથી ઉદ્‌ભવેલું ને સહજભાવે સ્ફૂરેલું સંગીત કહ્યું છે. માણસ શિષ્ટ હોય કે અભણ હોય પણ એના હૃદયની ભાવનાઓને વ્યક્ત કરવાની ઈચ્છા અને ક્ષમતા એનામાં હોય જ છે. ભાવનાઓની રાગાત્મક ક્રિયા લયપૂર્ણ બનીને

ગીતનું સ્વરૂપ ધારણ કરી લે છે. લોકકંઠે જીવતું અને લોકજીભે રમતું આ લોકસાહિત્ય કાળે કાળે શાસ્ત્રોમાં, પુરાણોમાં, બૃહત્કથાઓમાં, નાટકોમાં ને નવલકથાઓ સુધી સંઘરાતું ને સ્થાન પામતું જ રહ્યું છે. લોકસાહિત્યમાં લોકગીત અને લોકકથા એવા બે મુખ્ય વિભાગો છે. લોકગીત હેઠળ હાલરડાં, બાળગીતો, વ્રતગીતો, લગ્નગીતો, મરશિયાં અને મેળા ઉત્સવાદિતા ગીતોનો સમાવેશ થાય.

શ્રી કાકાસાહેબ લોકગીત સંદર્ભે નોંધે છે કે, 'લોકગીત એ સાહિત્યનું મૂળ ધન કહેવાય, લોકવાર્તા જેમ ઈતિહાસ, પુરાણ અને નવલકથા ઈત્યાદિ અભિજાત સાહિત્યની ઉગમ છે તેમ લોકગીત એ ખંડકાવ્ય અને મહાકાવ્ય, વીણાકાવ્ય અને ચારણકાવ્ય, નાટક દરેક રસાત્મક કૃતિનું મૂળ છે.'

લોકગીતમાં લોકલય અને લોકભાષાનો પ્રયોગ હોય છે. લોકભાષાના માધ્યમ દ્વારા સ્વર અને લયના સંગીતાત્મક આવરણ સાથે સામાન્ય જનસમુદાયની ભાવાનુભૂતિને લોકગીત કહેવાય છે. માનવીની વિભિન્ન ચેષ્ટાઓ અને પરિસ્થિતિઓનું પ્રભાવપૂર્ણ ચિત્ર લોકગીતમાં વ્યક્ત થાય છે. લોકગીતમાં જન્મથી માંડીને મૃત્યુ સુધીની અનેક ઘટનાઓ શબ્દસ્થ થાય છે. એમાં ક્યારેક જીવનનો ઉલ્લાસ પણ ગવાય છે તો ક્યારેક જીવનની કરુણતા હૃદયસ્પર્શી બાનીમાં વ્યક્ત થાય છે. લોકગીતોમાં પ્રસંગ અને વિષયનું વૈવિધ્ય હોય છે એટલું જ નહીં એમાં લોકલાગણીનો હૂબહૂ પડઘો સંભળાય છે.

**લોકગીતની વ્યાખ્યાઓ :**

લોકગીતના સ્વરૂપ-લક્ષણો અને તેમાં સમાવિષ્ટ સામગ્રીને ધ્યાનમાં રાખીને કેટલાક વિદ્વાનોએ તેની વ્યાખ્યા આપવાના પ્રયાસો કર્યા છે જે નીચે મુજબ છે.

લોકસાહિત્ય અને લોકગીત આ બંનેને કેન્દ્રમાં રાખી તેની વ્યાખ્યા આપવાનો પ્રયત્ન કરતાં શ્રી કે.કા.શાસ્ત્રી કહે છે કે, "આપણી એ રૂઢ માન્યતા છે કે લોકસાહિત્ય એટલે એવું સાહિત્ય કે જે આપણા સુધી મુખ પરંપરાએ ઉતરી આવેલું છે અને જે લોકોની જીભ ઉપર જ રહેલું છે, જે જૂનું પણ હોય અને જેનો ઉગમ નવો પણ હોય-આ સાહિત્ય કોઈ એક ચોક્કસ કર્તા કે કર્તાઓની કૃતિ તરીકે જાણવામાં આવ્યું ન હોય."[2]

શ્રી જયમલ્લ પરમાર લોકગીતની વ્યાખ્યા આપતાં કહે છે કે, “જેનો કોઈ ચોક્કસ કર્તા કે કર્તાઓ નથી- જેનાં કર્તૃત્વનાં મૂળ માત્ર જનસમૂહમાં જ પથરાએલાં છે - તેવું લોકોની મુખ પરંપરાથી ચાલ્યું આવતું અથવા હાથપ્રતોમાં નોંધાયેલું સાહિત્ય તે લોકસાહિત્ય.”[૩]

જેના રચનારાએ કદી કાગળ કે કલમ પકડ્યાં નહી હોય એ રચનારાં કોણ તેની જ કોઈને ખબર નહિ હોય અને પ્રેમાનંદ કે નરસિંહ મહેતાની પૂર્વે કેટલો કાળ વીંધીને સ્વરો ચાલ્યા આવે છે તેનીયે કોઈ ભાળ નહિ લઈ શક્યું હોય. એનું નામ લોકગીત. ધરતીનાં કોઈ અંધારા પડોમાંથી વહ્યા આવતાં ઝરણાંનું મૂળ જેમ કોઈ કદાપિ શોધી શક્યું નથી. તેમ આ લોકગીતોના ઉત્પત્તિસ્થાન અણ શોધ્યાં જ રહ્યાં છે. અને તેટલી વિશેષ તાજજુબીમાં શોધકો ગરકાવ થઈ ગયાં છે. જગતના ઉત્તમ ગણાતાં કાવ્યની આછી ઘેરી રેખાઓ ધારણ કરતી આ કંઠસ્થ કૃતિઓ ઉપર કયા અથવા તો એક સમય કેટલા સર્જનહારોનો હાથ ફર્યો હશે તેની પણ ગમ આપણને પડતી નથી. શાસ્ત્રીય નિયમોની પરવાહ કર્યા વગર સામાન્ય લોકવ્યવહારના ઉપયોગ માટે માનવી પોતાના આનંદતરંગમાં જે છન્દોબધ્ધ વાણી સહજ ઉદ્ભુત કરે તેજ લોકગીત છે.

રામનરેશ ત્રિપાઠીના મતે “ગ્રામગીત પ્રકૃતિના ઉદ્ગાતા છે. એમા અલંકાર નહિ કેવળ રસ છે. છંદ નહિ કેવળ લય છે. લાલિત્ય નહિ કેવળ માધુર્ય છે.ગામડાંના સ્ત્રી-પુરુષોની વચ્ચે હ્રદય નામના આસન પર બેસીને પ્રકૃતિ ગાન કરે છે.પ્રકૃતિનું એ ગાન તે લોકગીત છે.”[૪]

સામવેદ વસ્તુસ્થિતિએ જુદો વેદ નથી. સ્વલ્પે અપવાદે ગેયતાની દૃષ્ટિએ અમુક સૂક્તો સામવેદમાં રજૂ થયા છે. જે વસ્તુસ્થિતિ એ ‘લોકગીત’ જ છે એ જાતિના રાગોમાં ગવાતાં હતાં અને લાંબા યજ્ઞ થતાં ત્યારે જ દરરોજ રાતે ગવાતાં હતા.[૫]

લોકગીતી સરલ અને સંક્ષિપ્ત વ્યાખ્યા આપવી હોય તો કદાચ આ રીતે આપી શકાય. “લોકો દ્વારા લોકોની ભાષામાં, લોકો માટે રચાયેલ લોકહૃદયને ડોલાવનાર અને તેનો પડઘો પાડનાર ગીત તે લોકગીત કહેવાય.” [૬]

લોકસાહિત્યના પદ્યસ્વરૂપોમાં સૌથી સરસ અને સૌથી વધુ પ્રચલિત છે. લોકગીતો. પ્રકૃતિને ખોળે મુક્ત સરળ, કોમળ,મધુર માર્મિક લોકબોલીમાં વેધક વ્યક્તિ મળી છે. તેમાં ઘરસંસારની વિવિધ બાજુઓ અને જીવનના વિભિન્ન અનુભવોનું તેમજ પ્રકૃતિનાં અવનવાં રૂપો

જોઈ જાગેલાં સંવેદન, કલ્પના વિચારનું નિરુપણ થયું છે. તેમાં મન-જીવનનાં આનંદ-ઉલ્લાસ, પ્રેમ-વિનોદ ઉપરાંત વેદના-ચિંતા દુઃખીનેય હૃદયવાચા મળી છે. ખાસ કરીને નારીમય જીવનનાં લાગણી, કલ્પના-વિચારનું તેમાં મર્મસ્પર્શી આલેખન થયું છે. આ લોકગીતો સરલ, મધુર, જીવંત, તળપદી લોકબોલીમાં રચાયાં છે. તે સુગેય ઢાળોમાં હોય છે તેમાં 'ટેક'ઢાળ'ની પંક્તિ (ધ્રુવપંક્તિ) વેધક હોય છે. તેમાં કોઈ કલ્પના લાગણી વિચારનું લાઘવયુક્ત સચોટ નિરૂપણ હોય છે. તો શબ્દ અને ભાવ બેઉનું માધુર્ય હોય છે. તેમ છતાં રોજિંદા જાનપદી જીવનમાંથી લેવાયેલ વાસ્તવિક અને વેધક તાજગી ભર્યો અલંકાર-કલ્પન-પ્રકૃતિઓનો વિનિયોગ થાય છે. તેમાં વર્ણન ઓછાં છતાં ચિત્રાત્મક હોય છે. પ્રેમ-કામ-યૌવન વગેરેનાં વર્ણન તેમા સૂચક રીતે વ્યજંનાત્મક રૂપમાં કેટલીકવાર પ્રતીકાત્મક રૂપમાં થાય છે તે સમુહભોગ્ય ઉર્મિગીતો છે. લોકજીવનનું તેમાં પ્રતિબિંબ પડે છે. કાંઈ સર્જક વિશેષની કશી આગવી મુદ્રા તેમાં કળાતી નથી. પેઢીઓથી આ લોકગીતો કંઠોપકંઠ ઉતરી આવ્યાં છે. ચોતરફ ફેલાય છે અને આજ સુધી જીવંત રહ્યાં છે. તેમાંનાં ઘણાં સામાન્ય લાગે છે પરંતુ કેટલાક કલાત્મક ઊર્મિગીતોના સરસ નમૂનારૂપ લાગે છે."[૭]

સામાન્ય જનસમાજમાં પ્રચલિત કર્ણોપકર્ણ ચાલી આવેલું પરંપરિત ગીત તે લોકગીત. આ સામૂહિક સ્વરૂપ છે. ઉર્મિ-કવિતાના ઘણા કવિઓ માટે આ લોકગીતો પ્રેરણારૂપ બનેલા છે.

શ્રી મેઘાણી લોકગીતની વ્યાખ્યા આ પ્રમાણે છે, "લોકભાષાના માધ્યમ દ્વારા સ્વર અને લયના સંગીતાત્મક આવરણ સાથે સામાન્ય જનસમુદાયની ભાવાનુભૂતિને લોકગીત કહે છે."[૮]

લોકગીતોની સામાન્ય વ્યાખ્યા પ્રમાણે તે મૌખિક પરંપરા છે. એમાં બહુજન સમાજની ચેતના રહેલી છે. એ અજ્ઞાત વ્યક્તિ કે વ્યક્તિઓ દ્વારા પરિવર્તન પામતાં રહી સામુદાયિક અભિવ્યક્તિનો ઘાટ પકડતા જાય છે. લોકગીત એ સંવેદન પ્રેરિત માનવહૃદયની રસાત્મક અનુભૂતિની રાગાત્મક અભિવ્યક્તિ છે.

આમ ઉપરોક્ત વ્યાખ્યાઓ પરથી જણાય છે કે લોકગીત એ તળપદ દેશજ પ્રજાનું પરંપરાથી ઉતરી આવેલું ગેય ગીત છે. તેનું કર્તૃત્વ કોઈ એકનું નહિ પણ સહિયારું છે. આ ગીતોની રચનામાં વિશેષતઃ નારી સહજ ભાવો ઉર્મિ, સરળતા, આવેગ, સંવેગ, લાગણીભર્યા

ઉન્મેષ, નિર્દોષતા જોવા મળે છે. કલ્પનાના તરંગો પણ તેમાંથી પામી શકાય છે. તે બહુધા બોલચાલની ભાષામાં રચાયેલા છે. તેથી ભાષાની દષ્ટિએ પણ તે સરળ છે. સમગ્ર જનસમૂહની સંવેદના તેમાં પ્રતિબિંબિત થતી હોવાથી તેનું વિશિષ્ટ સ્વરૂપ બંધાયેલું નજરે પડે છે.

**લોકગીતનાં લક્ષણો-સ્વરૂપ :**

લોકસાહિત્ય અને લોકગીતોનાં ઊંડા અભ્યાસી શ્રી જયમલ્લ પરમાર લોકગીતનાં લક્ષણો આ પ્રમાણે દર્શાવે છે.

૧. એના રચનારા બહુધા અજ્ઞાત હોય છે.

૨. એ સહજ અને સ્ફૂરિત હોય છે.

૩. એમાં યત્ન વિનાનું કલાવિધાન છે.

૪. એમાં પ્રકૃતિનો મહિમા છે.

૫. એમાં માનવહૃદયની ઉર્મિઓ છે.

૬. એમાં અનેકમાં એક પ્રાણે પરોવાયેલાં હૃદયનો ધબકાર છે.

૭. એમાં વ્યક્તિનો સર્વથા અભાવ છે.

૮. એમાં શબ્દસ્તર અને ગતિ-તાનનો સમન્વય છે.

૯. એમાં સમૂહને હૈયે ને સમૂહને કંઠે ચઢે તેવી રચના છે. જેનાં સંસ્કાર અને સંવેદન સાર્વજનિક છે.

૧૦. એ રચનામુક્ત પણ આંતરિક લયવાળા હોય છે

૧૧. તે કંઠોપકંઠ વહેતા આવ્યાં છે અને વહેતાં આવે છે. મૂળમાં કોઈ સર્જક કે ગાયક હોય પછી એનું સંવેદન સામૂહિક સ્વરૂપ પામે છે.[૯]

લોકગીતની સાહિત્યગીતથી વ્યાવર્તક એવી સામગ્રી એનો ભિન્ન હેતું, ભિન્ન સ્વરૂપ અને રજૂઆત વગેરેને દષ્ટિમાં રાખીને જે રચાતું આવ્યું છે તેને આધારે હરદ્વારીલાલ લોકગીતનાં નીચે મુજબનાં લક્ષણો ગણાવે છે.

૧. લોકમાનસની અભિવ્યક્તિ

૨. આદિમ કે પ્રાથમિક અનુભવ સાથેનો અનુબંધ

૩.	છંદ,વ્યાકરણ, અલંકારાદિથી મુક્ત એવી સ્વતંત્ર જીવન્તતા

૪.	કર્તૃત્વનો લોપ અને કંઠપરંપરા

૫.	ભાષા નહી પણ બોલીનું માધ્યમ.

૬.	ગેયતા.

૭.	એના પ્રર્વતન પાછળ રહેલા આનુંષ્ઠાનિક શ્રધ્ધા અને સામાજિક માર્મિકતા.

૮.	લયનું પ્રાધાન્ય અને નૃત્ય સાથેનો સંબંધ

૯.	સામૂહિકતા

૧૦.	સ્ત્રીઓનું વિશેષ યોગદાન. [૧૦]

ડૉ.નિરંજન રાજયગુરૂ લોકગીતનાં લક્ષણો આ પ્રમાણે જણાવે છે.

૧.	અજ્ઞાત સર્જક-અવ્યક્તિત્વ

૨.	લોકબોલીના સર્જન

૩.	સમૂહ દ્વારા સામૂહિક અનુભવોનું બયાન

૪.	તત્કાળ આરંભ ધસમસતો વેગ

૫.	પ્રાદેશિકતાનો રંગ પ્રદેશે-પ્રદેશે-ફેરફારો

૬.	અનિશ્ચિત પાઠ પાઠાંતરો થતાં જ રહે.

૭.	સંઘગાન

૮.	જીવનની વાસ્તવિકતાનું બયાન મધુરતા અને કટુતા, હર્ષ કે શોકનું વાસ્તવિક મિશ્રણ

૯.	સ્વર, શબ્દ ગતિ અને તાલનો સમન્વય

૧૦.	સમૂહને કંઠે ચડીને ટકી શકે તેવી સરળ પદાવલી.

૧૧.	પુષ્કળ આવર્તનો ધ્રુવ કે ટેક પંક્તિના પુનરાવર્તનો, વર્ણનોની પુનરાવૃતિ.

૧૨.	યત્ન વિનાનું કલાવિધાન

૧૩.	મૌખિકરૂપે જ જળવાય

૧૪.	કથા કે સંગીતનું તત્વ સર્વજન પરિચય હોય

૧૫. પરંપરાનું અનુસરણ થતું રહે.

૧૬. વર્ણનોમાં આલંકારિતાનો અભાવ

૧૭. લાઘવ, સરળતા, ગેયતા, સ્વાભાવિકતા અને પ્રકૃતિ સાથેનું તાદાત્મ્ય જેવાં તત્ત્વો અનિવાર્ય જરૂરિયાત

૧૮. સંઘજીવનનો પરિપાક

૧૯. સર્વભોગ્ય સાહિત્યપ્રકાર

૨૦. સમસ્ત માનવજાતનાં દુઃખ દર્દો હર્ષ, ઉલ્લાસ, ગમા, અણગમા, વિરહને મિલન, તપ અને ત્યાગ, વેરને બલિદાન, શોર્ય અને નમાલાપણું એ તમામ માનવ સંવેદનો અને પ્રકૃતિનાં તમામ તત્વો અગ્નિ, આકાશ, તેજ, વાયુ, ધરતી, વૃક્ષ, સૂર્ય, ચંદ્ર, પશુ, પક્ષીઓ, નદી,મંદિર, મહોલ્લા, વાવ, કૂવો, તળાવને પાણિયારા ઝાડીને જંગલ, દરિયાને નાવડી, ઘોડાને ધમસાણ, પ્રસન્ન દામ્પત્ય, કજોડાના કલહ, વડછડ કે વેરણ ચાકડી, અબોલા, રૂસણાં, મનામણાં, સાસુ-નણંદના ત્રાસ, કડવાં સાસરિયાં મેણાંના માર, માતૃત્વની ઝંખના,વરન-વરતુલાં, દારૂ-જુગારની બદીઓ, રાધા-કૃષ્ણ કે રામસીતાના નામે પતિ-પત્નીના વહાલભર્યા રસિક જીવનનું ચિત્રણ, સમાજને ખાતર બલિદાન,ખારવાનો વિરહ,સ્વકીય-પરકીય પ્રેમસંબંધો,બહારવટિયાઓની પ્રશસ્તિ, માનવસર્જિત કે કુદરતી આપત્તિઓનાં વર્ણનો, જન્મ યજ્ઞોપવિત, નામકરણ,વિવાહ લગ્ન, સીમંત મૃત્યુ વગેરે પ્રસંગોએ ગવાતાં પ્રાસંગિક ગીતોમાં વ્યક્ત થતાં વિધિવિધાનો તથા સાંસારિક સંબંધો.

૨૧. એમાં વ્યક્ત થતાં હોય લોકમાનસ લોકમનોવિજ્ઞાન, લોકમાન્યતાઓ, લોકધર્મો, મૂળમાનવપ્રકૃતિ, આદિમ અંશો, લોક ભાષા, ઈતિહાસ, પુરાતત્વ, લોકસમુદાયનું દર્શન. [૧૧]

❋ **કથા-કથાનક-પ્રસંગ કે ઘટના :**

કથાપ્રસંગ અને વિવિધ ઘટનાને નિરૂપતા કથાઘટકવાળા લોકગીતોમાં ઐતિહાસિક વ્યક્તિના જીવનપ્રસંગો, લોકકથા કે વાર્તા, ભક્તિચરિત્રના પ્રસંગો, બનાવ કે ઘટનાઓને ગૂંથીને અને લોકગીતોની માંડણી થઈ છે. પૌરાણિકકથા-પ્રસંગવાળી ગીતરચના ઈશ્વરનો અવતાર, જીવનલીલાગાન, ભક્તિમહિમા અને વિવિધ દેવ-દેવીના ચરિત્રો, સતવાદી ટેકરેખા,

વચનપ્રિય, સેવાભાવી, પતિપરાયણ વગેરે ભાવના આદર્શની અનેક ગાથાઓના લોકગીતો રચાય છે.

આ પ્રકારના લોકગીતોને બાહ્યગૂંથન, આકારની ઘાટીઓ નીચે રજૂઆત અને ખંડસ્વરૂપમાં વિભાજિત છે.

(અ) લોકગીતના ઉપાડ કે શરૂઆતને ગીતનું થડ કહે છે.

(બ) લોકગીતના મધ્યભાગને પેટાળ કહે છે.

(ક) લોકગીતમાં 'પીચ્છ' અથવા 'છેડો' તે સમાપ્ત.

❋ **કુટુંબ-પ્રશસ્તિ, દિનચર્યા અને શરીર શોભન-મંડનનો વસ્ત્ર-આભૂષણનાં વર્ણનવાળાં સામાજિક સ્વરૂપનાં લોકગીતો :**

આ લોકગીતોમાં કૌટુંબિક સમૂહની પ્રશંસા-પ્રશસ્તિ ઓળખ, પરિચય તેમજ દિનચર્યા દર્શનમાં નિત્યક્રમ જેમાં સવારથી સાંજ પર્યંત નાવણ, ભોજન, પોઢણ અને માનવીય વ્યવહાર સાથે ગૃહકાર્યક્રમની ક્રમિક સમજણનું દર્શન થાય છે. તે ઉપરાંત વસ્ત્રાભૂષણ શણગારનો મહિમા-સૌંદર્ય ઘરેણાં-લુગડાંના નામ વગેરેનો યથા-સ્નાન સ્વરૂપનો પરિચય પણ વર્ણવાય છે.

❋ **ભક્તિ, બોધ અને પારલૌકિક સુખનાં લોકગીત :**

ભક્તિબોધ, કીર્તનબોધ, ઝાલણીયા, છાજિયા વગેરે બોધલક્ષી લોકગીત વૈરાગ્ય પ્રેરે તેવાં અને ભગવાન પ્રત્યે ભક્તિ પ્રગટાવે તેવાં હોય છે. આવા લોકગીતની ટેક-ઉપાડની બે-ચાર લીટી બાદ કરતાં બધાં લોકગીતમાં સર્વસામાન્ય લઢણનું રૂપ દૃષ્ટિગોચર થાય છે.

❋ **લોકગીતમાં રસ અને સાહિત્યિક અલંકાર :**

લોકગીતમાં યુગ પરંપરાથી સાંસારિક જીવનની લીલીસૂકી દરેક બાજુએ વર્ણવાઈ હોવાથી તેમાં ભાવઉન્મેષ સાથે વિવિધરસને પોષે તેવા ગીતોમાં વર્ણવાયા છે. જેમા કરૂણ, શૃંગાર, વીર, હાસ્ય, અદ્‌ભુત અને શાંતરસ વગેરેનું રસિક નિરૂપણ થયું છે. સાથે વિવિધ અલંકારનું વર્ણન પણ જોવા મળે છે.

## ❋ લોકગીતમાં ઢાળ-ગેયતા :

લોકગીતોમાં ઢાળ-રાગ માંડણીની એક ચોક્કસ નિયત થઈ ગયેલી ઘાટી જ હોય છે. ગીત ગેય હોવાથી તે ગીતનો ઢાળ, તેની લયકારી અને જે પ્રકારનું ગીત ગવાતું હોય તે કથાવસ્તુ ગાનારને જાણીતું અને કંઠસ્થ હોવાથી સમૂહને ગાવામાં મૂળ સરળતા રહે છે. આમ, લોકગીતોનો ઢાળ લોકજીભે ચઢીને ચોક્કસ થઈ ગયો હોવાથી નાના-મોટા સમૂહને મીઠી હલકે ગાઈ શકે છે.

## ❋ લોકગીતોમાં માનવસમાજ પાત્ર :

લોકસાહિત્ય સમસ્ત જનસમૂહનું પ્રદાન હોવાથી તેમાં ધાર્મિક, ઐતિહાસિક વડા ઉપરાંત તે જે સમુદાયનું છે તેનું સાચું પ્રતિબિંબ જોવા મળે છે. સમાજના અઢારે વરણ તેર તાસણીના વરણો આદિવાસી અને ઊજળિયાત એ સર્વની લાક્ષણિકતાને તેમજ પાત્રલક્ષી સ્વરૂપે રજૂ કરાય છે. તેમજ નીતિગીત સ્વભાવલક્ષી અને ચરિત્રરેખાને એક કડી લસરકામાં લોકગીત હૂબહૂ વર્ણવી દે છે.

## ❋ લોકગીતોમાં સમાજદર્શન :

આ સાહિત્ય જીવન અને સમાજનું પ્રતિબિંબ ઝિલતું રહ્યું હોવાથી જીવનના સોળે સંસ્કાર, દૈનિક જીવન, પરંપરાની રૂઢિની રીત-રિવાજ, જીવનઘડતરની શીખ, નિત્યક્રમ, વસ્ત્રાલંકાર, સાધનસામગ્રી તેમજ ધાર્મિક, ઐતિહાસિક અને સાંસારિક સમાજ તેમજ આર્થિક ધંધો, સાધનસંપત્તિ, પ્રકૃતિતત્ત્વો, મહેલ-મહેલાતોના વર્ણન-દર્શન, રોજી રોટી પૂરી પાડતાં સાધનો તેમજ આનંદપ્રમોદ ભવાઈ, વ્યસનો, વહેમ વગેરેના જીવનલક્ષી લોકો લોકસાહિત્યમાં નિરૂપાયાં છે.

## ❋ પુરુષોનું લોકસાહિત્ય - ગીતો :

નારી સમૂહનું લોકસાહિત્ય સ્વરૂપ, પ્રકાર અને સંખ્યાની દૃષ્ટિએ ઘણું વિશાળ છે તો પુરુષ વગેરેમાં પ્રયોજાતું ગીતસાહિત્ય પણ ઠીક ઠીક રીતે થયું છે. ભજન એ પુરુષ સમુદાયનો માનીતો ગીત પ્રકાર છે. તે સતસંગીઓમાં, સંતવાણી તરીકે મૂલવાય છે. તેમાં પ્રજાના

રામવળા, સલોકો, ધોળ, ભવાઈ, ગીત, સંવાદ, ફાગ, દુહા ઉપરાંત ભજનવાણીમાં આરાધ, આગમ, આરતી, આંબો, કટારી, કીર્તન, બારમાસી, પ્રભાતિયાં વગેરે ગવાય છે.

❋ **લોકગીત અને સંગીત :**

ઝવેરચંદ મેઘાણીના ઉપરોક્ત કથનમાં લોકગીતને લોકસંગીત સાથે અને લોકસંગીતને લોકહૃદય સાથે સાંકળ્યું છે. એનસાઈક્લોપીડિયા બ્રિટાનિકામાં પણ 'આદિકાળના સ્વયંસ્ફૂરિત સંગીતને લોકગીત' કહેવામાં આવ્યું છે. તેના દ્વારા પણ લોકગીત અને લોકસંગીત વચ્ચેનો સંબંધ પારખી શકાય છે.

❋ **મૌખિક પરંપરામાં લોકગીત :**

લોકગીતનું વહન લોકસાહિત્યનાં બીજ સ્વરૂપોની જે કંઠોપકંઠ થતું આવ્યું છે. જૂની પેઢી નવી પેઢીને લોકગીતો વારસામાં આપે છે. નવી પેઢી તેને સ્મરણશક્તિથી સાચવી એ વારસાને આગળ ધપાવે છે. આમ, પેઢી દર પેઢીથી લોકગીત સચવાતું આવે છે. શ્રી રણજીતરામ મહેતાએ 'લોકગીત'ના લેખમાં જણાવ્યું છે કે, 'લોકગીતનો ઉષઃકાળ તે સાહિત્યનો ઉષાકાળ છે. વસ્તુતઃ સાહિત્યનો ઉદ્ભવ લોકગીતમાંથી જ થયો છે. દરેક પ્રજાનું સાહિત્ય પ્રથમ ગાથા અથવા ભજનોના રૂપમાં આવિર્ભાવ પામ્યું છે.' આમ આદિકાળથી લોકગીત અસ્ખલિત રીતે વહેતું આવે છે અને કંઠોપકંઠ ઝિલાતું આવે છે.

આમ, લોકગીતનું સ્વરૂપ તપાસતાં જણાય છે કે તે સંગીતાત્મક રચના છે. મૌલિક પરંપરાથી કંઠોપકંઠ જળવાતી આવી છે. અજ્ઞાત કર્તા નથી, કર્તાઓ દ્વારા સર્જિત છે. તેમાં લોકમાનસની સાહજિક અભિવ્યક્તિ થયેલી જોવા મળે છે. લોકસંસ્કૃતિની છાપ ઝીલતું જે તે સંસ્કૃતિને જાળવી રાખતું સ્વરૂપ છે.

**લોકગીતના પ્રકારો :**

લોકગીતોના વૈજ્ઞાનિક વર્ગીકરણના પ્રયોગ ડો. શ્યામ પરમાર, ડૉ. કૃષ્ણદેવ ઉપાધ્યાય, ભાસ્કર રામચન્દ્ર, ભોલેરાવ અને ડો.સત્યેન્દ્ર જેવા વિદ્વાનોએ કર્યા છે. જોકે લોકગીતનું વર્ગીકરણનું કાર્ય અતિ કઠિન તો છે જ. શ્રી જયમલ્લ પરમાર લોકગીતોના પ્રકારો આ મુજબ ગણાવે છે. "કહેવતો, ઉખાણાં, આખ્યાન કથા, અઘરણી, હાલરડાં, બાળગીતો, વ્રતગીતો,

લગ્નગીતો, દામ્પત્યજીવન, જીવન-વૈષમ્ય, સાંસારિક આપદાઓ, સાગરજીવન, ગોપજીવન, ક્ષાત્રજીવન અને અનુષાંગિક ઘટનાઓમાંથી ઉપજતાં સંવેદનો, રાસ, રાસડા, ગરબા, ગરબી, વિલાપગીતો જેમાં આઝા, મરશિયા, રાજિયા, છાજિયા ને છેવટે શ્રદ્ધાભક્તિનો આધાર દુહા, છંદ ને સોરઠા, ચોપાઈ, ચલણી વાર્તાઓ, ભજનો, સ્તવનો, પદો, કિર્તનો, પ્રભાતિયાં, પ્રશસ્તિ, રામાવાળા, ચંદ્રવાળા વગેરે મુખ્યવિષયોના અનેક પ્રકારોમાં ગુજરાતમાં લોકગીત લહેરાય છે."[૧૨]

શ્રી ખોડીદાસ પરમાર લોકગીતોનાં પ્રકાર આ પ્રમાણે ગણાવે છે. લગ્નપ્રસંગના માંગલિક અને અન્ય લગ્નગીતો : લગ્નપ્રસંગે ગવાતાં ગીતોમાં જુદી જુદી વિધિઓ વખતે જુદા જુદા લગ્નગીતો ગવાતાં હોય છે. જેમાં જીવનનું સૌંદર્ય, પ્રસન્ન દામ્પત્યની શીખ, કુટુંબકબીલાની ઓળખ સામે વેવાઈવેલાના દાંભિકતાનું વર્ણન અને આનંદમસ્તી

સાથે મીઠા મરકલડાં ગીતો ગવાય છે. આ લગ્નગીતોમાં વરકન્યાને સંબોધીને તો ક્યારેક કુટુંબના સગા-સંબંધીને ગવાય છે. વરનાં માતા-પિતા, ભાઈ-બહેનને ફટાણા પણ દ્વારા ગાળો બોલાવવામાં આવે છે.

૧) વેવિશાળ કરતી વખતનાં ગીતો
૨) લગ્ન વખતની વેળાનાં ગીતો
૩) સાંજીનાં ગીતો
૪) મંડપરોપાણનાં ગીતો
૫) ચાક વધાવવાનાં ગીતો
૬) ગોતરડી કે ગોતીડો ભરવાનાં ગીતો
૭) ઢોલ પૂજનનાં ગીતો
૮) ફૂલેકાનાં ગીતો
૯) પસ ભરવાનાં ગીતો
૧૦) ઉકરડી નોતરવાનાં ગીતો
૧૧) જડ વાહનાનાં ગીતો

૧૨) પીઠીનાં ગીતો

૧૩) વાનાનાં ગીતો

૧૪) પ્રભાતિયાં

૧૫) લાડાને ઘેર રાંદલનાં ગીતો

૧૬) વર-લાડાની જાન પ્રસ્થાન કરે ત્યારનાં ગીતો

૧૭) જાન-સસરાને ગામ પહોંચે ત્યારે ‘જાતરઢાળા’નાં ગીતો

૧૮) વર પક્ષ તરફથી કન્યાને ચૂંડલી-મોડીયાને ઘરેણાં આપવા જાય તે ‘છાબના’ કે ગોળ ખાવાનાં ગીતો

૧૯) મોસાળનાં ગીતો

૨૦) સામૈયાનાં ગીતો

૨૧) હસ્તમેળાપ-હથેવાળા-માયરાનાં ગીતો

૨૨) જાન જમવા બેસે ત્યારે ગવાતાં ગીતો

૨૩) ચોરી-સત્પદીના ફેરા ફરતી વખતના તેમજ કંસારનાં રમૂજી ગીતો

૨૪) ‘માંડવો બાંધવાના અને જાન વિદાય કરવા’ માટે શીખનાં ગીતો

૨૫) જાન વળાવવાનાં ગીતો

૨૬) કન્યા વળામણાનાં ગીતો

૨૭) પોખણાનાં ગીતો

૨૮) જાન પાછી આવે ત્યારે ઉકરડાં ઉડાડવાનાં પ્રથમવાળા જ ગીતો ગાય છે.

**સીમંત-અઘરણીનાં ગીતો** :

પરણીને આવેલી વહુ સર્ગભા બને અને માતા બને ત્યારે જ તે સાસારિયાની ફળવેલમાં પ્રવેશી મનાય છે. અઘણીયાતને ‘દોણ્ય’ કહે છે. પાંચ માસે ‘પંચમસી’ અને સાતમે મહિને સીમંત સંસ્કાર થાય છે. તે અઘરણીના દિવસની સવારથી બીજી સવારે રાંદલને વળાવે ત્યાં સુધીનાં ગીતો-

૧. અઘરણીના દિવસે રાંદલ તેડવાનાં ગીતો.

૨. ધેણ્યને નવરાવવા લઈ જતી વખતનાં ગીતો.

૩. ધેણ્યને ‘પગલાં ભરાવે’ તે સમયનાં ગીતો અને ફટાણાં.

૪. ‘ખોળો ભરવો’ની વિધિ વખતનાં ગીતો.

૫. ખોળો ભર્યા પછીનાં રાંદલનાં પ્રશસ્તિ ગીતો

૬. રાતે-રાંદલ સામે ‘ઘોડો ખૂંદવો’નાં ગીતો.

૭. બીજી સવારે રાંદલને વળાવવાનાં ગીતો.

**બાળ-હાલરડાં**

ગર્ભવતી સ્ત્રી પુત્ર કે પુત્રીને જન્મ આપે તેનાં શુભ આગમન અવસરનાં લોકગીતો

૧. વાત્સલ્યભાવ અને બાળપ્રશસ્તિનાં ગીતો

૨. બાળ હુલામણાના રમત જોડકણાં અને કજિયાળા બીક બતાવવાની વેળાનાં ગીતો

૩. રામ, કૃષ્ણ અને બીજી બાળલીલા વર્ણવતા પ્રકીર્ણ હાલરડાં

**બાળ-જોડકણાં અને અન્ય**

૧. બાળકો શબ્દાનુરવ સાથે પ્રયોજી શકે તેવાં જોડકણાં

૨. સર્વજન ઉપયોગી જ્ઞાન, બુધ્ધિ સાથે શીખ,ડહાપણનાં જોડકણાં

૩. બ્રાહ્મણ, ઉજળિયાત વગેરે વર્ણમાં ‘બડવા’ને જનોઈ સંસ્કારનાં વિવિધ ગીતો સાંજીના મંડપારોપણનાં ‘જનોઈ’ પહેરાવે વગેરે પ્રસંગનાં ગીતો.

**કન્યા-કિશોરીઓનાં મોળાક્ત (ગૌરીવ્રત)નાં ગીતો**

૧. રમત-રાસડા

૨. ‘દેદો’ કૂટવાનાં છાજિયા

મોળાક્ત અષાઢ સુદ અગિયારસથી પૂનમ સુધી હોય છે. તેમાં કોઈ એક જ ધાન દિવસમાં એકવાર મીઠામોળું ખવાય. શક્તિમાતા. જુવારા સૂરજ, ઘર-ઉંબર અને ગાયનો ખીલો પૂજાય છે. આમ પાંચ પૂજન સ્થાનમાં સમગ્ર પૂજા દેવ પ્રકૃતિ અને ગૃહ અર્ચિત થતાં તે પ્રકૃતિ પરાયણ જીવનનો ખ્યાલ આપે છે.

**તુલસી વિવાહનાં ગીતો**

તુલસી વિવાહ પણ માનવીય વિવાહની જેમ જ મંડાય છે. પૌરાણિક કથા પ્રમાણે તુલસી અને ઠાકરના વિવાહ કારતક સુદ અગિયારસે થાય તે પછી સંસારિયાના લગ્ન થાય છે.

**સૌભાગ્યવતી અને પ્રૌઢ સ્ત્રીઓનાં વ્રત વરતુલા**

૧. કાકા ગોરનાં ગીતો

૨. શ્રાવણ કે અધિક માસમાં ગવાતાં ઝીલણિયાં

૩. કીર્તન

૪. જયા પાર્વતીની કે 'એવરત- જીવરત'નાં વ્રતગીતો

**નારી સમૂહના રાસડા**

૧. ઉભા રહી-એક તાળી સાથે ગવાતા રાસડા

૨. ફરતાં ફરતાં લેવાતા ત્રણ ત્રણ તાળીના 'ઉલાળિયા''રાસડા' અને ટપ્પારાસ

**ગરબા માંડવડી વગેરે**

આદ્યશક્તિ, અંબા, શિવ, સૂર્ય-રયણી, ધરતી, સૂરજનાં દ્વંદ્વમાંથી પ્રયુક્ત થયેલ પૂજા પરંપરાએ ઉતરી આવેલ 'ગરબા' ભગવતી અને ભાનુ-સૂર્યના સાયુજયમાંથી ઉતર્યો છે. શરૂઆતમાં આદ્યશક્તિના જ ગરબા રચાયા પણ તે પરંપરાએ કૃષ્ણ, રામ, હનુમાન, નૃસિંહ વગેરે ઉપરાંત લૌકિક કથાનક રૂઢિરિવાજ વગેરેના સાહિત્યિક ગરબાની પરંપરા ચાલુ રહી.

શણગારેલી લાકડાની નાની માંડવી (ગરબી) માથે મૂકીને સ્ત્રીઓ માંડવડી-દેવીનાં પ્રશસ્તિ ગીતો ગાતી તાલનૃત કરે છે.

સાત વાર પંદરતિથિ અને બારમાસ વગેરેના ગરબા-રાસડા અને બારમાસી ગીતો રચાયાં છે.

**માંગલિક પ્રસંગના ધોળમંગળ**

ધવલ-ધઉલ-ધુલમાંથી ધોળ ઉતરી આવેલ છે. શુભપ્રસંગ અને લગ્નજાનનાં ગાડાંની લાંબી વાટ પૂરી કરવા, જાનડીઓ કથાનકવાળા ધોળ ગાઈ ખુટાડે છે. ધોળમંગળ ક્યારેક પુરુષો પણ ગાય છે.

**શ્રમહારી ગીતો**

૧. ઘંટીએ દળતાં ગાવાનાં

૨. રેંટિયો કાંતતાં ગાવાનાં

૩. વાડી ખેતરમાં નીંદણી-લણણી વખતે ગવાતાં

૪. ચૂનો ખાંડતી વખતે ગવાતાં

૫. મકાનની છોબંધ કે ભોંયતળિયે ટીપણી ટીપતાં ટીપતાં ગવાતાં શ્રમહારી ગીતો.

આવાં ગીતો શ્રમિક વર્ગ દિવસભરનો થાક દૂર કરવા કે કામકરતી વખતે થાક ન લાગે તે માટે ગાય છે.

**મૃત્યુ પછીના શોક અને પ્રશસ્તિના છાજિયા**

મરનારની પ્રશંસા-પ્રશસ્તિ કરતાં 'મરશિયા' (અરબ્બી 'મર્સિયહ' એટલે મરનારની ગુણપ્રશસ્તિ) તો 'છાજિયા' મરનારની ઉંમર, જાતિ ગુણ વગેરેને લાગુ પડતા અને વય કે નર-નારીની જાતિ પ્રમાણે જેને યોગ્ય રીતે છાજે યોગ્ય લાગે તે 'છાજિયા'. તે ઉપરાંત વિલાપનાં ગીતો વહેલી સવારે મૃતની શેરીના નાકે કે ઘર ફળિયામાં ગવાતાં પરોઢિયામાં માતકૂટણાં વગરે મૃતકનાં શોકનાં પ્રશસ્તિનાં ગીતો છે.

**આનંદપ્રમોદનાં બૌધ્ધિક ગીતો**

૧. ખાયણાં. દક્ષિણ ગુજરાતમાં સૂરત નવસારી વગેરેમાં ખાંયણાં તે ઉત્ખનન ઉખણ અને ઉખાણાં એવી પરંપરાથી ઉતરી આવ્યાં હોય તેવી શક્યતા લાગે છે. ઉખાણાં એટલે બુદ્ધિચાતુર્ય કસવા માટેની કસોટી આ કસોટી કોયડાંને ઉકેલવા બુદ્ધિ વાપરવાની સજવાની ખણખોદ બુદ્ધિમાંથી શોધી ખોદીને મેળવવું તે. આ બુદ્ધિકસ્યા ઉખાણાંમાંથી 'ઉ'લુપ્ત થતાં 'ખાણાં' કે ખાંયણાં રૂપે થયું હશે.ઉખળમાં ખાંડવાના શારિરીક શ્રમ કરતાં બૃધ્ધિચાતુર્યની કસોટીએ પ્રત્યુત્પનમતિથી તાત્કાલિક જોડી પ્રયોજી દેવું તે ખાયણાંમાં જોઈ શકાય છે.

૨. ગીતમાં હરિયાળી કે સમસ્યા મુકીને ગવાતું લોકગીત. આ પ્રકારનાં ગીતો, રાસડા, લગ્નગીત ભવાઈ વગેરેમાં મળે છે.

**પુરુષસમૂહમાં ગવાતાં લોકગીતો**

**૧. સલોકા**

રામકથાનક, કૃષ્ણકથાનક, લૌકિક પ્રકારના કથાઘટકો વગેરેનું લોકશૈલીમાં નિરૂપણ થાય છે. 'સલોકા' પ્રકારની પરંપરા શિષ્ટ અને લોકસાહિત્ય બંનેમાં હજી પણ છે.

**૨. ભજન, આગમ પ્યાલા વગેરે**

ભજન સંતવાણી પરંપરા ઘણી પ્રાચીન છે. શબ્દની સૂરતા અને સ્વરની આરાધના દ્વારા ભજન મંડાય છે. ગુજરાતમાં ભજનની ત્રણ ધારાઓ છે.

૧. મહાપંથી કે માર્ગીય-નિજીયા પંથની

૨. કબીરિયા નિરાકાર સાથે સગુણાકાર

૩. નાથ પંથની

ભજનોમાં 'સાધુ પાવા', 'કોળી પાવળ', 'બીજ ધરમ', 'નકળંગી' કે 'લકળંગી' (ઉર્ધ્વલિંગ કે લકુલિશ) જેવા શબ્દો દેશી ધારા પરંપરાનું સ્વરૂપ અને પ્રયોજન રજૂ કરે છે-સૂચવે છે.

**૩. રામવળા, ચંદ્રવળા અને છકડિયાં**

રામકથાના અને કૃષ્ણજીવન કથાના ચંદ્રવળા અને અવનવી લૌકિકકથા-વાર્તા આપજોડિયા છકડિયા પ્રયોજે છે. આ છકડિયા સૌરાષ્ટ્રભરના પુરુષો ગાય છે.

**૪. ભરથરી-રાવળિયાના પ્રશસ્તિ રાસડા**

ભરથરી-નાથબાવા વગેરે રાવણહથ્થા પર કામઠીના ઘૂઘરાના ઘમકારે-તાલે શૂરવીર, સતી, બહારવટિયા, રાજવી વગેરેના પ્રશસ્તિ રાસડા ગાય છે.

**૫. જોગી, રાવળિયાની આરણ્યું, સરજુ સાવળ વગેરે**

(૧) માતાજીની આરણ્યુએ વિનંતીરૂપે માની પ્રશસ્તિ છે. (૨) સરજુએ મહાપ્રાણનું સ્વરગાન છે. જેમાં 'હા', 'હે', 'હો' ખાસ કરીને સૌરાષ્ટ્રના રબારીઓ માતાજીના મઢ સાથે

'સામદેવ' જેવું 'સરજુ' ગાન ગાય છે. (૩) સાવળ એ માતાજીની સ્તુતિ છે. એમાં નીચલા વર્ણના લોકો કે લોકવરણ અને ક્યારેક વૈશ્ય પણ ગાય છે.

**૬. ગરબી અને માતાજીના ગરબા**

લોકગરબી માત્ર પુરુષો જ ગાય છે. ગરબીમાં કોઈ કથાપ્રસંગ કે પરમેશ્વરની પ્રશસ્તિ હોય છે. લોકગરબી કથાતત્ત્વનું નિરૂપણ કરતી હોવાથી ઠીક ઠીક લાંબી ગેયનૃત રૂપ છે. નવરાત્રી ઉત્સવમાં માતાજીની માંડવી-ગરબી સાથે બેસીને પુરુષો માના ગરબા ગાય છે. કોઈ કોઈ વાર તેઓ ફરતાં ફરતાં પણ ગાય ખરા.

**૭. દુહા અને ગીતકથા**

(૧) દુહાનો પ્રકાર ઘણો પ્રાચીન છે. માલધારી, ચારણ, આયર, રબારી, ભાટ વગેરે ગાય-પ્રયોજે છે. સ્ત્રીઓ દુહા જવલ્લેજ ગાય છે.

(૨) ગીતકથામાં કોઈ લોકકથા-વાર્તાને સળંગ દુહાબધ્ધ રીતે રજૂ કરાય છે.

**૮. ડીંગ, પાંચકડાં, પબેડાં અને ભરવાડની લાવણી**

(૧) ડીંગ ચારણી સાહિત્ય ડીંગળી-અવહટ્ઠમાં વિશેષ છે. તેનાં અંત્યાક્ષરો અને વચ્ચે વચ્ચે પ્રયોજાતા કોમળ અનુસ્વારથી ડીંગળીનો રવ-નાદ રણકાર સર્જાય છે. આવી અનુસ્વાર રવ, રણકારવાળી ડીંગળી કવિતા સામે લોકસાહિત્યમાં ડીંગળના પ્રતિકાવ્યરૂપે 'ડીંગ' બડાવાય છે. 'ડીંગ' એટલે ખાલી પોકળ અર્થવગરનું.

(૨) નાની છોકરીઓ પાંચીકડાં રમે ત્યારે તે પથ્થર પાંચકાને ઉપર ઉડાડે છે, પણ ઉડાડ્યા પછી એવી સિફતથી ઝીલી બતાવે કે કોઈને વાગે નહિ. રમવાના આનંદ સાથે ચતુરાઈ વખણાય. આ રીતે ભવાયા રમતગમતમાં પોતે જ ગામમાં સારુંનરસું જે કંઈ બન્યું હોય તેના 'પાંચકડાં' જોડીને ગમ્મત ઉડાડે. જેનાથી લોકો સામે લાલબત્તી ધરાય છે.

(૩) પબેડાં-શેરીનાં કૂતરાંને મોં-માથા વગરના ગોળ જીવડાં કાને આંખે બાઝે છે, આને 'પબેડાં' કહેવાય છે. આમ પબેડાં એટલે મોં માથા વગરનાં, જેમાં કંઈ તથ્ય ન હોય તેવા જોડકણાં.

**૯. ભડળપુરાણની અનુભવવાણી**

આભ અને ગાભના વર્તારાનો બહુ ઓછો ખ્યાલ આવે છે તેમ છતાં પ્રાકૃતિક તત્ત્વનાં લક્ષણો પરથી દેશજ પ્રજાએ જે અનુભવવાણી તારવી કહી તે 'ભડળવાક્ય' (અંકાશી પુરાણ) 'ભડળ' એટલે દૂઝતું ભરનીંગળ. તેના પરથી 'ભડળી' એટલે 'અંકાશી' તેની પાછળ 'પુરાણ' રૂપે જમાનાના અનુભવનો સંગ્રહ નિચોડ મૂડી 'ભડળીપુરાણ' થયું.

**૧૦. અબાવાણી શ્રમહારી ગીત અને વર્ણક**

દરિયાકાંઠાના ખારવા કામ કરતી વેળા, કામનો થાક ભૂલવા કંઈક ગાય, બોલે છે. આમ સઢ ખેંચતા, વહાણ હોધરતાં, તેઓ જે કંઈ બોલે ગાય તે 'અબાવાણી.'

**૧૧. વડચડ, આપજોડિયાં અને હુડા**

(૧) વડચડએ કોઈ કથા કે પ્રસંગને રજૂ કરતો વર્ણકબંધ વાદ-સંવાદ છે. (૨) આપજોડિયાંમાં લોકકવિ મનફાવે તે રીતે અને પોતાને જ વીત્યું હોય તે કે પોતાને લાગે તેવું કહી દે છે. (૩) હૂડા - ઈડરિયા પ્રદેશમાં પુરુષો 'હુડા' ગાય છે. 'હુડા' કથાનકવાળા ગેય છે. સૌરાષ્ટ્રમાં ઝાલાવાડમાં ભરવાડો 'હુડા' નૃત કહે છે. આ 'હુડા'નો દેશ્ય શબ્દ અર્થ 'શીંગલા ઘેટા' થાય છે. શીંગલા ઘેટાં સાઠમારીમાં સામ સામે હોડે ચડે છે. તે રીતે 'હુડા' કે 'હોડા' સામસામી હોડ.

**૧૨. ભવાઈનાં ગીતો**

અંબા-બહુચરા અને ગણપતિની સ્તુતિ ઉપરાંત વિવિધ 'વેષ' પ્રમાણેના ભાષા-ભાષી ગીતો સાથે નાત, જાત, વર્ણ, રૂઢિ પર કટાક્ષ કરી ખડખડ હસાવે તેવા ગીતો અને સાહિત્યિક વળોટ સાથે ઘણીવાર ઊર્મિને સ્પર્શ કરે તેવાં ગીતો.

આમ, લોકસાહિત્યમાં લોકગીતના વિવિધ પ્રકારો છે. આ પ્રકારોમાં પણ પેટાપ્રકારો પાડી શકાય. આ બધાં ગીતોમાં લગ્નગીતોનું વૈવિધ્ય વિશેષ જોવા મળે છે. શ્રી કનુભાઈ જાની હિન્દી-ગુજરાતી પરંપરાના ગેય-લોકસામગ્રીના ચાર મોટા વિભાગો બતાવે છે. જેમાં મહાકાવ્ય, લોકાખ્યાન, રાસડા, બેલેડઝ, ગીતકથા/કથાગીત વગેરે તેમજ ઊર્મિપરક પ્રકારો Folklyrics શ્રમપરક અને નૃત્યપરક ગીતો ચોથો વિભાગ- મુક્તક, ઉખાણાં દ્વારા.

**લોકગીતોના રચયિતા અને પ્રસારકો :-**

કંઠોપકંઠ રીતે પરંપરાથી જળવાતાં લોકગીતોમાં લય અને ગેયત્વનું પ્રાધાન્ય જોવા મળે છે. આથી આ પ્રકારનાં લોકગીતોની રચના કરનાર બહુધા નારીસમૂહ હોય છે. નારીસહજ ઊર્મિ, સરળ અર્થબોધ, માનવીય આવેગ, સંવેગ અને સાથે સાથે માનવીય સંવેદનોનો ઉન્મેષ છતાં કલ્પનાનું ઉડ્ડયન સંયમિત રીતે આ ગીતોમાં થયેલું જોવા મળે છે. બોલચાલની લઢણમાં રચાતાં આ પદ્યગીતોમાં સાંસારિક, સામાજિક, ધાર્મિક તેમજ સાંસ્કૃતિક પરિવેશ સમાવિષ્ટ હોય છે. તો પુરુષો દ્વારા સર્જાતાં લોકગીતોમાં પ્રેમ, શૌર્ય, ભક્તિ તેમજ દુહાબંધ રચનાઓ જોડેજોડે જાતીય આવેગ વગેરે પદ્યસ્વરૂપમાં રચાય છે. તેમનાં લોકગીતોમાં બૌદ્ધિકતા, સાંસારિક ડહાપણ, પ્રણયમસ્તી, ભજનની ઈશ્વરમસ્તી અને સાંસારિક ભાવો કથનની સરળતા સમેત પ્રગટે છે.

લોકગીતોની પ્રચારક-પ્રસારક તરીકે નારીની ભૂમિકા ધ્યાનપાત્ર છે. લગ્ન પછી સાસરે જતી કન્યા તેનાં પોતાનાં કંઠસ્થ ગીતો અન્ય સ્ત્રીવૃંદમાં સહેલાઈથી પ્રસરાવે છે. લોકસાહિત્યના અન્ય વાહકોમાં વિવિધ જ્ઞાતિ-જાતિ તથા ધંધાદારી લોકસમૂહો પણ છે. જેમ કે, ઢાઢી, રાવળિયા, ભરથરી, મીર, ચારણ, ભવાયા, બારોટ, હરિજનગુરુ તથા ભજનકીર્તન કરતા સાધુસંતો છે. તે ઉપરાંત આધુનિક સમયમાં ચલચિત્ર, ટી.વી. અને રેડિયોની ભૂમિકા પણ મહત્ત્વની ગણાય.

**પાદટીપઃ**

૧. પરમાર ખોડીદાસ, 'ગુજરાતનાં લોકગીતો' - પૃ.૫

૨. શાસ્ત્રી કેશવરામ કે., 'લોકગુર્જરી' - વર્ષ-૨, અંક-૨, માર્ચ-૧૯૬૯, પૃ.૬૭

૩. પરમાર જયમલ્લ, 'આપણાં લોકગીતો' - પૃ.૩૬

૪. જાની બળવંત, 'લોકગીત તત્ત્વ અને તંત્ર' - પૃ.૧૮-૧૯

૫. ગઢવી લક્ષ્મણ પીંગળશી, 'સૌરાષ્ટ્રનો સાંસ્કૃતિક વૈભવ'-પૃ.૫૪

૬. એજન, પૃ.૫૪

૭. શેખડીવાળા જશવંત, 'લોકસાહિત્યનાં સ્વરૂપ-લોકગુર્જરી', પૃ.૧૨

૮. ગૂજરાત વિદ્યાપીઠ, 'વિદ્યાપીઠ' દ્વિમાસિક અંક-૪ - ૧૯૭૩- પૃ.૪

૯. પરમાર જયમલ્લ, 'આપણાં લોકગીતો' - પૃ.૪૩-૪૪

૧૦. શર્મા હરદ્વારીલાલ, 'લોકવાર્તા વિજ્ઞાન'-પૃ.૬૪

૧૧. જાની બળવંત, 'લોકગીત તત્ત્વ અને તંત્ર' - પૃ.૪૪-૪૫

૧૨. પરમાર જયમલ્લ, 'લોકસાહિત્યઃ તત્ત્વદર્શન અને મૂલ્યાંકન'-પૃ.૪૩

## પ્રકરણ - ૫

## ચૌધરી સમાજમાં ગવાતાં લગ્નગીતોનું અધ્યયન

આદિવાસી જનસમૂહ ગુજરાત રાજ્યની કુલ વસતિનો ઘણો મોટો ભાગ ધરાવે છે. આ આદિવાસી જનસમૂહમાં પણ અલગ અલગ જ્ઞાતિઓ-પેટા જ્ઞાતિઓ છે. આ દરેક જ્ઞાતિઓની પોતાની આગવી પરંપરાઓ, માન્યતાઓ, રૂઢિ-રિવાજો તથા સંસ્કૃતિ છે. આ દરેક જ્ઞાતિઓનું પોતપોતાનું અલગને આગવી શૈલી ધરાવતું લોકસાહિત્ય છે. આજના આધુનિક યુગમાં ઝડપથી બદાલાતા જતા સમયમાં આ આદિવાસી સમાજ પણ બદલાઈ રહ્યો છે. શહેરીકરણ અને સંચાર માધ્યમોના વધતા જતા પ્રભાવને કારણે એમની આગવી સંસ્કૃતિ અને કંઠોપકંઠ લોકસાહિત્ય લુપ્ત થતું જાય છે. આ અમૂલ્ય વારસાને સંગ્રહીત કરવાની આજે તાતી જરૂર છે.

ગુજરાતના સુરત જિલ્લાનો ચૌધરી સમાજ દક્ષિણ ગુજરાતના આદિવાસીઓમાં અનેક રીતે જુદો તરી આવતો સમાજ છે. આ સમાજની પોતાની માન્યતાઓ, રૂઢિઓ, પંરપરાઓ અને લગ્નગીતો છે. આ સમાજ પણ અનેક રીતના બદલાવમાંથી પસાર થઈ રહ્યો છે. માટે એ સમાજના લોકસાહિત્યની પરંપરાઓને શબ્દબદ્ધ કરી સંગ્રહીત કરવું જરૂરી બન્યું છે.

ગુજરાતના સુરત જિલ્લાના આદિવાસી ચૌધરી સમાજમાં ગવાતાં લગ્નગીતોનો સામાજિક-સાંસ્કૃતિક અભ્યાસ મારા સંશોધનનું મુખ્ય ક્ષેત્ર છે. ચૌધરી સમાજનું લોકજીવન, દૈનિક વ્યવહારો, ખેતી, પહેરવેશ વગેરે સાથે ઓતપ્રોત થઈ ગયેલા એમના લોકસાહિત્યનો, લગ્નપ્રસંગની દેરક વિધિએ ગવાતાં લગ્નગીતોનો, અભ્યાસ કર્યો છે. વનવાસી સાહિત્ય વિશે આંતરરાષ્ટ્રિય કક્ષાએ જુદા જુદા દેશના સંશોધકો કામ કરતા રહ્યા છે. પરંતુ ગુજરાતના ચૌધરી સમાજના લગ્નગીતો પર સામાજિક - સાંસ્કૃતિક દૃષ્ટિએ હજુ સુધી કામ થયું નથી. જેથી આ સંશોધન આ વિષયના આંતરરાષ્ટ્રિય સંશોધન પ્રવાહમાં મહત્ત્વનું ઉમેરણ બની રહેશે.

ભારત બહુ ભાષાઓ અને બહુ પરંપરાવાળો વિશાળ દેશ છે. ભારતીયતાનાં મૂળભૂત તત્ત્વો દરેક રાજ્યના લોકોમાં પડેલાં છે. આ સ્થિતિમાં ભારતના કોઈ એક રાજ્યના અને તેની ભાષાના સાહિત્યનો અભ્યાસ કરવામાં આવે ત્યારે સંશોધનના માધ્યમથી તે રાજ્યની સામાજિક પરંપરાની ઓળખ ભારતના બીજા પ્રદેશ સુધી પહોંચી શકે છે. જેના પરિણામે જુદી જુદી ભાષા

ધરાવતા લોકો એકબીજાને સારી રીતે સમજી શકે તેવી ભૂમિકા રચાય છે. રાષ્ટ્રીય એકતા માટે પણ આ પ્રકારનાં સંશોધન મૂલ્યવાન પૂરવાર થઈ શકે છે.

ચૌધરી સમાજનાં લગ્નગીતોનું અધ્યયન કરી આ સમાજની સામાજિક-સાંસ્કૃતિક વિશેષતાઓને તારવવા માટે અહીં ઉપલબ્ધ લગ્નગીતોને લગ્નની વિવિધ રીતિ પ્રમાણે વહેંચવામાં આવ્યાં છે. દા.ત. સગાઈની વિધિ - તો સગાઈ વખતે ગવાતાં ગીતો આ મુદ્દામાં સમાવી લીધાં છે. અને તેમાંથી ઉપસતા સામાજિક-સાંસ્કૃતિક મુદ્દાઓની છણાવટ કરવામાં આવી છે. એ રીતે સમગ્ર લગ્નવ્યવસ્થાને વિવિધ તબક્કા પ્રમાણે વહેંચી તેમાં સમાવિષ્ટ થતાં ગીતો તે તે જગ્યાએ સમાવી તેની ચર્ચા કરવામાં આવી છે અને પ્રકરણના અંતે તેનાં તારણો મુદ્દાસર મૂકવામાં આવ્યાં છે.

માનવના સામાજિક જીવનને સ્થિર, સુખ-શાંતિ અને સગવડભર્યું બનાવવા માટે લગ્ન એ ખૂબ જ સરાહનીય વ્યવસ્થા તરીકે ઉભરી આવે છે. વિશ્વના અનેક સમાજોમાં તેમની પરંપરા અને રીત-રિવાજ પ્રમાણે લગ્નો ગોઠવાય છે અને સ્ત્રી-પુરુષ એ નિમિત્તે જોડાઈને સાંસારિક જીવનને આગળ વધારે છે. સ્ત્રી-પુરુષનું દૈહિક આકર્ષણ અને પ્રેમ જેવાં મહત્ત્વનાં પરિબળો લગ્નમાં નિમિત્ત બની તેને સમાજની બીજી બધી પરંપરાઓ કે રીતિઓ કરતાં સવિશેષ મહત્તા અર્પે છે. આથી વિશ્વના કોઈપણ સમાજમાં જન્મ અને મરણની જેમ લગ્ન એક આવશ્યક અને ખૂબ જ મહત્ત્વની ઘટના બની રહે છે.

લગ્ન એ દરેક સમાજો અને લોકો માટે અનિવાર્ય એવી બાબત હોવા છતાં લગ્નપ્રથા અને તેની આખી ગોઠવણ જગતના દરેક સમાજની પોતાની આગવી છે. લગ્નની ગોઠવણી દરેક સમાજની અલગ-અલગ છે. સ્ત્રી-પુરુષનાં લગ્ન ગોઠવવાં અને તેને સુપેરે સંપન્ન કરવાની વિધિ જગતના દરેક પ્રદેશ તથા સમાજમાં ભિન્ન-ભિન્ન છે. ભારત જેવા દેશમાં બહુવિધ જ્ઞાતિ-જાતિના સમાજોમાં લગ્નની વિધિ નોંખી-નોંખી રીતે થતી જોવા મળે છે. આ લગ્નવિધિને આધારે જે તે સમાજની સામાજિક-સાંસ્કૃતિક પરંપરા ઉજાગર થવા પામે છે. એટલે અહીં આપણે ચૌધરી સમાજમાં લગ્નના વિવિધ તબક્કાઓને ક્રમાનુસાર લઈને તેમાંથી ઉજાગર થતાં સામાજિક-સાંસ્કૃતિક મૂલ્યોની તારવણી કરવાનો ઉપક્રમ રાખીશું.

લગ્નની ગોઠવણીમાં સૌપ્રથમ આવે છે છોકરા-છોકરી બંને પક્ષના વડીલો અને તે બંનેની મુલાકાત જેના આધારે લગ્નની ગોઠવણ નક્કી થાય છે. એક જ જાતિના હોવા છતાં લગ્નની ગોઠવણ બે ભિન્ન કૂળોમાં જન્મેલા વ્યક્તિઓ વચ્ચે ગોઠવવામાં આવે છે. આથી બે અપરિચિત વ્યક્તિઓ અને કુટુંબોને મેળવવાની-મુલાકાત કરાવી આપવાની જવાબદારી અન્ય વ્યક્તિના માથે આવે છે. આવી વ્યક્તિને જુદા જુદા સમાજોમાં જુદી જુદી સંજ્ઞા આપવામાં આવે છે. ચૌધરી સમાજમાં આવી વ્યક્તિને-લગ્ન ગોઠવી આપનાર વ્યક્તિને 'માઝી' (વચેટિયો માણસ) તરીકે ઓળખવામાં આવે છ. ચૌધરી સમાજમાં લગ્નનો પાયો આવા માઝી દ્વારા નંખાય છે. આ વિગતને લગ્નના પ્રથમ મુદ્દા તરીકે લઈને માઝીની લગ્નની ગોઠવણીમાં શી ભૂમિકા છે તે વિગતે જોઈએ.

**(૧) લગ્નના પાયામાં માઝી :-**

ચૌધરી સમાજમાં વર્ષોથી ચાલી આવેલી પરંપરા પ્રમાણે છોકરી તથા તેના પક્ષના માણસો છોકરી જોવા માટે તેના ઘરે જાય છે. ભારતના બહુવિધ સમાજોમાં જોકે આ જ પરંપરા આપણને જોવા મળે છે. વચેટિયો માણસ એટલે કે માઝી બંને પક્ષથી પરિચિત હોવાના કારણે તે છોકરાના પક્ષે છોકરી પક્ષની સંપૂર્ણ માહિતી રજૂ કરે છે. માઝીની વાત યોગ્ય લાગે પછી છોકરા પક્ષ તરફથી છોકરી જોવા જવાનો પ્રસ્તાવ મૂકવામાં આવે છે. નક્કી કરેલા દિવસે છોકરો અને બીજા બે-ચાર વડીલો કન્યાને ઘેર તેને જોવા માટે જાય છે. છોકરી સાડીમાં સજ્જ થઈ પીવાનું પાણી ગ્લાસમાં આપી આવનારનું સ્વાગત કરે છે. સૌપ્રથમ છોકરી છોકરાના હાથમાં પાણીનો ગ્લાસ આપે છે ત્યાર પછી બીજા વડીલોને આપે છે. આ સમય દરમ્યાન છોકરો અને તેની સાથેના માણસો છોકરીનો દેખાવ અને તેના વ્યક્તિત્વનું નિરીક્ષણ કરી લે છે. બીજી તરફ છોકરી પણ છોકરાને નજીકથી જોઈ લે છે. આમ બંને એકબીજાને બાહ્યદેખાવથી પસંદ-નાપસંદ કરી લે છે. ત્યારબાદ વડીલો બંનેને એકબીજા સાથે વાતચીત કરવાની સંમતિ આપે છે. બંને એકાંતમાં પોતાની પસંદ-નાપસંદ અને જીવનને લગતી અન્ય વાતો કરે છે. આ પછી ચા-નાસ્તો કરી છોકરા પક્ષવાળા ઘરે જવા નીકળી જાય છે. એ પછીના દિવસોમાં છોકરીનાં માતા-પિતા છોકરાનું ઘરબાર, નોકરીધંધો, સ્વભાવ, માલમિલકત, સમાજમાં તેમની આબરુ વગેરેની

માહિતી મેળવે છે. તે પછી તેમના નજીકનાં સગાસંબંધીઓ સાથે ચર્ચા કરી સગાઈ માટેની તૈયારી દર્શાવે છે. આ પછી માઝી બંને છોકરા-છોકરીને પણ એકબીજા વિશેની પસંદગી અંગે પૂછી લે છે. આ રીતે બંને પક્ષની સંમતિ હોય તો તેને ચૌધરી સમાજમાં 'ગમતાગમતી' થઈ તેમ કહેવામાં આવે છે. તે પછી બંને પક્ષના વડીલો ભેગા મળી સારો દિવસ પસંદ કરી સગાઈવિધિ ગોઠવે છે.

**(૨) સગાઈવિધિ - (પીઈણઅ પીવાણઅ):-**

સગાઈની રસમ એ લગ્નજીવનનો પ્રારંભિક અને મહત્ત્વપૂર્ણ પ્રસંગ છે. ચૌધરી સમાજમાં સગાઈવિધિ પુખ્ત ઉંમરનાં યુવક-યુવતીની જ કરવામાં આવે છે. બાળવિવાહ કે બાળલગ્નનું દૂષણ ચૌધરી સમાજમાં જોવા મળતું નથી. સગાઈવિધિ થઈ જાય એટલે છોકરા-છોકરીનાં અડધાં લગ્ન તો થઈ જ ગયેલાં મનાય છે. સગાઈના દિવસે કન્યાના ઘરે તેના આંગણામાં મંડપ બાંધવામાં આવે છે. બંને પક્ષો પોતાના સગાસંબંધીઓને આ પ્રસંગમાં આમંત્રે છે. અને તે સર્વની હાજરીમાં સગાઈની વિધિ કરવામાં આવે છે. ગ્રામજનોને પણ આમંત્રણ આપવામાં આવે છે. આ સમયે વરપક્ષ તરફથી ગોળધાણા લાવ્યા હોય તે વાંસના ટોપલામાં મંડપ નીચે મૂકવામાં આવે છે. બંને પક્ષના વડીલો સમાજના ધારાધોરણ પ્રમાણે લગ્ન અંગેના નિયમો પ્રમાણે કરાર કરે છે. આ કરાર પર બંને પક્ષની સહી કરાવી તેઓને તેની કોપી આપે છે. મંડપની મધ્યમાં ગોળધાણાનો ટોપલો ગોઠવવામાં આવે છે. આ ટોપલાની બંને બાજુએ પાટલા મૂકી વર-કન્યાને તેની પર બેસાડવામાં આવે છે. ગામની વડીલ નારી તેઓને કંકુ-ચોખાની થાળીથી વધાવી બંનેના કપાળમાં કંકુ-ચોખાનું તિલક કરી વરપક્ષ તરફથી લાવેલા ફૂલહાર બંનેને હાથમાં આપે છે. પ્રથમ છોકરો કન્યાના ગળામાં તે ફૂલહાર પહેરાવે પછી કન્યા છોકરાના ગળામાં ફૂલહાર પહેરાવે છે. આ સમયે બંને પક્ષની બહેનો લગ્નગીતો ગાવાનું શરૂ કરે છે. સગાઈવિધિમાં ગવાતાં લગ્નગીતો આ મુજબ છે. એક પછી એક તેના સંદર્ભ સમેત તેમાંથી નીપજતા ચૌધરી સમાજના સામાજિક-સાંસ્કૃતિક સંદર્ભો સમેત જોઈશું.

ગીત-૧

'ઊંચઅ નીંચઅ જોડ્અ, ના શોબેએ બે...ના (૨)

રમેશ લઅડોં બાદછો, ના શોબેએ બે...ના,

ઊંચઅ નીચઅ જોડ્અ, હેદી નેજે બે...ના (૨)

ઊંચઅ નીંચઅ જોડ્અ, ના શોબેએ બે...ના

જોડઅ નીંચઅ હોય તે, ના પાડજે બે...ના(૨)

તા સરખઅ જોડ્અ, હેદી નેજે બે...ના

ઊંચઅ નીંચઅ જોડ્અ, ના શોબેએ બે...ના(૨)'

આ લગ્નગીત કન્યાપક્ષની બહેનો દ્વારા ગવાયું છે. આ જ ગીત વરપક્ષની બહેનો પણ ગાઈ શકે તેવું છે. અહીં કન્યાની બહેનપણીઓ તેની સગાઈ કરતી બહેનપણીને યોગ્ય જીવનસાથી પસંદ કરવાની સલાહ આપી રહી છે. યોગ્ય જોડું હોય તો જ આ સંસાર સાગરમાં આગળ વધી શકાય છે. જેમ રથનાં બે પૈડાં સમાન હોય તો જ રથ સારી ગતિ સાધે છે. વરની ઊંચાઈ ઓછી છે આથી તે ઠીંગણો છે તેમ કહી તેની મશ્કરી કરવામાં આવી છે. લગ્ન જેવા મહત્ત્વના પ્રસંગે એકઠા થયેલા લોકો એકબીજાની મશ્કરી કરી સારું એવું મનોરંજન મેળવે છે. તો જોડે જોડે જીવનસાથી અંગેની યોગ્ય વાત પણ રજૂ કરાઈ છે.

ગીત -૨

ગુલાણકે ચાટો રા રમેશ, છીબ્નઅ નેઈન નાઠો રા... (૨)

ગુલુકા જાણીને રમેશ, પથરો બી ચાટે રા...(૨)

આમારે તીસેરા, રમેશ ખંદાયડો નેજાહું રા...(૨)

હહતાયે કઅય રમેશ, ખીજવાતો નખે રા... (૨)

ગુલાણે ચાટોરા રાકેશ, છીબીઅ નેઈન નાકોરા...(૨)

ગુલુકા જાણીને રાકેશ, ઠેપઅ બી ચાટે રા... (૨)

હહતાયે કઅય રાકેશ, ખિજવાતો નખેરા...(૨)

ગુલાલો ચાટોરા રાકેશ, છીબ્નઅ નેઈન નાકોરા...(૨)'

સગાઈના પ્રસંગે ગોળધાણા વહેંચવામાં આવે છે. આ સમયે વર અને કન્યા પક્ષની સ્ત્રીઓ સામસામે એકબીજાની ટીખળ કરવા માટેનાં ગીતો ગાય છે. આ લગ્નગીત પણ રમેશ

તથા રાકેશ જેવા નામ ધરાવતા પુરુષોની ગોળ માટેની લોલુપતા હાસ્યાસ્પદ રીતે રજૂ કરવામાં આવી છે. તથા તેમના આવા ગીતથી ખિજવાઈ ના જવાની પણ વાત કરે છે. સગાઈમાં હળવી રમૂજ આનાથી ઉત્પન્ન થાય છે. જીવનની સંઘર્ષભરી હાડમારીઓથી દૂર સગાઈ જેવા ઉત્સાહભર્યા પ્રસંગને આવાં ગીતો વધુ આનંદદાયી બનાવે છે.

ગીત - ૩

‘ઊચા રા ઊચો બાયો, કેલાય પાતરે વઅદીનો,
બાઠી યે બાઠી જશુ, ખટો રોપીન વઅદીની...(૨)
ઊંચો રા ઊચો બાયો, તાળાય પાતરે વઅદીનો,
બાઠો યે બાઠો જશુ, ખટો રોપીન વઅદીની...(૨)
ઊચી યે ઊચી બેના કેલાય પાતરે વઅદીની,
બાઠો યે બાઠો જશુ, ખટો રોપીન વઅદીની...(૨)
ઊચી યે ઊચી બેના તાડાય પાતરે બઅદીની,
બાઠો યે બાઠો જશુ, ખટો રોપીન વઅદીની...(૨)’

પોતાના ભાઈની ઊંચાઈ સારી એવી છે તથા તેની વધવાની ગતિ પણ સુંદર છે. તો સામે પક્ષે કન્યા ઠીંગણી છે તે સૂચવવા આ ગીતમાં જુદી જુદી ઉપમાઓ આપવામાં આવી છે. પોતાનો ભાઈ કેળના પાનની જેમ તથા તાડના પાનની જેમ ખૂબ જ ઊંચાઈ ધરાવે છે. જ્યારે સામા પક્ષે કન્યા ખૂંટો રોપી દીધો હોય તેમ ભોંય સંગાથે વાતો કરે છે એટલે કે તે સાવ ઠીંગણી રહી ગઈ છે. આમ, અહીં પોતાના પક્ષને ઊંચો સાબિત કરવામાં આવે છે એ સામા પક્ષના પાત્રને હલકું ચીતરવામાં આવે છે. ચૌધરી સમાજ જે વિસ્તારમાં વસે છે ત્યાં કેળ અને તાડ જોવા મળે છે આથી તેઓ ગીતમાં તેને જોડી કાઢે છે.

ગીત - ૪

‘ઈયા ગુલાણે કા નવાઈ આપડે બેનાયે...
છઅડ છઅડ પાતરે થ્હરી ને જે રમણ ચાટો રા...(૨)
ઈયા પાતરાય કા નવાઈ આપડે બેનાયે...

છઅડ છઅડ ગુલથ્હરી નેજે રમણ ચાટો રા...(૨)

ઈયા ગુલાણે કા નવાઈ આપડે બેનાયે...

છઅડ છઅડ પાતરે થ્હરી નેજે રાજુ ચાટો રા...(૨)

ઈયા ગુલાણે કા નવાઈ આપડે બેનાયે,

વેલે વેલે પાતરે થ્હરી નેજે રાજુ ચાટો રા...(૨)

સગાઈવિધિમાં વહેંચાતા ગોળને લક્ષમાં રાખીને આ ગીત લલકારવામાં આવે છે. કન્યાપક્ષની બહેનો કન્યાને કહે છે કે એવા ગોળની આપણે શી નવાઈ છે ? એટલે કે આપણી પાસે તો ખૂબ જ ગોળ છે, રોજ એટલો વાપરે છે કે તેની કોઈ જ નવાઈ નથી. જ્યારે વર એટલે કે અહીં રમણ પાંદડાઓમાં ગોળ લઈ લે છે એટલો તે ગોળનો લાલચું છે. આ ગીત પણ પોતાના પક્ષને ઊંચો સિદ્ધ કરી સામેના પક્ષને હલકો ચીતરી રમૂજ ઉત્પન્ન કરે છે.

ગીત - ૫

ખાખરિયાં પાનામાં રંગ નથી,

લીલા તોઓરે બોનવામાં ઢંગ નથી...(૨)

ખાખરિયાં પાનામાં રંગ નથી,

લીલા તોઓરે બેસવામાં ઢંગ નથી...(૨)

ખાખરિયાં પાનામાં રંગ નથી,

સીતા તોઓરે ખાવામાં ઢંગ નથી...(૨)

ખાખરિયાં પાનામાં રંગ નથી,

મોહન તોઓરે હસવામાં ઢંગ નથી...(૨)

આ ગીતમાં સામા પક્ષની સ્ત્રીઓ અને પુરુષોમાં બોલવા, ચાલવાની અને ખાવાની જેવી બાબતો અંગેની સારી રીતભાત નથી તેની વાત કરી તેમની અસભ્યતા સૂચવવામાં આવી છે.

ગીત - ૬

અતરે દૂરે સાગઈ નેએદી મારું બાયા રા...(૨)

આવતા જાતા ડબ્બાલ ફાહઅ લાગે મારું બાયા રા...(૨)

આવતા જાતા પાનસો રૂપિયા મારું બાયા રા...(૨)

ઈહી ફાહઅ કીડઅ ખરચી મારું બાયા રા...(૨)

ઈહી ફાડઅ નીમુ ખરચી મારું બાયા રા...(૨)

અતરે દૂરે સગાઈ નેએદી મારું બાયા રા...(૨)

આવતા જાતા બસો રૂપિયા મારું બાયા રા...(૨)

સગાઈ નેઈને ઠગાય ગયે મારું બાયા રા...(૨)

ઈહી ફાડઅ કીદઅ ખરચી મારું બાયા રા...(૨)

ઈહી ફાડઅ શીલા ખરચી મારું બાયા રા...(૨)

અતરે દૂરે સગાઈ નેએદી મારું બાયા રા...(૨)

અહીં દૂરના ગામમાં સગાઈ થઈ હોવાને કારણે આવતાં જતાં પાંચસો રૂપિયા જેટલું ભાડું ખર્ચાઈ જાય છે. ગામડામાં ખેતી અને વનસંપત્તિ પર નભતા આ લોકોને આથી ખાસ્સું આર્થિક ભારણ અનુભવાય છે. જેથી તે ભાડું સામો પક્ષ ખર્ચે એવો વ્યંગ કરે છે. આ લગ્નગીત દ્વારા એ પણ ખ્યાલ આવે છે કે આ લોકો લગ્નસંબંધો મોટાભાગે નજીકના વિસ્તારોમાં જ વિશેષપણે કરતા હશે. જેથી કરીને અવરજવર માટે વધુ આર્થિક ભારણ ન આવે.

ગીત - ૭

કાય ગમી ગઅય ઈયા ગામુડામાં,

કાય ગમી ગઅય મા બાયા રા...(૨)

ઉજાડ ઉજાડ દેખાય ઈયા ગામુડામાં,

નીશ માને ગમે મા મા બાયા રા...(૨)

જરાહની ગમે ઈયા ગામુડામાં,

કાય ગમી ગઅય મા બાયા રા...(૨)

લીલા ગમી ગઅઈ ઈયા ગામુડામાં,

લીલા ગમી ગઅઈ મા બાયા રા...(૨)

નહદા ડોગરા દેખાય ઈયા ગામુડામાં,

નહદા ડોગરા દેખાય મા બાયા રા...(૨)

જરાહની ગમે ઈયા ગામુડામાં,

ઉજાડ ઉજાડ દેખાય મા બાયા રા...(૨)

નહદે બાવલે દેખાય ઈયા ગામુડામાં,

જરાહની ગમે મા બાયા રા...(૨)

કાય ગમી ગઅય ઈયા ગામુડામાં,

કાય ગમી ગઅય મા બાયા રા...(૨)

આ ગીતમાં ચૌધરી બોલીની સાથે સાથે ગામીત ભાષાની પણ છાંટ જોવા મળે છે. ગીત ગાનારી સ્ત્રીઓ વરને કહે છે કે ભાઈ એવા ગામડામાં તમને શું ગમી ગયું ? એ ગામ તો ઉજ્જડ ઉજ્જડ દેખાય છે. અમને તો તે ગામ સહેજપણ ગમતું નથી તો તમને શું ગમી ગયું? પ્રત્યુત્તરમાં પાછી તે જ સ્ત્રીઓ ગાય છે કે વરને કન્યા (લીલા) ગમી ગઈ છે. બાકી તો એ ગામ સાવ ઉજ્જડ છે ને નકરા ડુંગર અને બાવળિયા જ દેખાય છે. અહીં ભૌગોલિક સ્થિતિનો પણ ખ્યાલ આવે છે. જોકે મોટાભાગે બંને પક્ષ પોતાના ગામથી સામેનાનું ગામ આવું ઊતરતું અને ઉજ્જડ જ દર્શાવે છે એટલે સાચી સ્થિતિનો ખ્યાલ મળવો અશક્ય છે.

ગીત - ૭

આમારે રીત કરસન આપાવી દેજે...રા...(૨)

હઅવા દહ કરસન આપાવી દેજે...રા...(૨)

રીત વગાર કરસન આજો ની છોડજે રા...(૨)

આમારે રીત કરસન આપાવી દેજે...રા...(૨)

હઅવા એકવી કરસન આપાવી દેજે...રા...(૨)

આમારે રીત વેવાણ આપાવી દેજે...રા...(૨)

હઅવા દહઅ વેવાણ આપાવી દેજે...રા...(૨)

રીત વગાર વેવાણ આમે ની છોડજે...યે...(૨)

અમારે રીત મીના આપાવી દેજે...રા...(૨)

હઅવા પચ્ચી મીના આપાવી દેજે...રા...(૨)

લગ્ન વખતે જે આર્થિક વ્યવહાર કરવાનો છે તેનું પ્રતિબિંબ પાડતું આ ગીત છે. સમાજના બંધારણ પ્રમાણે માત્ર સવા દશ રૂપિયાનો જ વ્યવહાર કરવાનો છે. આથી વરપક્ષને કોઈ વિશેષ આર્થિક ભારણ આવી ન જાય. ચૌધરી સમાજમાં દહેજ બિલકુલ પણ લેવામાં કે આપવામાં આવતું નથી. સમાજે નક્કી કરેલા બે-પાંચ કે દશ રૂપિયાનું ચલણ પ્રતીક રૂપે આપવામાં આવે છે. આમ, આ ગીત દ્વારા ચૌધરી સમાજમાં લગ્નમાં થતા આર્થિક વ્યવહારની માહિતી પ્રાપ્ત થાય છે. ઓછી આવક ધરાવતા લોકો પણ પોતાનાં સંતાનોના લગ્ન સારી રીતે કરી શકે તેનો પૂરતો ખ્યાલ રાખીને સામાજિક બંધારણ ઊભું કરવામાં આવ્યું છે તેમ કહી શકાય. આ રીતે જોતાં તે સમયના તેમના વડીલોની દૂરંદેશી અને વ્યવહરુપણાનો ખ્યાલ આવે છે.

ગીત - ૯

કાઈએ મારું...બે...ના બદો જ ગુલ વેરી જ વલ,
કાઈરા ચીમન લઅડોં રા ઊંદોને ઉબળો ચાટી જ વલ..(૨)
કાઈએ મારું...બે...ના બદો જ પાતરે વેરી જ વલ,
કાઈરા ચીમન લઅડોં રા ઉંદોને ઉબળો ચાટી જ વલ...(૨)
કાઈએ મારું...બે...ના બદો જ ગુલ વેરી જ વલ,
કાઈએ સીમા લઅડીં બદો..જ ગુલ ચાટી જ વલ...(૨)
કાઈએ મારું...બે...ના બદો જ પાતરે વેરી જ વલ,
કાઈએ મીના હેજી બદે...જ પાતરે ચાટી જ વલ...(૨)

સગાઈવિધિમાં ગોળધાણા દ્વારા ઉપસ્થિતોનું મોં મીઠું કરાવવામાં આવે છે. સગાઈ અને લગ્ન બંનેમાં ગોળનું માહાત્મ્ય આ સમાજમાં વિશેષ છે. પોતાના જ વિસ્તારમાં, પોતાના જ ખેતરોમાં તે પકવવામાં આવે છે. આથી તેને માટે કોઈ વિશેષ ખર્ચ પણ ન કરવો પડે તેનો પણ ખ્યાલ રખાયો છે. આ ગોળ તરફના આકર્ષણને કહો કે લોલુપતાને કેન્દ્રમાં રાખીને ઘણાં લગ્નગીતો ગવાય છે. આ લગ્નગીતમાં પણ ગાનારી સ્ત્રીઓ તેમની ગોળ વહેંચનારી બહેનને

ગોળ નીચે વેરી નાખવાનું કહે છે. આથી નીચે જમીન પર પડી ગયેલો ગોળ પણ વર અથવા તો તેના નજીકના સગાસંબંધીઓ, પુરુષ કે સ્ત્રી નીચે ઊંધા પડીને પણ ચાટે છે. આ રીતે સામાપક્ષની ગોળ લોલુપતાને દર્શાવીને તેમની હાંસી ઊડાડવામાં આવે છે. એવી રીતે ક્રમશઃ જુદા જુદા સંબંધીઓના નામ વારાફરતી ગીતમાં જોડીને ગોળ ચાટવાની લોલુપતા અને હાંસીજનક રીત દર્શાવાઈ છે. આ દ્વારા મજાક મશ્કરીનું હળવું વાતાવરણ નિર્માણ થાય છે.

ગીત - ૧૦

આપડે ઈસે વાડી રા ફાયા વાડીમાં મોગરો..(૨)
તો મોગરો ખીલે હે રા ફાયા સુગંધી મારે હે રા...(૨)
સુગંધી મારે કાઈ લીલા પાછાલથી દોડે હેરા...(૨)
આપડે ઈસે વાડી રા ફાયા વાડીમાં ગુલાબ..(૨)
તો ગુલાબ ખીલે હે રા ફાયા સુગંધી મારે હે રા...(૨)
સુગંધી મારે કાઈ મીના પાછાલથી દોડે હેરા...(૨)
આપડે ઈસે વાડી રા ફાયા વાડીમાં ચંપા યે..(૨)
તો ચંપો ખીલે હે રા ફાયા સુગંધી મારે હે રા...(૨)
સુગંધી મારે કાઈ મહેશ પાછાલથી દોડે હેરા...(૨)
આપડે ઈસે વાડી રા ફાયા વાડીમાં ચમેલી...(૨)
તો ચમેલી ખીલે હે રા ફાયા સુગંધી મારે હે રા...(૨)
સુગંધી મારે કાઈ રાકેશ પાછાલથી દોડે હેરા...(૨)

આ ગીતમાં કહેવામાં આવ્યું છે કે આપણી વાડીમાં મોગરો ખીલ્યો છે. જેની મીઠી સુગંધથી લીલા પાછળ પાછળ દોડી રહી છે. અહીં પોતાના પક્ષનો મહિમા કરવામાં આવ્યો છે. પોતાના પક્ષે સરસ મજાની વાડીઓ પણ છે ને તેમાં સુંદર સુગંધવાળા મોગરાનાં ફૂલો પણ છે. જેને મેળવવા સામા પક્ષની જુદી જુદી સ્ત્રીઓ આપણી પાછળ પાછળ ફરે છે. વાડીમાં મોગરા ઉપરાંત ગુલાબ, ચંપો અને ચમેલી જેવાં બીજાં પણ સુગંધી ફૂલો છે જેને પ્રાપ્ત કરવા સામા પક્ષની સ્ત્રીઓ પાછળ પાછળ ફરે છે. આમ પોતાના પક્ષની સમૃદ્ધિ વર્ણવીને સામેના પક્ષની

લાચારી બતાવવાનો અહીં પ્રયાસ છે. એ દ્વારા અંતે તો બંને પક્ષોમાં મજાક ને હાંસી દ્વારા પ્રેમની ઉષ્મા જ વધે છે.

આમ, સગાઈવિધિનાં આ લગ્નગીતો છે જેમાં મજાક-મશ્કરી દ્વારા સગાઈના આનંદને વ્યક્ત કરવામાં આવ્યો છે. એકબીજાના પક્ષને ઉતરતો, હલકો ચીતરવામાં આવે છે પરંતુ તે માત્ર હળવા આનંદ માટે જ. ચૌધરી સમાજમાં સગાઈવિધિમાં બહુ મોટો ખર્ચ કરવામાં આવતો નથી અને સાદાઈથી સગાસંબંધીઓની હાજરીમાં આ વિધિ સંપન્ન કરવામાં આવે છે.

**(૩) કંકોત્રી - આમંત્રણ (વેએવાણે નોતરે) :**

કન્યા અને વરપક્ષના વડીલો ભેગા મળીને લગ્નની તારીખ નક્કી કરે છે. સૌની અનુકૂળતાનો તેમાં સવિશેષ ખ્યાલ રાખવામાં આવે છે. એ રીતે તારીખ, વાર નક્કી થયા પછી સગાસંબંધીઓને આમંત્રણ આપવામાં આવે છે. આમંત્રણ આપવાની પદ્ધતિ ચૌધરી સમાજમાં જુદા પ્રકારની છે. અહીં હળદર-કંકુથી રંગેલા લાલ-પીળા ચોખા સંબંધીઓના ઘરના મુખ્ય દરવાજાની બંને બાજુ મૂકી લગ્નનું આમંત્રણ આપવાનો રિવાજ છે. આ પ્રકારની પદ્ધતિને રજૂ કરતું લગ્નગીત પણ છે જુઓ;

‘રંગીલા ચોખા યે, બેના વેરીના કા કાયની,
ચોખા વેરતી તિયા બેના, સંગાતે આવચે યે... (૨)
રંગીલા ચોખા યે, બેના વેરીના કા કાયની,
ચોખા વેરતી તિયા બેના, સંગાતે આવચે યે... (૨)’

આ ગીતમાં ગામની ભેગી થયેલી સ્ત્રીઓ કન્યાને પૂછે છે કે તેં હળદર-કંકુથી રંગેલા ચોખા વેર્યા કે નહીં ? લગ્નની ઘડી આવી ગઈ હોવા છતાં હજુ સુધી સાસરે ગયેલી બહેન કે બીજી બહેનપણીઓ આવી નથી. તેમની ગેરહાજરીમાં બધું સુમસામ અને ઉત્સાહ વગરનું લાગે છે. તેમના વિના આ લગ્ન જાણે અધુરું અધુરું લાગે છે. એટલે તેમને તેં આમંત્રણ આપ્યું હોય તેમ લાગતું નથી નહીં તો તેઓ આવ્યા વિના રહે જ નહીં. આ ગીતમાં ક્રમશઃ હર્ષ, શોક અને આતુરતાના સુંદર ભાવનું મિશ્રણ થયેલું છે. આમ, આ ગીતમાં ચૌધરી સમાજમાં લગ્નમાં

આવવા માટે આપવામાં આવતા કંકુ-હળદર મિશ્રિત ચોખાનો ઉપયોગ તેમની પરંપરાગત-સાંસ્કૃતિક વ્યવસ્થાને ઉજાગર કરે છે.

જોકે આધુનિક સમયમાં આ સમાજમાં હવે તો શિક્ષણ અને નોકરીના કારણે ઘણું પરિવર્તન આવતું જાય છે. આથી હવે તો બધા જ પરિવારોમાં મોટાભાગે લગ્નનું આમંત્રણ આપવા માટે પ્રેસમાં છપાવેલી કંકોત્રીનું જ ચલણ સવિશેષ જોવા મળે છે. આવી છપાયેલી કંકોત્રીના ઉલ્લેખો પણ લગ્નગીતોમાં વણાયેલા છે જુઓ;

'ભાઈએ મોકની બેનાણે દરબાર રે...

બનેવી વેલા, આવજો.. (૨)

ભાઈએ મોકની મામાણે દરબાર રે...

મામીજી વેલા, આવજો...(૨)'

દૂર રહેતાં બહેન-બનેવી, મામા-મામી, કાકા-કાકી, ફોઈ-ફુઆ વગેરે સંબંધીઓને લગ્નની કંકોત્રી મળતાં વહેલામાં વહેલી તકે લગ્નમાં આવવાનું ઈજન પાઠવવામાં આવ્યું છે.

**(૪) મંડપ મુહૂર્ત (માંડવાણે મૂરુત) :**

લગ્નમાં મંડપ મુહૂર્તની વિધિ ખાસ્સું મહત્ત્વ ધરાવે છે. વર અને કન્યા બંનેના ઘરના આંગણામાં માંડવો તૈયાર કરવામાં આવે છે. ખાસ કરીને લોકો ચાર થાંભલાવાળો કે બાર થાંભલાવાળો મંડપ બાંધે છે. મંડપ તૈયાર કરવા માટે ગામના જુવાનિયા અને નાના બાળકો ભેગાં થઈ બળદગાડું લઈ જંગલમાં જાય છે અને ત્યાંથી જાંબુડાની ડાળખીઓ, આંબાની ડાળખીઓ, ઉંબરાની ડાળખીઓ વગેરે કાપીને ભેગી કરી ગાડું ભરીને ઘરે લઈ આવે છે. તેમાં જે થાંભલો રોપવાનો હોય તેને પાણીથી પવિત્ર કરી કંકુ-ચોખા, હળદરથી પૂજા કરી આંબા, ઉંબરાનાં પાનનાં તોરણ બાંધવામાં આવે છે. ખાડામાં થાંભલો રોપતાં પહેલાં કંકુ-ચોખા, હળદર અને સવારૂપિયો કે સવા પાંચ રૂપિયા ખાડામાં અંદર મૂકવામાં આવે છે. પછી થાંભલો અને એની સાથે સમળી (વૃક્ષની એક જાત)ની ડાળખી સાથે થાંભલો ખાડામાં રોપવામાં આવે છે અને છેલ્લે નાળિયેર વધેરી બધાને એનો પ્રસાદ આપવામાં આવે છે. અહીં મંડપ મુહૂર્તવિધિ પૂર્ણ થાય છે. ત્યાર પછી બીજા થાંભલા રોપી આખો મંડપ તૈયાર કરવામાં આવે છે. પછી મંડપ ઉપર

જાંબુડાની ડાળિયો પાથરવામાં આવે છે અને મંડપની ફરતે ચારે દિશામાં આંબાના પાન અને આસોપાલવનાં પાનનાં તોરણો બાંધવામાં આવે છે.

પૂરેપૂરો મંડપ તૈયાર થઈ ગયા પછી કોરી ચાદરમાં કંકુ-ચોખાથી વધેરેલું નાળિયેર અને સવારૂપિયો બાંધી ચાદરને મંડપની મધ્યમાં બાંધવામાં આવે છે. પૂરેપૂરો મંડપ તૈયાર થયા પછી ગામની બહેનો નીચે પ્રમાણેનું ગીત લલકારે છે,

'છ બેલીનો માંડવળો, ભાઈ રે... લગન (૨)

એક થાંભલો બીજો નાંખ, તૈયાર માંડવો પાકો થાય. (૨)

બાર બેલીનો માંડવળો, ભાઈ રે... લગન (૨)

લીલી ડાળખી બીજી નાંખ, તૈયાર માંડવો પાકો થાય (૨)'

આ ગીતમાં થાંભલા નાખી મંડપ તૈયાર કરવાની વાત કહેવામાં આવી છે. તૈયાર મંડપ ઉપર લીલી ડાળખી નાખી મંડપની શોભા અને ઉમંગની ઘડીને વધાવી તૈયાર કરેલા મંડપ નીચે ભાઈના લગ્ન શોભી રહ્યા છે એવું કહેવામાં આવ્યું છે.

આમ, ગીતમાં 'છ બેલી' અને 'બાર બેલી', 'લીલી ડાળખી' આવા શબ્દ ખુશીના સંદર્ભમાં પ્રયોજીને જે વ્યક્તિ માટે માંડવો બાંધ્યો છે એ લગ્નથી જોડાતા એમના જીવનમાં હરિયાલી ખીલી ઊઠશે એમ પણ ગર્ભિત રીતે સૂચન કરવામાં આવ્યું છે.

કન્યાના આંગણામાં આજે ખુશીનો માહોલ દેખાઈ રહ્યો છે. પરંતુ બીજી તરફ કન્યા વિદાયની ઘડી પણ આવનારી છે એને વાચા આપી નીચેનું ગીત ગાયિકાઓ રમતું મૂકે છે,

'વચલે થાંભલે થાંભલે ફોટો મૂકી દે.. બેના,

હંગાતીણે આવી ફોટો હેદીન રડે યે... બેના (૨)

વચલે થાંભલે થાંભલે માઈક મૂકી દે... બેના,

બેનપઅણે આવી માઈક ઉનાઈન રડે યે...બેના (૨)

વચલે થાંભલે થાંભલે રૂમાલ મૂકી દે... બેના,

દોસ્તાર આવી રૂમાલ હેદીન રડે યે... બેના (૨)'

આ ગીતની પંક્તિમાં કન્યાને સંબોધીને કહેવામાં આવ્યું છે કે, તારા લગ્ન છે એવી જાણ બધા મિત્રોને થવી જોઈએ. એ માટે થાંભલા સાથે તારો ફોટો મૂકી દે. માઈક, રૂમાલ વગેરે વસ્તુઓ જોઈ જોઈ બધા મિત્રો રડ્યા કરશે એવું જણાવે છે.

આમ, સાસરે જતી કન્યા માટે બાળપણના મિત્રોની માયા વધુ હોય છે એ સ્વાભાવિક છે. એટલે એને ત્યજીને હવે સાસરે ચાલી જવાનો સમય આવી ચૂક્યો છે. તેથી માત્ર અમારી પાસે હવે મિત્રતાની નિશાની સિવાય કશું જ નહિં રહે એવો મિત્રોનો દાવો છે એવો ગૂઢાર્થ સમાયો છે. આ સિવાય આ પ્રસંગે બીજાં પણ લગ્નગીતો ગાવામાં આવે છે દા.ત.

આ રંગ તો કયા શેરમાં વેચાય રે રંગ,
રંગ મારો મોંઘેરો.... (૨)
આ રંગ તો સુરત શેરમાં વેચાય રે રંગ,
રંગ મારો મોંઘેરો.... (૨)
આ રંગ તો પાવલી પાશેર વેચાય રે રંગ,
રંગ મારો મોંઘેરો.... (૨)
આ રંગ તો ઈલા બેનને લાગ્યો રે રંગ,
રંગ મારો મોંઘેરો.... (૨)
આ રંગ તો કયા શેરમાં વેચાય રે રંગ,
રંગ મારો મોંઘેરો.... (૨)
આ રંગ તો માંડવી શેરમાં વેચાય રે રંગ,
રંગ મારો મોંઘેરો.... (૨)
આ રંગ તો રૂપિયે પાનશેર વેચાય રે રંગ,
રંગ મારો મોંઘેરો.... (૨)
આ રંગ તો વ્યારા શેરમાં વેચાય રે રંગ,
રંગ મારો મોંઘેરો.... (૨)

આ ગીતમાં રંગ એ પીઠીના સંદર્ભે વપરાયો છે. આ પીઠી કયા શહેરમાં વેચાય છે ? તેનો શું ભાવ છે અને તે કોને લાગ્યો છે ? જેવી વિગતો સમાવિષ્ટ કરેલી છે. જીવનમાં એક નવીન પ્રસ્થાન- લગ્ન સંદર્ભે આ રંગની કિંમત મહામૂલી ગણાય એટલે રંગને મોંઘેરો જેવું વિશેષણ સહજ રીતે અપાયું છે તે યોગ્ય છે. મંડપમૂહુર્ત થયા પછી પીઠી ચોળવાની રીત આવતી હોવાને કારણે રંગ વિશેષનું આ ગીત ઉપયોગી નીવડે છે.

**(૫) પીઠી લગાવવી (હલ્દઅ ચોલવાણ્અ) :**

પીઠી લગાવવાની રીત એ લગ્નપ્રસંગની મહત્ત્વની રીત છે. લગભગ હિંદુ ધર્મની દરેક જ્ઞાતિ-જાતિઓમાં પીઠી લગાવવાની કે ચોળવાની પરંપરા વર્ષોથી હજી આજે પણ જળવાઈ રહી છે. ચૌધરી સમાજમાં પણ મંડપમુહૂર્તના દિવસે સવારે મંડપ સંપૂર્ણ તૈયાર થઈ ગયા પછી પીઠી લગાવવાની વિધિ શરૂ કરવામાં આવે છે. વર કે કન્યાને પીઠી લગાવવા માટે સવાશેર હળદરનું પ્રમાણ રાખવામાં આવે છે. એમાં સવારે, બપોરે, સાંજે અને રાત્રે બાર વાગ્યે એમ કુલ ચાર વખત હળદર (પીઠી) લગાવી સવાશેર હળદરને પૂરી કરવામાં આવે છે.

ઘરના મુખ્ય રૂમની દિવાલ પર ગણેશજીનું ચિત્ર દોરી ગણેશ સ્થાપના વિધિ કરવામાં આવે છે. કાંસાની થાળીમાં પ્રમાણસર હળદર લઈ ચોખાનાં ઓસામણમાં હળદર ઓગાળી પીઠી તૈયાર કરવામાં આવે છે. તૈયાર કરેલી પીઠીની થાળી લઈ ગામના વડીલો, ગામનું સ્ત્રીવૃંદ, વરરાજા કે કન્યા બધા ભેગા થઈ ઢોલનગારાં વગાડતાં સિમડિયા દેવના સ્થાનકે પીઠી લગાવવાની વિધિ કરવા પહોંચે છે. ત્યાં સિમડિયા દેવને દીપ-ધૂપ કરી નાળિયેર વધેરી પૂજા કરી પછી વર કે કન્યાને દેવની સામે ઊભા રાખી બે કિશોરો અને બે કિશોરીઓ વર કે કન્યાની આગળ પાછળ ઊભા રાખવામાં આવે છે. ચારે બાળકોને હાથમાં હળદર લગાવેલાં ઊંબરાનાં પાન અને આંબાનાં પાન આપવામાં આવે છે. એ પીઠીવાળાં પાન કન્યા કે વરને માથેથી પગ સુધી ઘસી પીઠીને બે વખત લગાવવામાં આવે છે. સિમાડિયા દેવની પૂજા, પીઠીની વિધિ પૂર્ણ થયા પછી વર કે કન્યાને ઘરે મંડપ નીચે પીઠી લગાવવામાં આવે છે.

મંડપ નીચે પીઠી લગાવવા માટે કન્યા કે વરની ભાભીઓ થતી હોય એ જ પીઠી લગાવે છે. કન્યા કે વરને મંડપ નીચે પાટલા ઉપર ઊભા રાખી પ્રથમ આખા શરીરે તેલ લગાવે ત્યાર પછી પીઠી લગાવવામાં આવે. આ વિધિ દરમ્યાન ગાયિકા બહેનો પીઠીનાં ગીતો ગાય છે,

'અંતરઅ હલ્દ્અ યે, બેનીણેં કિડે મોક્નાવયઅ યે... (૨)

મામોહો વેપારી યે, બેનીણેં મામીહી યે મોક્નાવયઅ યે... (૨)

અતરો કંકુ યે, બેનીણેં કિડે મોક્નાવયઅ યે... (૨)

કાખાહાય દુકાન યે, બેનીણેં કાખીહીયે મોક્નાવયઅ યે... (૨)

આ ગીત કન્યા, વરરાજા બંનેને સંબોધીને ગાઈ શકાય છે. લગાવવામાં આવેલી પીઠી કોણે મોકલાવી છે ? એવો પ્રશ્ન કરી એના જવાબમાં મામા-મામી, કાકા-કાકીનો ઉલ્લેખ કરી કન્યાનાં સંબંધિયો આર્થિક રીતે સદ્ધર છે તેનો ચિતાર પણ આપણને અહીં મળે છે. તો કન્યાને સંબોધી વરરાજાની આર્થિક સ્થિતિ નબળી છે એવો ગર્ભિત અર્થ પ્રગટ કરતી નીચેની પંક્તિઓ જોઈએ,

'લીલી પીળી પીઠી ચોળી, આમાં બેનાણેં...(૨)

ચૂનામાંણો ફૂમ્બરો લાગો, રમેશ લઅડાંણે...(૨)

લીલી પીળી પીઠી ચોળી, આમાં બેનાણેં...(૨)

ચૂનામાંણો કોયનો લાગો, રમેશ લઅડાંણે... (૨)'

આ ધ્રુવપંક્તિમાં કન્યા માટે લીલા-પીળા રંગની પીઠી લગાવવામાં આવી છે જ્યારે વરરાજાને તો ચૂલામાંની રાખ અને કોલસો લગાવવામાં આવ્યા છે. આમ વરરાજાને સંબોધી એમની મજાક ઊડાવી ગીતનો લહાવો લૂંટતી સ્ત્રીઓ જોઈ શકાય છે.

મંડપ નીચે વર કે કન્યાને પીઠી લગાવવાનું કાર્ય પૂરું થયા પછી બંને ભાભીઓ મળી વર કે કન્યાને ઊંચકીને ઘરમાં લઈ જાય છે. જ્યાં ગણેશજીની છબી દોરેલી હોય એમની બાજુમાં તેમને બેઠક ગ્રહણ કરાવે છે. પીઠીને લગતું એક વધુ લગ્નગીત જેમાં પીઠીમાં ઉમેરાતી વિવિધ સામગ્રીનો પણ પરિચય પ્રાપ્ત થાય છે.

કાચચી કેરીનું કાચું હળદ રે... ભમ્મરીયા... (૨)

બેન તને કોણે ચડાવ્યું કાચું હળદ રે...ભમ્મરીયા... (૨)

બેન તને બાપુએ ચડાવ્યું કાચુ હળદ રે ભમ્મરીયા... (૨)

કાચી કેરીનું કાચું તેલ રે.. ભમ્મરીયા... (૨)

બેન તને ભાઈએ ચડાવ્યું કાચુ તેલ રે..ભમ્મરીયા... (૨)

બેન તને ભાભીએ ચડાવ્યું કાચુ તેલ રે.. ભમ્મરીયા... (૨)

બેન તને કોણે ચડાવ્યા કાચા ચોખા રે...ભમ્મરીયા... (૨)

બેન તને બનેવીએ ચડાવ્યા કાચા ચોખા રે...ભમ્મરીયા... (૨)

કાચી કેરીનું કાચો કંકુ રે.. ભમ્મરીયા... (૨)

બેન તને ભાભીએ ચડાવ્યો કાચો કંકુ રે...ભમ્મરીયા... (૨)

બેન તને કોણે ચડાવ્યું કાચુ હળદ રે...ભમ્મરીયા... (૨)

બેન તને મામાએ ચડાવ્યુ કાચુ હળદ રે... ભમ્મરીયા... (૨)

આ ગીતમાં કન્યાને કોણે કોણે હળદર, તેલ, કંકુ, ચોખા વગેરે જેવી સામગ્રી લગાવી તેની વિગતો લયાત્મક રીતે મૂકાઈ છે. અહીં કાચી કેરી, કાચું તેલ, કાચા ચોખા કે કાચું હળદ દ્વારા કન્યા હજુ ખૂબ જ નાની કે કાચી કુંવારી છે એમ કહી તેની કુમાશ વર્ણવવાની એક આસ્વાદ્ય પ્રયુક્તિ પ્રયોજાઈ છે. પીઠીને લગતાં ગીતોમાં આ પીઠીની રસમમાં કોણ કોણ કેવી રીતે સામેલ થાય છે તેનું પણ વર્ણન હોય છે, તથા આ પીઠી કયા કયા સગાસંબંધીઓએ મોકલાવી છે તેનું આલેખન પણ જોવા મળે છે,

અતરઅ હલ્દઅ યે બેનીણે

કીડે મોકનાવ્યઅ.... (૨)

અતરઅ હલ્દઅ યે બેનીણે

મામીએ મોકનાવ્યો.... (૨)

મામોહ વેપારી યે બેનીણે

મામીએ મોકનાવ્યો...(૨)

અતરો કંકુ બેનીણે

કીડે મોકનાવ્યઅ.... (૨)

અતરો કંકુ યે બેનીણે

કાખીહીયે મોકનાવ્યો.... (૨)

કાખાહાય દુકાન યે બેનીણે

કાખીહીયે મોકનાવ્યો.... (૨)

આ ગીતમાં કહેવામાં આવ્યું છે કે હળદર કોણ મોકલાવી છે તો કે મામીએ મોકલાવી છે. કારણ કે મામો વેપારી છે આથી તેમની આર્થિક સ્થિતિ સારી હોવાને કારણે તે હળદર ભાણી કે ભાણા માટે મોકલાવે છે. એવી જ રીતે કાકીએ મોકલાવી છે કારણ કે કાકા દુકાને બેસે છે. આમ જુદા જુદા સંબંધીઓના નામ લઈને હળદર સગાંઓએ મોકલાવી છે ને તે સારી આર્થિક સ્થિતિ ધરાવે છે તેનો ઉલ્લેખ પણ કરવામાં આવે છે.

તાપી જિલ્લાનાં ગામડાંઓમાં ખાસ કરીને પ્રથમ પીઠી લગાવવાની વિધિ સિમાડિયા દેવસ્થાનકે કરવામાં આવે છે. જ્યારે સુરત જિલ્લાનાં માંડવીનાં આસપાસનાં ગામોમાં પ્રથમ પીઠી લગાવવાની વિધિ મંડપ નીચે જ કરવામાં આવે છે. જ્યારે ઝંખવાવ, માંગરોલ વિસ્તારનાં ગામોમાં ગણેશ સ્થાપના કરી હોય ત્યાં વર કે કન્યાને પાટલા ઉપર બેસાડીને પ્રથમ પીઠી લગાવવાની વિધિ કરવામાં આવે છે.

ચૌધરી સમાજમાં હવે તો ઘણો સુધારો આવી ગયો છે. વર કે કન્યાની શાતકવિધિ બ્રાહ્મણના હસ્તે કરવામાં આવે છે. જો કન્યા હોય તો પીઠીના બીજા દિવસે એટલે કે લગ્નના દિવસે સવારે શાતકવિધિ કરવામાં આવે છે. જ્યારે વરરાજા હોય તો એમની શાતકવિધિ પીઠીના દિવસે જ કરવામાં આવે છે. પીઠીને લગતાં ગીતોમાંથી આ લોકપ્રિય રસમમાં કોણ કોણ સામેલ થાય છે તેની વિગતો પ્રાપ્ય બને છે.

**(૬) કન્યા કે વરને સ્નાન કરાવવાની વિધિને લગતાં ગીતો (નાડી કા નાડાણેં ઉંગ્લાવવાની વિઈદી) :**

પીઠી લગાવવાની રસમ ઉત્સાહપૂર્વક કર્યા બાદ બીજા દિવસે સવારે વર કે કન્યાને સ્નાન કરાવવા માટે મોટો હાંડો ભરીને ગરમ પાણી મંડપ નીચે મૂકવામાં આવે છે. આ પાણીથી વર કે કન્યાને પાટલા પર બેસાડીને તેની ભાભીઓ નવડાવે છે.

પીઠીના બીજા દિવસે સવારે વર કે કન્યાને નવડાવવા માટે મોટો હાંડો (મોટું તપેલું) ભરીને ઊનું પાણી મંડપ નીચે મૂકવામાં આવે છે. વર કે કન્યાને પાટલા ઉપર બેસાડી ભાભીઓ નવડાવે છે. લોટામાં દહીં ભરી (શુકન માટે) આંબાના પાન અને ઉંબરાના પાનથી લોટામાંનું દહીં હલાવતાં હલાવતાં ભાભીઓ વર કે કન્યાના માથા ઉપર રેડે છે. આ સમયે બહેનો ગીત ગાય છે,

'પાટુલે બેસી મારા, મોટાભાઈ નાયા રે... (૨)
ઉકડે બેસી પેલા, લીલા ભાભી નાયા રે... (૨)
તાપીએ બેસી મારા, મોટાભાઈ નાયા રે... (૨)
કૂવાએ બેસી પેલા, લીલાભાભી નાયા રે... (૨)'

ઉપરની ગીતની પંક્તિમાં વરરાજાને પાટલા ઉપર બેસાડીને નવડાવવાની વાત કરવામાં આવી છે જ્યારે કન્યાને ઉકરડા ઉપર બેસાડીને નવડાવવાની વાત કરી છે. આમ વરરાજાની આર્થિક સ્થિતિ કન્યા કરતાં ચઢિયાતી બતાવી વાતાવરણને મનોરંજન તરફ઼ ઢાળવામાં આવે છે. બીજું એક ગીત,

બાયાણે નાવણ કરતા કહીં જ વાર લાગી રે... (૨)
નીરૂ તે માંડવે ચડીને બાયાણે વાટ હેરે રા...(૨)
બાયાણે મઅગો બુસટ પેરતા વાર લાગી રે... (૨)
બાયણે મઅગો પેન્ટ પેરતા વાર લાગી રે... (૨)
બાયાણે નાવણ કરતા કહીં જ વાર લાગી રે... (૨)
મીના તે માંડવે ચડીને બાયાણે વાટ હેરે રા...૨)

બાયાણે મઅગી વેંટી પેરતા વાર લાગી રે... (૨)

બાયાણે મઅગી ચેન પેરતા વાર લાગી રે... (૨)

બાયાણે નાવણ કરતા કહીં જ વાર લાગી રે... (૨)

લતા તે માંડવે ચડીને બાયાણે વાટ હેરે રા...(૨)

બાયાણે મઅગા બૂટ પેરતા વાર લાગી રે... (૨)

હેમુ તે માંડવે ચડીને બાયાણે વાટ હેરે રા...(૨)

ઉપરની ધ્રુવપંક્તિમાં વરરાજાને નાહવામાં અને તૈયાર થવામાં ખૂબ વાર લાગે છે જેથી કન્યા અધીરતાથી જાનૈયાઓની રાહ જોઈને બેઠી છે એવું કહેવામાં આવ્યું.

આમ નાહવા માટે ઊનું પાણી કન્યા કે વરરાજાની ઉપર રેડી નાહવાનાં સાબુથી ઘસીઘસીને શરીર પર ચોટેલી હળદર (પીઠી) દૂર કરવામાં આવે છે. જો કન્યા હોય તો ઘરમાં જઈ શકે છે.જ્યારે વરરાજા હોય તો તેને મંડપ નીચે જ તૈયાર થઈ બેઠક લેવી પડે છે. અને જાનૈયાઓ સાથે ત્યાંથી જ જોતરાઈ જવું પડે છે. ભાભીઓ નવડાવે તે પછી પૃચ્છા કરે છે કે હળદર ને તેલ ચડ્યું છે કે નહીં તેને લગતું ગીત..

ઉને પાયણે નાયા કે નાય રે... ભાઈ

ભાઈને હળદ ચયડું કે નાય રે... ભાઈ

ઉને પાયણે નાયા કે નાય રે... ભાઈ

ભાઈને કંકુ ચયડું કે નાય રે... ભાઈ

ઉને પાયણે નાયા કે નાય રે... ભાઈ

ભાઈને તેલ ચયડું કે નાય રે... ભાઈ

આ ગીતમાં ભાઈ ઊના પાણીએ નાહ્યા કે નહીં અને તેમને લગાવેલી હળદર, કંકુ અને તેલ ચડ્યું કે નહીં - એટલે કે તેનો રંગ તેમના શરીર પર ઉપસ્યો કે નહીં તેની પૃચ્છા કરે છે. તો ઘણીવાર વરરાજા કે કન્યાને પાસેની નદીમાં પણ નહાવા જવાનું હોય છે અને તેને લગતું ગીત..

તાપીમાં હેલઅ તાતઅ પાણી રે,

મોટીબેન એક મેરે બેસીને નાજો રે... (૨)

સાસુ સસરાની શરમ નખે રાખતી યે,

મોટીબેન એક મેરે બેસીને નાજો રે... (૨)

તાપીમાં હેલઅ તાતઅ પાણી રે,

મોટીબેન એક મેરે બેસીને નાજો રે... (૨)

તાપીમાં ગરમ-ઠંડુ પાણી છે જેથી મોટીબેન એક કિનારે બેસીને શાંતિથી નાહજો સાસુ કે સસરાની બિલકુલ શરમ રાખશો નહીં. કન્યા પક્ષની બહેનો કન્યાને શાંતિથી નહાવાની અને તેને માટે નદીએ ગરમ-ઠંડા પાણીની વ્યવસ્થા રાખી છે તેવી રમ્ય કલ્પના કરીને આનંદ નિપજાવે છે.

**(૭) જાન જવાની તૈયારી (જાન નિકિલવાણી તિયારીમાં હોય તિયા) :**

જે દિવસે જાન જવાની હોય તે દિવસની તૈયારી અને તેને લગતાં ગીતોમાં તે સમયનો ઉત્સાહ અને સમગ્ર વિધિનું બયાન આ સમયે ગવાતાં ગીતોમાંથી પ્રાપ્ત થાય છે. બીજા દિવસે નક્કી કરેલ સમયે વરરાજા કન્યાને પરણવા નિકળતા પહેલાં જાનમાં આવનારા લોકોને જમાડી, સૌને ભેગા કરી ટ્રક, ટેમ્પો, જીપ, કાર વગેરે સાધનોને કંકુ, ચોખા અને નાળિયેરથી વધાવવામાં આવે છે. પછી ભેગા થયેલા જાનૈયાઓને એમાં જગ્યા ગ્રહણ કરવાનું કહેવામાં આવે છે. પછી જ વરરાજાની ગાડી સાથે સૌ પ્રસ્થાન કરે છે.

પહેલાંના સમયમાં વરરાજાની જાન બળદગાડામાં અથવા ચાલતાં જતી હતી. પણ આજે મોટેભાગે લોકો પાસે વાહનો આવી ગયાં હોવાથી વાહનો લઈને જ કન્યાને લેવા માટે જાય છે. આજે તો સમયના બદલાવને કારણે બધા વાહનો કરતાં વરરાજાની ગાડીને ભાતભાતનાં ફૂલોથી શણગારવામાં આવે છે. વરરાજાની ગાડીનો શણગાર બધા વાહનોમાં અલગ ભાત પાડે છે. એવી ગાડીમાં બેસી વરરાજા કન્યાને પરણવા માટે જાય છે. એ સમયે બહેનો ગીત ગાય છે,

‘ગાડીમાં ઠંડી હવા લાગી રે, પવનમાં છેડુલો વાયરે ઊડી જાય.

ગાડીમાં ઠંડી હવા લાગી રે, પવનમાં છેડુલો વાયરે ઊડી જાય.

ગાડીમાં રમા બેસવા રડે રે, પવનમાં છેડુલો વાયરે ઊડી જાય.

ગાડીમાં મહેશ બેસવા રડે રે, પવનમાં છેડુલો વાયરે ઊડી જાય.

ગાડીમાં ઠંડી હવા લાગી રે, પવનમાં છેડુલો વાયરે ઊડી જાય.

ગાડીમાં લીલા બેસવા રડે રે, પવનમાં છેડુલો વાયરે ઊડી જાય.

ગાડીમાં કરસન બેસવા રડે રે, પવનમાં છેડુલો વાયરે ઊડી જાય.

ગાડીમાં ઠંડી હવા લાગી રે, પવનમાં છેડુલો વાયરે ઊડી જાય.

ગીતની આ પંક્તિઓમાં કન્યા અને કન્યાઓનાં સંબંધીઓને સંબોધીને કહેવામાં આવ્યું છે કે વરરાજાની ગાડી પૂરઝડપે જતી હોવાથી એમાં બેઠેલા જાનૈયા બહેનોની સાડીનો છેડો પવનની ગતિમાં તરી રહ્યો છે. સૌના હૈયામાં હર્ષનો ઉલ્લાસ પવનની ગતિમાં વહી રહ્યો છે. એ ગાડીમાં કન્યા બેસવા માટે રડે છે એવું કહી કન્યા માટે હસીમજાક કરી અને રસ્તો કાપે છે.

ગાડી જાવા દે, બાયા ગાડી જાવા દે…રા

સાઈટે છેકીને, બાયા ગાડી જાવા દે…રા

ગાડીમાં બેસવા, બાયા સીતા રડે હે…રા.

ગાડી જાવા દે, બાયા ગાડી જાવા દે…રા

સાઈટે છેકીને બાયા ગાડી જાવા દે…રા

ગાડીમાં બેસવા, બાયા સરલા રડે હે…રા

ગાડી જાવા દે, બાયા ગાડી જાવા દે…રા

સાઈટે છેકીને બાયા ગાડી જાવા દે….રા

ગાડીમાં બેસવા બાયા છાના રડે હે…રા

સાઈટે છેકીને બાયા ગાડી જાવા દે…રા

ગાડી જાવા દે, બાયા ગાડી જાવા દે…રા

ગીતની ધ્રુવપંક્તિમાં વરરાજાને સંબોધીને કહેવામાં આવ્યું છે કે ગાડીની ગતિ વધારી ગાડીને ઝડપી જવા દો. બીજા વાહનોની સાઈડ કાપીને પણ આપણી ગાડી આગળ જ જવા દો કારણ કે કન્યા પાસે આપણે જલદી પહોંચવું છે. એ પણ રાહ જોઈ રહી છે. અને આપણી

ગાડીમાં બેસવા માટે રડી રહી છે. અર્થાત્ આપણી સાથે આવવા માટે એમને પણ અધીરતા છે. તો ઊભી સડકે ચાલી જતી જાનનું વર્ણન આ ગીતમાં છે.

જાન ચાલી ઊભે સળાકી

જાન ચાલી માફામાં...

જાન ચાલી આળે રસ્તે

જાન ચાલી માફામાં...

જાન ચાલી વિયારાય રસ્તે

જાન ચાલી માફામાં...

જાનીમાં તે મામોહો આવો

જાન ચાલી માફામાં...

મામોહો આવો મામીહીણેં નાવો

જાન ચાલી માફામાં...

મામોહો આવો ડોળીમાફો નવો

જાન ચાલી માફામાં...

જાનીમાં તે કાખોહો આવો

જાન ચાલી માફામાં...

કાખોહો આવો ઠુનકે ઠુનકે નાવો

જાન ચાલી માફામાં...

અહીં આ ગીતમાં જાન જતી વખતનું વર્ણન છે. જાન ઉત્સાહપૂર્વક જઈ રહી છે તે કયા રસ્તે થઈને જઈ રહી તે તથા તેમાં જોડાયેલા મામા, કાકા વગેરેનું વર્ણન છે.

**(૮) પડાવ (ઉતારો) :-**

જાન કન્યાને ગામ પહોંચી જાય પછી તેને ઉતારો આપવામાં આવે છે. આ ઉતારો કન્યાના ઘરથી થોડે દૂર બીજી વ્યક્તિના ઘરે અથવા કોઈ મોટું ઝાડ હોય તો તેની નીચે આપવામાં આવે છે. જાનૈયાઓને ત્યાં જ ચા-પાણીની વ્યવસ્થા કરવામાં આવે છે. વરરાજાની

ગાડી ઉતારા પર પહોંચ્યા છતાં વરરાજા ગાડીમાં જ બેસી રહે છે. એમને ગાડીમાંથી ઊતારવા માટે કન્યાનો ભાઈ આવી ઉતારાની બેઠકે વરરાજાને માનપૂર્વક બેઠક ગ્રહણ કરાવે છે. આ સમયે સહુ જાનૈયાઓ પણ ત્યાં જ બેઠક લે છે. એ દરમ્યાન જાનૈયાઓને બેસવાની કે પાણીની સગવડમાં પણ અગવડ લાગે તો તરત જ સ્ત્રીવૃંદ ફટાણારૂપે ગીત શરૂ કરે છે,

'અહીં ઊતારાની સગવડ નથી રે, મોટાભાઈ,
ચાલોને આપણે ઘેર જઈએ...(૨)
અહીં બેસવાની સગવડ નથી રે મોટાભાઈ,
ચાલોને આપણે ઘેર જઈએ...(૨)
અહીં પાણીની સગવડ નથી રે મોટાભાઈ,
ચાલોને આપણે ઘેર જઈએ...(૨)
અહીં બીડીની સગવડ નથી રે મોટાભાઈ,
ચાલોને આપણે ઘેર જઈએ...(૨)

આમ, પાણી, બીડી, બેસવાની સગવડ ઈત્યાદિની ફરિયાદ વરરાજાને ઉદ્દેશીને કરવામાં આવી છે.

ત્યાર પછી કન્યા બે-ત્રણ સખીઓ સાથે આવી વરરાજા અને સૌ જાનૈયાઓને પાણી, શરબત આપી સ્વાગત કરે છે.

**(૯) કલવો ખવડાવવો (કલવો ખવડાવવાણો) :-**

ચૌધરી સમાજની લગ્નરીતિ પ્રમાણે જાનૈયાઓને ઉતારા પર પાણી, ચા-શરબતથી આવકાર પત્યા પછી ઉતારા પર જ કલવો ખવડાવવાની રસમ નિભાવવામાં આવે છે. કલવો ખવડાવવાની વિધિ કન્યાની માતા એટલે કે વરરાજાની સાસુના હસ્તે કરાવવામાં આવે છે. વરરાજાને ઉતારા પર કલવો ખવડાવવા જતાં પહેલાં કન્યાની માતા કંકુ-ચોખાવાળી થાળીમાં વીંટી, પેંડા, સિગારેટ, દિવાસળી, લોટામાં પાણી વગેરે સામગ્રી મૂકે છે. એમાં દીપ પ્રગટાવી સાસુ શણગારેલી થાળી હાથમાં લે છે અને એના ખભા પર એક કોરો ટુવાલ મૂકે છે ને કન્યાના ઘરેથી પડાવ એટલે કે ઉતારા તરફ જવા નીકળે છે.

વરરાજા પાસે પહોંચ્યા પછી સાસુ વરરાજાને કંકુ-ચોખાવાળી થાળીથી વધાવે છે. પછી લોટામાંના પાણીથી વરરાજાને મોં, હાથ-પગ ધોવડાવે છે અને ખભા પરના ટુવાલથી મોં, હાથ-પગ સાફ કરાવે છે. ત્યાર પછી મોં મીઠું કરાવવા બંને હાથમાં રહેલા પેંડાના ટુકડા ખવડાવે છે. આ ખવડાવવાની વિધિ બે વખત કરવામાં આવે છે ને પછી ફરી મોં, હાથ-પગ ધોવડાવી ટુવાલથી સાફ કરે છે. અને હાથની આંગળીમાં વીંટી પહેરાવે છે ને છેલ્લે સિગારેટ સળગાવી વરરાજાના મોંમા મૂકાવી વિધિ પૂર્ણ કરે છે. આ વિધિ દરમ્યાન કન્યાપક્ષની બહેનો આ ગીત લલકારે છે,

‘ખા, ખા, રે... છોરા કલવો ખા,
તારા સાસુના હાથનો કલવો ખા...(૨)
ખા, ખા, રે... છોરા કલવો ખા,
તારા સાસુના હાથની વીંટી પેએર...(૨)
ખા, ખા, રે... છોરા કલવો ખા... (૨)

ગીતની પંક્તિમાં વરરાજાને સાસુજીનાં હાથનો કલવો ખવડાવવાની સુંદર માહિતી આપવામાં આવી છે. તો બીજી તરફ વરરાજા પક્ષની ગાયિકા બહેનો સાસુજીને સંબોધી ગીત ગાય છે,

‘રીત કરતા આવળે ની ને રીત કરને,
દઅળી આવી યે.. વેવાણ ફટાકળી...(૨)
કલવો તે વિહીરાય આવી યે..વેવાણ ફટાકળી...(૨)
વીંટી તે વિહીરાય આવી યે... વેવાણ ફટાકળી...(૨)
રીત કરતા આવળેની ને રીત કરને,
દઅળી આવી યે.. વેવાણ ફટાકળી...(૨)
પેંડા તે વિહીરાય આવી યે..વેવાણ ફટાકળી...(૨)
સિગારેટ તે વિહીરાય આવી યે..વેવાણ ફટાકળી...(૨)
રીત કરતા આવળે ની ને રીત કરને,

દઅળી આવી યે.. વેવાણ ફટાકળી...(૨)'

ગીતની પંક્તિમાં વરપક્ષની બહેનો સાસુજીને સંબોધીને કહે છે કે કલવાની વિધિ કરતાં આવડતું જ નથી અને વિધિ કરવા માટે આવી ગઈ. એટલું જ નહિં પરંતુ કલવાની તમામ સામગ્રી ઘરે જ ભૂલીને વિધિ માટે આવી ગઈ એવું કહી સાસુની મજાક ફટાણામાં અભિવ્યક્ત કરી વાતાવરણને સુંદર રીતે મઢે છે.

આમ વરરાજા અને કન્યા બંને પક્ષની સ્ત્રીઓ સામસામે ફટાણાં દ્વારા મનોરંજન પીરસે છે. તો બીજી તરફ બેન્ડવાજા વગાડવામાં મશગૂલ નાચવા-કૂદવાવાળા ઘેલા બની કલવાનો લહાવો લૂંટે છે.

**(૧૦) પહેરામણી (સામાન ચડાવવાણો) :-**

કલવાની વિધિ પૂરી થયા પછી તરત જ વરપક્ષની બે-ચાર બહેનો કન્યાના ઘરેથી સૂપડું લઈ આવે છે એ સૂપડાની અંદર પહેરામણીની બધી જ સામગ્રી ગોઠવવામાં આવે છે અને કન્યાની નણંદ થતી હોય એ સૂપડું માથા ઉપર મૂકે છે ને વાજતે-ગાજતે કન્યાને પહેરામણી આપવા જાય છે. પહેરામણીની વિધિ કન્યાની નણંદના હસ્તે કરવામાં આવે છે. પહેરામણીની વિધિ કન્યાના ઘરમાં ખાંડણિયું (ભાત ખાંડવાની જગ્યા) હોય એમની ઉપર પાટલો મૂકી પાટલા પર કન્યાને ઊભા રાખી વિધિ કરવામાં આવે છે. કન્યાને પહેરામણીની તમામ વસ્તુઓ એક એક કરી સૌની આગળ બતાવી નણંદ કન્યાને આપે છે અને સાડી કન્યાને ખભા પર મૂકાવે છે. પહેરામણીની વસ્તુઓ અપાઈ ગયા પછી વરપક્ષ તરફથી બે નણંદ અને બે દિયર કન્યાના હાથમાં પૈસા મૂકી ભેટે છે. આ સમયે બંને પક્ષનાં વાજિંત્રોવાળા અને ગાયિકા બહેનોની હરિફાઈ રમઝટે ચાલતી હોય છે. એમાં વરપક્ષની બહેનો ગાય છે,

'સવા સોની સાડી મારા ભાઈ, ગજવે ઘાલી લાવ્યા..,
પેરવી હોય તો પેર લાડી, મારા ભાઈનું બગાડ થાય...(૨)
સવા સોના સાંકળા, મારા ભાઈ, ગજવે ઘાલી લાવ્યા..,
પેરવા હોય તો પેર લાડી, મારા ભાઈનું બગાડ થાય...(૨)
સવા લાખની બુટ્ટી મારા ભાઈ, ગજવે ઘાલી લાવ્યા..,

પેરવી હોય તો પેર લાડી, મારા ભાઈનું બગાડ થાય...(૨)

આમ, ગીતની પંક્તિમાં કન્યા માટે પહેરામણીમાં કઈ કઈ વસ્તુઓ આપવામાં આવી તેની સુંદર માહિતી આપવામાં આવે છે. આ બધી વસ્તુઓ કિંમતી હોવાથી વરરાજા એને ખૂબ સાચવીને તમારે માટે લાવ્યા છે એવું કહેવામાં આવ્યું છે. ઉપરાંત જાનૈયાઓને, ગ્રામજનોને પણ જાણવા મળે છે કે વરપક્ષથી કન્યાને પહેરામણીમાં શું શું આપવામાં આવ્યું છે તેની પણ ગુપ્ત માહિતી આ પંક્તિઓમાંથી મળી રહે છે,

'મોગરાની કળી હું તો, ભૂલી ગઈ બજારમાં,
ભૂલી ગઈ બજારમાં, પડી ગઈ વિચારમાં... (૨)
મીના તારી સાડી હું તો, ભૂલી ગઈ બજારમાં,
ભૂલી ગઈ બજારમાં, પડી ગઈ વિચારમાં... (૨)
મીના તારા સાંકળા હું તો ભૂલી ગઈ બજારમાં,
ભૂલી ગઈ બજારમાં, પડી ગઈ વિચારમાં... (૨)
મોગરાની કળી હું તો, ભૂલી ગઈ બજારમાં.'

આ સમગ્ર ગીતમાં કન્યાને આપવામાં આવતી શૃંગારની સામગ્રી ભૂલી આવ્યા છીએ એમ કહી હાસ્ય નિષ્પન્ન કરી વરપક્ષની બહેનો ગીતમાં આ રીતે રજૂ કરે છે. તો બીજી તરફ કન્યા પક્ષની ગાયિકા બહેનો પણ સામા પક્ષવાળાને સંભળાવી દે છે અને ગીતો દ્વારા પ્રત્યુત્તર આપે છે,

'દળતી પળતી આવી યે નંણદાહા,
        દળતી પળતી આવી... (૨)
હાઆળી તે વિહીરાય આવી યે નંણદાહા,
        હાઆળી તે વિહિરાય આવી... (૨)
દળતી પળતી આવી યે ચંપા,
        દળતી પળતી આવી... (૨)
ગજરો કાં મૂકી આવી યે ચંપા,

ગજરો કાં મૂકી આવી...(૨)

હેવઅની ચાને યે ચંપા,

હેવઅની ચાને યે... (૨)'

આ ગીતમાં કન્યાપક્ષની બહેનો કન્યાની નણંદને સંબોધીને ગીત ગાય છે. એની મજાક કરતાં કહેવામાં આવ્યું છે કે ખૂબ ઉતાવળ કરીને આવી હોવાથી પહેરામણીની વસ્તુઓ તો ભૂલીને આવી પહોંચી છે એમ કહી હાસ્ય નિષ્પન્ન કરાયું છે.

કન્યાના ઘરમાં પહેરામણી વિધિ પૂરી થયા પછી વરપક્ષની બહેનો કન્યાના ઘરમાંથી નીકળી ઊતારા તરફ જવા પ્રયાણ કરે છે ત્યારે કન્યાપક્ષની બહેનો છેલ્લે છેલ્લે ફટાણાં ગીતમાં પડકાર ફેંકે છે,

'નાચ્છે યે નાચ્છે બડતલવાલે બાહાલે... (૨)

ખ્હેરા રા ખહેરા હિહિરાવાલા ફાયાહો...(૨)

થ્હરા રા થ્હરા હિહિરાવાલા ફાયાહો... (૨)

નાચ્છે યે નાચ્છે બડતલવાલે બાહાલે... (૨)

ફિરા રા ફિરા હિહિરીવાલા ફાયાહો... (૨)

હાયરે યે હાયરે બડતલવાલે ગીતાયરે..(૨)

દઅબા રા દઅબા હિડિરાવાલા ફાયાહો...(૨)

નાચ્છે યે નાચ્છે બડતલવાલે બાહાલે... (૨)'

આ ફટાણા ગીતમાં કન્યાના ગામના યુવાનોને ઉદ્દેશીને ગીત ગાતી બહેનો મદદ માંગે છે. વરપક્ષની બહેનો અમારાથી હારીને જાણે ભાગી રહી છે એમને પકડવા માટે દોડો એમ કહી વરપક્ષની બહેનોને હાસ્યપાત્ર બનાવવામાં આવે છે. પણ આ હાસ્ય સહજ નિર્દોષ છે. આવાં ફટાણાંઓમાં સ્ત્રી ગાયકવૃંદને પૂર્ણ સ્વતંત્રતા હોય છે અને એટલા માટે કોઈની બીક રાખ્યા વગર ફટાણાંની અભિવ્યક્તિ સુંદર હાસ્યરસ સાથે નિષ્પન્ન કરાઈ છે.

### (૧૧) હસ્તમેળાપ (પન્નાવાણી વિઈદી) :-

કન્યા સોળે શણગારમાં સજ્જ થયા પછી કન્યાપક્ષના જાનૈયાઓ ઉતારા પરથી વરરાજાને હસ્તમેળાપ માટે ચોરીમાં લઈ આવવા વાજિંત્રો સાથે લેવા જાય છે. કન્યાનો ભાઈ એટલે કે વરરાજાનો સાળો વરરાજાને ખભા પર બેસાડી મંડપ સુધી લઈ આવે છે. વર ચોરીમાં આવી જતાં કન્યાને તેના મામા તેડી લાવે છે. આ પછી બંનેનો હસ્તમેળાપ બ્રાહ્મણ કરાવે છે. પહેલાંના સમયમાં ગામના વડીલો જ આ વિધિ કરાવતા હતા. પરંતુ હવે સમાજમાં બદલાવ આવ્યો છે અને ચૌધરી લોકો પણ હવે બ્રાહ્મણ દ્વારા જ લગ્નવિધિ કરાવે છે. હસ્તમેળાપ વખતે ત્યાં ઉપસ્થિત બંને પક્ષની સ્ત્રીઓ બેસીને નિરાંતે જુદાં જુદાં ગીતો ગાય છે.

'હાર પેરવા રળે લીલા ભાભી,
હાર પેરવા રે..ળે યે.. (૨)
હાર પેરવા ના દેજે મારું બાયા,
હાર પેરવા ના દે...જે રા...(૨)
કલગી થ્હરવા રળે લીલા ભાભી,
કલગી થ્હરવા ર..ળે યે...(૨)
કલગી થ્હરવા ના દેજે મારું બાયા,
કલગી થ્હરવા ના દે...જે રા...(૨)'

ઉપરોક્ત ગીત વરપક્ષની બહેનો કન્યાને સંબોધીને ગાય છે જેમાં 'હાર પેરવા રળે' જેવા શબ્દો વાપરી કન્યાનો મજાક ઉડાવવામાં આવ્યો છે. આ ગીત વરપક્ષ અને કન્યાપક્ષ બંને પક્ષે ગાઈ શકાય છે.

'બેના દેખાહાય સુરતમાણી કનબી યે... (૨)
રાકેશ દેખાહાય માંડવી માઆણો દુબલો રા... (૨)
બેના દેખાહાય વ્યારામાણી ચોખાડી યે... (૨)
જયેશ દેખાહાય મઅડી માણો કેએળો રા...(૨)
બેના દેખાહાય સુરતમાણી બજારી યે... (૨)

રહેશ દેખાહાય જેંગાલીમાણો જંગલી રા... (૨)'

આ ગીત કન્યાપક્ષની બહેનો કન્યાના રૂપનાં વખાણ કરે છે જ્યારે વરરાજા અને એમના મિત્રોને સાવ નીચી જાતિ સાથે સરખાવી હાસ્યકટાક્ષ દ્વારા ફટાણાંની અભિવ્યક્તિ કરીને સૌને હાસ્યરસમાં તરબોળ કરે છે.

'સોબી રઈની આમારે બેની,

સોબી રઈની મારું બેનાયે... (૨)

સોબે કાયની રમાણ ફાવીળોહો,

બાઆળો હેએદે મારું બેનાયે...(૨)

સોળે કાયની રમીલા હેએજી,

સોળે કાયની મારું બેનાયે...(૨)

અમથી હઅહે રમીલા હેએજી

અમથી હઅહે મારું બેનાયે... (૨)'

આ ગીત કન્યાપક્ષથી ગવાયું છે. કન્યાની શોભા હસ્તમેળાપની વિધિમાં ચાર ચાંદ લાગેલી બતાવવામાં આવ્યું છે. જ્યારે વરરાજા અને એમનાં સંબંધીઓનો ઉલ્લેખ કરી મજાક કરવામાં આવી છે.

આવડા મોટા ઝૂટળા શા માટે રાખેલા,

શા માટે રાખેલા... (૨)

ગામણો પટેલ માંદો વેચી કેમની ખાદેલા,

વેચી કેમની ખાદેલા... (૨)

આવડા મોટા ઝૂટળા ગેદ્ડે ચારવા રાખેલા,

ગેદ્ડે ચારવા રાખેલા... (૨)

ગામણો મુખી માંદો વેચી કેમની ખાદેલા,

વેચી કેમની ખાદેલા... (૨)

આવડા મોટા ઝૂટળા ગેદ્ડે ચારવા રાખેલા,

ગેદ્ડે ચારવા રાખેલા... (૨)

ગામણો સરપંચ માંદો વેચી કેમની ખાદેલા,

વેચી કેમની ખાદેલા... (૨)

આવડા મોટા ઝૂટળા ગેદ્ડે ચારવા રાખેલા,

ગેદ્ડે ચારવા રાખેલા... (૨)

ગામણો પટેલ માંદો વેચી કેમની ખાદેલા,

વેચી કેમની ખાદેલા... (૨)

આ ગીતમાં વરરાજાની ઉંમર વધારે થઈ ગઈ હોવા છતાં અત્યાર સુધી તેમનું લગ્ન કેમ નહોતું કર્યું તે બાબતે જુદા જુદા કટાક્ષ કરી એક પ્રકારની ગાળ આપવામાં આવે છે. આટલા મોટા ઝૂટળા (ઉંમરલાયક થઈ ગયેલી ભેંસ) પરણાવ્યા વગર ગામના સરપંચના ગધેડાં ચારવા માટે રાખી મૂક્યા હતા એમ કહે છે. આ ગીતમાં ઉપમાનો ઉપયોગ થયો છે પરંતુ તે ઉપમાઓ તેમના જીવન સાથે સંબંધ ધરાવતી આસપાસની વસ્તુઓ અંગેની છે.

લગ્નની વિધિ ખાસ્સી લાંબી ચાલે છે ત્યાં સુધી અનેક પ્રકારનાં લગ્નગીતો ઉપસ્થિત સ્ત્રીઓ ગાતી રહે છે જે આ પ્રમાણે છે.

(૧) તાપીણે કિનારે મંયે હોટલ બંધાવી,

ખમણી ખાવાણી હોય તો આવ,

આવ રેવા તોઓરે કારણે મંયે હોટલ બંધાવી...(૨)

તાપીણે કિનારે મંયે ટોકિજ બંધાવી,

પિચ્ચાર હેદવાણી હોય તો આવ,

આવ મીના તોઓરે કારણે મંયે ટોકિજ બંધાવી...(૨)

તાપીણી કિનારે મંયે કૉલેજ બંધાવી,

કૉલેજ કરવાણી હોય તો આવ,

આવ લીલા તોઓરે કારણે મંયે કૉલેજ બંધાવી...(૨)

તાપીણે કિનારે મંયે બગીચો બનાવ્યો,

ફરવા આવવું હોય તો આવ,

આવ રેવા તોઓરે કારણે મંયે બગીચો બનાવ્યો...(૨)

આ લગ્નગીતમાં પોતાના પક્ષનો મહિમા અને આર્થિક સદ્ધરતા દ્વારા ગૌરવ પ્રસ્થાપિત કરવાનો પ્રયાસ છે. પોતે એટલે કે જે પણ પક્ષ હોય તેમણે તાપી નદીના કિનારે હોટલ, ટૉકીજ, કૉલેજ કે બગીચા જેવી લોકભોગ્ય ચીજોનું નિર્માણ કરાવ્યું છે. આવી વસ્તુઓના બાંધકામમાં ઘણો જ આર્થિક ખર્ચ કરવો પડતો હોય છે અને આવી વસ્તુઓ ધરાવનારાને સમાજ મોભાની રીતે-માનની દૃષ્ટિએ જુએ છે. અને આવી વસ્તુઓનું નિર્માણ મેં તારા માટે જ કરાવ્યું છે. એટલે સામેના પક્ષ તરફનો પ્રેમ પણ દૃષ્ટિગોચર થાય છે. લગ્નગીતોમાં એકબીજા તરફ પ્રેમની ગાઢ લાગણી દર્શાવવા આવા ભૌતિક ઉપમાનો પસંદ કરવામાં આવે છે. તથા આ પ્રકારની ચીજો તેમના માટે કેટલું બધું મહત્ત્વ ધરાવે છે તે પણ જોઈ શકાય છે.

(૨) ડોવ્ડઅ જો જે રા બાયા, ડોવ્ડઅ જો જે આજે...તે.
ડોવ્ડાઆ વગારે બાયા તા કા જાઉ હુની રા...(૨)
વાજે જો જે રા બાયા વાજે જો જે આજે તે..
વાજા વગારે બાયા તાકા માંડવો હુનો રા...(૨)
બેન્ટ જો જે રા બાયા, બેન્ટે જો જે આજે ...તે,
બેન્ટા વગારે બાયા તાકા જાન હુની રા..(૨)
ગીતાયરે જોજેરા બાયા, ગીતાય રે જોજે આજે..તે,
ગીતારે વગારે બાયા તાકા વેએવા હુનો રા...(૨)
ડોવ્ડઅ જો જે રા બાયા, ડોવ્ડઅ જો જે આજે...તે.
ડોવ્ડાઆ વગારે બાયા તા કા જાઉ હુની રા...(૨)
હંગાત જાજેરા બાયા, હંગાત જોજે આજે...તે,
હંગાત વગારે બાયા તાકા વેએવા હુનો રા...(૨)

ચૌધરી સમાજમાં લગ્ન હોય અને તેમાં વાજિંત્રોની વાત ન હોય તેમ બને જ કેવી રીતે ! ડોવ્ળઅ - આ સમાજનું માનીતું વાદ્ય છે. એટલે લગ્ન અને બીજા શુભપ્રસંગોએ તેનો ખાસ ઉપયોગ કરવામાં આવે છે. આ ગીતમાં જાનડીઓ યોગ્ય જ કહે છે કે ડોવ્ળઅ કે હવે તો બેન્ડવાજા - ન હોય તો લગ્નમંડપ સાવ સૂનો સૂનો લાગે છે. વાજા વગર માંડવો સાવ સૂનો લાગે. એટલે ડોવ્ળઅ, બેન્ડવાજા, ગીત ગાનારી બહેનો આ બધાની ભરપૂર આવશ્યકતા છે. એમની ઉપસ્થિતિ દ્વારા જ લગ્ન ખરા અર્થમાં ઉત્સવભર્યું બને છે. ચૌધરી સમાજનું પરંપરાગત વાજિંત્ર ડોવ્ળઅ છે અને તેનો અદકેરો મહિમા ચૌધરી સમાજના લગ્નમાં છે તે આ ગીત દ્વારા જાણી શકાય છે.

(૩) ચાર-પાંચ ડોગુલે એક મોર બોઓલે મારું બેના...
બઅદે બઅદે દેખાય ને, રમેશ કેહેંની દેખાય મારું બેના..
ચાર-પાંચ ડોગુલે એક મોર બોઓલે મારું બેના...
બઅદે બઅદે દેખાય ને, રમેશ કેહેંની બોઓલે મારું બેના..
ચાર-પાંચ ડોગુલે એક મોર બોઓલે મારું બેના...
બઅદે બઅદે દેખાય ને, કિસાન કેહેંની આવો મારું બેના..
ચાર-પાંચ ડોગુલે એક મોર બોઓલે મારું બેના...
બઅદે બઅદે દેખાય ને, રાજુ કેહેંની દેખાય મારું બેના..

ચાર-પાંચ ડુંગરોની મધ્યમાં એક મોર બોલી રહ્યો છે. મોરના મીઠા ટહુકાનો ડુંગરોમાં મધુર પડઘો પડી રહ્યો છે. આવા સમયે પોતાનો માણીગર યાદ ના આવે તો જ નવાઈ ! એટલે ગાનારી સ્ત્રીઓ કહે છે મોર દેખાય છે ને તેનો અવાજ સંભળાય છે પરંતુ રમેશ કે જે પણ તેના માણીગરનું નામ હોય તે દેખાતો નથી અને તેનો મીઠો અવાજ પણ સંભળાતો નથી. બીજું બધું જ દેખાય છે પરંતુ માત્ર તે જ દેખાતો નથી. આથી તે પોતાની લાગણી આ ગીત દ્વારા વ્યક્ત કરે છે. પોતાના માણીગરને મોર જેવી સુંદર ઉપમા અહીં લગ્નગીત ગાનારી બહેનો પસંદ કરે છે તે તેમની સૂઝબૂજ દર્શાવે છે.

(૪) ઊંચા તાડાય તાડી પીધેલી, જોડીદાર યે બે…ના
તાડી પીને જોડી બાંધેલી જોડીદાર યે બે…ના
એકસો વીસ માવો ખાધેલો જોડીદાર યે બે…ના
માવો ખાઈને જોડી બાંધેલી જોડીદાર યે બે…ના
રાહુલ આવો ને જોડી તૂટી યે જોડીદાર યે બે…ના
ઊંચા તાડાય તાડી પીધેલી, જોડીદાર યે બે…ના
તાડી પીને જોડી બાંધેલી જોડીદાર યે બે…ના
વ્યારા બજારમાં જોડી બાંધેલી જોડીદાર યે બે…ના
રાહુલ આવો ને જોડી તૂટીયે જોડીદાર યે બે…ના

વર્ષોથી બંધાયેલી દોસ્તી વરરાજાના આગમનથી તૂટે છે તેની વાત આ લગ્નગીતમાં ગૂંથી લેવામાં આવી છે. પોતાની ખાસ બહેનપણી હવે લગ્ન થવાને કારણે ચાલી જવાની છે તેની વ્યથા પણ મૂક રીતે સૂચવાઈ છે. આ દોસ્તીમાં નિમિત્ત બન્યું છે તાડી અને માવો જેવી માદકતા આપનારી ચીજો. તાડી પણ કેવી, ઊંચા તાડની- તેમાં તાડી-પદાર્થની મહત્તા સાથે સાથે દોસ્તીનું પણ ઊંચુ મૂલ્ય આંકવામાં આવ્યું છે. તાડી પીવાથી અને સાથે એકસો વીસ માવો ખાવાથી દોસ્તી એકદમ ગાઢ થઈ હતી. પરંતુ હવે વરરાજાના આવવાથી આવી ગાઢ દોસ્તી તૂટવાની છે. સાહેલીઓ સાથેનાં મસ્તીતોફાન અને હવે એ છોડવાં પડશે એની વેદના કન્યા અને તેની બહેનપણીઓને લગ્નના ઉત્સાહભર્યા પ્રસંગે પણ થોડી ગમગીની આપી જાય છે. અહીં તાડી અને માવો જેવાં વ્યસનો આ સમાજમાં પહેલાં છૂટથી લેવાતાં હતાં તેનો અંદાજ આપે છે. વધેલા શિક્ષણ અને સમાજના મુખ્ય પ્રવાહમાં ભળવાને કારણે હવે તેમાં ઓટ વર્તાવા લાગી છે તેમ હાલનો ચૌધરી સમાજ જોતાં ચોક્કસ કહી શકાય.

(૫) હિન્દુ હોટલમાં લીલા ચા બનાવવા ગયેલી પ્રેમજી રે… લોલ
અડધો કોપ આપચો તીયા ડુહુકે ડુહુકે રડે પ્રેમજી રે… લોલ
આખો કોપ આપચો તીયા રાજી થઈને પીધો પ્રેમજી રે… લોલ
હિન્દુ હોટલમાં લીલા કોફી બનાવવા ગયેલી પ્રેમજી રે… લોલ

અડધો કોપ આપચો તીયા ડુહુકે ડુહુકે રડે પ્રેમજી રે... લોલ

આખો કોપ આપચો તીયા રાજી થઈને પીધો પ્રેમજી રે... લોલ

હિન્દુ હોટલમાં લીલા ભજિયા બનાવવા ગયેલી પ્રેમજી રે... લોલ

એક ભજિયું આપયું તીયા ડુહુકે ડુહુકે રડે પ્રેમજી રે... લોલ

વધારે ભજિયાં આપયા તીયા રાજી થઈને ખાધા પ્રેમજી રે... લોલ

ગીત ગાનારી બહેનો અહીં સામેના પક્ષની કન્યા કે વરની બહેનની ઠેકડી ઉડાડે છે. લીલા હિન્દુ હોટલમા ંચા, કોફી કે ભજિયાં બનાવવા ગયેલી એમ કહીને તેમની પરિસ્થિતિ આર્થિક રીતે બદતર છે જેથી એક સ્ત્રીએ આવાં હલકાં કામ કરવાં પડે છે. બીજી તરફ અભાવોમાંથી આવતી લીલાને આવા પદાર્થો પ્રત્યે એવી તીવ્ર લાલસા છે કે તેને ચા કે કોફી જો અડધો જ કપ આપવામ આવે ત્યારે તે ડૂસકે ડૂસકે રડે છે અને જયારે આખો કપ ભરી આપવામાં આવે ત્યારે રાજી રાજી થઈને તે ચા-કોફી પી જાય છે. અહીં લીલાની આવી પરિસ્થિતિ દ્વારા મજાક નીપજાવવામાં આવી છે. તો સાથે સાથે હોટલમાં આ પ્રકારનું કામ કરનાર માણસને હલકો-નીચો ગણવામાં આવે તેવી પ્રવર્તતી આ સમાજની માન્યતા પણ દેખાઈ આવે છે.

(૬) આમારે બાયો બી.એ ફણીનો દક્ષા લઅડેં યે..

એકડો બી ની નખતા આવડે દક્ષા લઅડેં યે,

સાડી પેરીને વટ દેખાડે દક્ષા લઅડેં યે..

આમારે બાયો એમ.એ ફણીનો દક્ષા લઅડેં યે,

વીંટી પેરીને વટ દેખાડે મીના લઅડેં યે..

ઘડિયાલ પેરીને વટ દેખાડે મીના લઅડેં યે,

આમારો બાયો એમ.એ ફણીનો દક્ષા લઅડેં યે..

બગડો બીની નખતા આવડે દક્ષા લઅડેં યે..

આ લગ્નગીત વરપક્ષની જાનડીઓ દ્વારા ગાવામાં આવ્યું છે. તેઓ પોતાના પક્ષની ઉચ્ચતા સાબિત કરે છે. તેઓ જણાવે છે કે તેમનો ભાઈ-વરરાજા તો બી.એ. અને એમ.એ.

જેવી ઉચ્ચકક્ષાની ડિગ્રીઓ મેળવેલો-ભણેલો છે. જ્યારે સામા પક્ષે કન્યાને તો એકડો પાડતાં પણ આવડતું નથી. આવી અભણ દક્ષા-કન્યા ભણતરમાં 'ઢ' હોવાથી વટ પાડવા માટે ભૌતિક ચીજોનો આશ્રય લે છે. તે નવી નવી સાડી, વીંટી કે ઘડિયાળ પહેરીને વટ મારે છે. આમ, પોતાનો ભાઈ ભણેલો છે ને કન્યા અભણ છે કહી પોતાના પક્ષનો સવિશેષ મહિમા વ્યક્ત કરવાનો પ્રયાસ આ ગીતમાં છે.

**(૧૨) ફટાણાં - વેવામાં હડાયઅડીણેં ગીતે :-**

લગ્નમાં સૌથી વધુ મસ્તીમજાકભર્યો અને સામસામા પક્ષને ગાળો દઈને લેવાતી મજા-ફટાણાંના ગીતો દ્વારા હોય છે. ફટાણાં દ્વારા એકબીજો પક્ષ એકબીજાને ઘણીવાર ગાળો પણ સંભળાવે છતાં બંને પક્ષ તેના દ્વારા ખોટું લગાડવાના બદલે આનંદ ઊઠાવે છે. બંને પક્ષની બહેનો સામસામે આવાં ફટાણાં ઉત્સાહપૂર્વક-જોમપૂર્વક ગાતી હોય છે. આથી આ સમયનું વાતાવરણ ઉત્સાહભર્યું બની રહે છે. આ પ્રકારનાં લગ્નગીતોમાં સામસામા પક્ષના સ્ત્રી-પુરુષોના સંબંધો જોડી દેવામાં આવે છે અને તે દ્વારા આનંદ ઊઠાવે છે. આ પ્રકારનાં ગીતોમાં મૂકાતી ઉપમા, કલ્પનાઓ આસ્વાદ્ય અને માનવીય ભાવને સચોટપણે પ્રગટ કરે છે. આ પ્રકારનાં કેટલાંક ગીતો જોઈએ.

(૧) માંડવા ઉપાર ચલ્લી મલકારા મારે.
કાઆણો આમારે ફાજડોહો મલકારા મારે.
ચંપાક આમારે ફાજડોહો મલકારા મારે.
ફીરી ફરીને ચંપાક મલકારા મારે.
કાઆણી આમારે વેવાણીહી મલકારા મારે.
મીરા આમારે વેવાણીહી મલકારા મારે.
અમથી અમથી વેવાણીહી મલકારા મારે.
કાઆણી આમારે હેએજી મલકારા મારે.
સવિતા આમારે હેએજી મલકારા મારે.

બેઠી બેઠી સવિતા મલકારા મારે.

કાઆણો અમારે હેએજો મલકારા મારે.

નવીન આમારે હેએજો મલકારા મારે.

ઊભો ઊભો નવીન મલકારા મારે.

આ લગ્નગીતમાં સામા પક્ષની સ્ત્રીના ગાનારી બહેનો પક્ષ તરફના પુરુષ તરફના દૈહિક આકર્ષણને કેન્દ્રમાં રાખી ફટાણું ગાવામાં આવ્યું છે. મંડપ ઉપર ચકલી મલકારા મારી રહી છે તેમ સામેના પક્ષની સ્ત્રી પણ ચંપકને જોઈને મલકારા મારે છે. એટલે કે તે સ્ત્રીને ચંપક બનેવી ખૂબ જ ગમી ગયો છે. અને તે તેની સાથે સંબંધ બાંધવા આતુર છે તેમ દર્શાવે છે. અને એ રીતે બંનેના સંબંધને ગીતમાં જોડી દઈને બાકીની સ્ત્રીઓને વેવાણ બનાવી દેવામાં આવે છે. આ રીતે જુદી જુદી સ્ત્રીઓનાં નામ લઈ જુદા જુદા પુરુષ પાત્રો સાથે તેમના સંબંધો જોડી કાઢીને રમૂજ ઊભી કરવામાં આવે છે.

લગ્નઉત્સવમાં દરેક માણસ નવાં કપડાં પહેરીને સારા દેખાવાનો પ્રયત્ન કરે છે. યુવાન યુવક-યુવતીઓ તો નવીન પ્રકારની ફેશનનાં કપડાં ખાસ આવા પ્રસંગોએ પહેરવા તૈયાર કરાવે છે. અને આવાં નવીન કપડાં પહેરીને લગ્નપ્રસંગમાં ઉપસ્થિત સૌ લોકોમાં વટ પાડવાનો ઊમળકો દાખવે છે. ત્યારે લગ્નગીતો ગાનારી સ્ત્રીઓ તેમના પહેરવેશને કેન્દ્રમાં રાખી તેમની ઠેકડી ઉડાડતું ગીત ગાવાનું શરૂ કરે છે.

(૨) હઅલી આંયું કાઆણી લાંબ્બા છગાવાલી,

હઅલી આંયું મીના લાંબ્બા છગાવાલી,

નાવા ઓરી તાઆણી ફેરવી વાલજે.

હઅલો આંયું કાઆણો ગલામાં રૂમાલવાલો,

હઅલો આંયું સુમાન ગલામાં રૂમાલવાલો,

નાવા ઓરો ખેએચી ખ્હુચાટી આપરો.

હઅલી આંયું કાઆણી લાંબ્બા ચોટનાવાલી,

હઅલી આંયું જશુ લાંબ્બા ચોટનાવાલી,

નાવા ઓરી તાઆણી હવાદ ચાખાવ જે.

આ ગીતમાં લાંબા પહેરણવાળી મીના કે ગળામાં રૂમાલવાળો સુમન એ બંનેને અગલ બોલાવી શારીરિક શિક્ષા કરવાની વાત છે. તો લાંબા ચોટલાવાળી જશુને પણ મેથીપાક ચખાડવાની વાત છે. આ રીતે એકબીજાની ઠેકડી કરીને લગ્નના માહોલને મનોરંજક તથા ઉત્સાહજનક બનાવે છે. એવું જ બીજું લગ્નગીત જેમાં શારીરિક શિક્ષા જરા રમૂજપ્રેરક રીતે કરવાની વાત છે-

તો તો આંબો યે રાંડેહેવ,
તો તો આંબો દેક્સો કાયે...(૨)
હિયે આંબે યે રાંડેહેવ, હિયે આંબે ગિટાળી દેહું,
ગિટાળી દેહું યે રાંડેહેવે, પથરાટીને તોડી પાડુહુંવ..(૨)
તી તી આમન્અ યે રાંડેહેવ,
તી તી આમન્અ દેક્સઅ કાયે...(૨)
હિયે આમનેએ યે રાંડેહેવ, હિયે આંબે ગિટાળી દેહું,
ગિટાળી દેહું યે રાંડેહેવે, પથરાટીને તોડી પાડુહુંવ..(૨)
તો તો આંબો યે રાંડેહેવ,
તો તો આંબો દેકસો કાયે...(૨)
હિયે આમનેએ યે રાંડેહેવ, હિયે આંબે ગિટાળી દેહું.

આ લગ્નગીતમાં વેવાઈપક્ષના એકાદ વ્યક્તિને આંબે ટીંગાળી દેવાની અને પછી પથ્થરો મારીને તોડી પાડવાની વાત કરવામાં આવી છે અને આવી પ્રક્રિયા દ્વારા રમૂજ ઊભી કરવામાં આવી છે. શારીરિક શિક્ષાની ધમકી રમૂજપ્રેરક રીતે કરાઈ છે.

તો અમુક ગીતોમાં કેટલાંક સ્ત્રી-પુરુષ પાત્રોની શારીરિક વિશિષ્ટતાઓને કેન્દ્રમાં રાખીને ઠેકડી ઉડાડવામાં આવે છે. કોઈની ઊંચાઈ વધારે હોય તો કોઈના શરીરની જાડાઈ કે પછી કોઈની ઊંચાઈ ઓછી હોય તો તેનો ઉલ્લેખ કરીને તે કેવી રીતે બન્યું તેની વાત રમૂજી અંદાજમાં કહેવામાં આવે છે. દા.ત.

ઊંચી યે ઊંચી નીરુ કેંહેં કેંહેં વઅદિની (૨)

ઊંચી યે ઊંચી નીરુ કેલ્લે પાતે વઅદિની (૨)

ઊંચી યે ઊંચી નરુ હોટો જેંહેં વઅદિની (૨)

જાળી યે જાળી હસુ કાજા ખાયને માઆતિની (૨)

જાળી યે જાળી હસુ હાર્અ ખાયને માઆતિની (૨)

બાઠો રા બાઠો ગમાન કેંહેં કેંહેં વઅદિનો (૨)

બાઠો રા બાઠો ગમાન અખટો રોપીન વઅદિનો (૨)

ઊંચી યે ઊંચી રમીલા કેંહેં કેંહેં વઅદિની (૨)

ઊંચી યે ઊંચી રમીલા ડોડે ટીંગાયન્ વઅદિની (૨)

અહીં કહેવામાં આવ્યું છે કે સારી એવી ઊંચાઈ ધરાવતી નીરુ આટલી બધી ઊંચી કેવી રીતે થઈ ગઈ ? તેની ઊંચાઈ જેમ કેળના પાન વધી જાય તેમ વધી ગઈ છે, સાગનો સોટો હોય તેમ વધી ગઈ છે. તો હસુ સારુ સારુ ખૂબ જ ખાઈને જાડી થઈ ગઈ છે. રમીલા ડોડે ટીંગાઈને સારી એવી વધી ગઈ છે. આમ, અહીં સમગ્ર ગીતમાં વ્યક્તિની ઊંચાઈ કે જાડાઈને લક્ષમાં રાખી મજાક કરવામાં આવી છે.

**(૧૩) ચાંદલાવિધિ - કન્યાદાન(કન્યાદાન વિઈદી):-**

લગ્નમંડપમાં લગ્નવિધિ પૂરી થયા પછી તરત જ કન્યાદાન આપવામાં આવે છે. વર-વધુ લગ્નમંડપમાં જ બેસે છે અને કન્યાનાં માતા-પિતા તથા આ પ્રસંગે આવેલા સગાસંબંધીઓ કન્યાને ભેટરૂપે વિવિધ વસ્તુઓ આપે છે. આ ચીજવસ્તુઓમાં ઘરવપરાશની થાળી-વાટકીથી માંડીને વિવિધ વાસણો, ગૃહ સજાવટની વસ્તુઓ, કન્યાને સોનાચાંદીનાં ઘરેણાં તથા રૂપિયા ઈત્યાદિ દાનમાં આપવામાં આવે છે. એક પછી એક સ્નેહીજનો પોતપોતાની યથાશક્તિ મુજબ દાન કરે છે. તેની શરૂઆત કન્યાનાં માતા-પિતા દ્વારા જ કરવામાં આવે છે. ત્યાર બાદ ઉપસ્થિત સૌ સ્નેહીજનો એમાં જોતરાય છે. આ કન્યાદાનની વિધિ પણ લગભગ એકાદ કલાક જેટલી લાંબી ચાલે છે.

## (૧૪) છેડા છોડવા (છેએડા છોડાવવાણી વિઈદી) :-

હસ્તમેળાપની વિધિમાં મંગળફેરા ફરતી કન્યા અને વરરાજાના છેડા બાંધવામાં આવ્યા હોય એ છોડવા માટે કન્યા અને વરરાજાને ઉતારો આપ્યો હોય ત્યાં સુધી ચાલતાં ચાલતાં જવું પડે છે. એમાં પણ બંને પક્ષના જાનૈયાઓ જોતરાય છે. ઊતારા પર છેડા છોડવાની વિધિ કન્યાનો દિયર થતો હોય એ કરે છે. છેડા છોડતાં પહેલાં રિવાજ પ્રમાણે દિયર ભાઈ અને ભાભી પાસે મોં માગ્યા પૈસાની માંગણી કરે છે અને એ રીતે શરત પૂરી કરવા સંમતિ આપે પછી જ દિયર છેડા છોડે છે. છેડા છોડ્યા પછી કન્યાપક્ષવાળા કન્યાને ઘરે લઈ જાય છે. ત્યાર પછી કન્યાના ઘરમાં વરરાજાને જમવા માટે બોલાવવામાં આવે છે. કન્યા અને વરરાજાનું જમણવાર ચાલે છે. એ દરમ્યાન વરરાજાની સાળી વરરાજાના બૂટ સંતાડી રાખે છે. એની મશ્કરી કરે છે ત્યાર પછી ૨૧ કે ૫૧ રૂપિયા આપતાં બૂટ પરત અપાય છે અને તરત જ કન્યાવિદાયના પ્રસંગની તૈયારીમાં લાગી જતાં હોય છે. લાઉડસ્પીકરમાં પણ 'દીકરી તો પારકી થાપણ કહેવાય' જેવું ગીત મૂકવામાં આવે છે અને વાતાવરણમાં હર્ષ અને ગમગીની ફેલાઈ જાય છે.

## (૧૫) કન્યાવિદાય (નાડી ઓલાવવાણી) :-

લગ્નના ઉત્સાહભર્યા પ્રસંગમાં સૌથી વધુ કરુણ અને ગમગીનીભર્યો પ્રસંગ કન્યા પક્ષે કન્યાવિદાયનો હોય છે. કન્યાવિદાયની ભાવવાહી પળોને લઈને એટલે જ તો ઘણાં હિન્દી અને ગુજરાતી ગીતો પણ રચાયાં છે અને લોકપ્રિય પણ બન્યાં છે. કન્યાવિદાય પ્રસંગનાં લગ્નગીતો ખૂબ જ ભાવવાહી અને કરુણ હોય છે.

કન્યાવિદાય પ્રસંગમાં વરપક્ષવાળા પોતાના ઘરે પહોંચવાની ખુશીમાં હોય છે તો કન્યા પક્ષવાળા પોતાના પરિવાર-ફળિયા-ગામમાંથી હંમેશ માટે એક વ્યક્તિ અળગી થઈ પરગામ જઈ રહી છે તેનો તેઓને ગમ હોય છે. પરંતુ દીકરીને તો 'પારકી થાપણ' તથા 'પરાયું ધન' કહેવામાં આવી છે. એટલે માતા-પિતા, ભાઈ-ભાભી, વડીલો, મિત્રસંકુલ બધા મળીને વિદાયની તૈયારી કરે છે. એ દરમ્યાન કન્યાપક્ષની બહેનો કન્યાવિદાયનાં ગીતો ગાય છે અને આખા વાતાવરણમાં તેમજ કન્યાના હૃદયમાં ગમગીની ફેલાવી દે છે.

'હો દૂર જાતી બેની અમને ના ભૂલી જાતી,

અમને ના ભૂલી જાતી... (૨)

બાપુની લીલી વાડી સૂકી બનાવી ચાલી,

સૂકી બનાવી ચાલી... (૨)

હો દૂર જાતી બેની અમને ના ભૂલી જાતી,

અમને ના ભૂલી જાતી... (૨)

સસરાની સૂકી વાડી લીલી બનાવા ચાલી,

લીલી બનાવવા ચાલી... (૨)

માતાનાં ચોખ્ખા કપડાં ગંદા બનાવી ચાલી,

ગંદા બનાવી ચાલી... (૨)

સાસુનાં ગંદા કપડાં ચોખ્ખા બનાવવા ચાલી,

ચોખ્ખાં બનાવવા ચાલી... (૨)

હો દૂર જાતી બેની અમને ના ભૂલી જાતી,

અમને ના ભૂલી જાતી... (૨)'

ગીતની પંક્તિમાં માતા-પિતા તેમજ પૂરા પરિવારની કરુણતાનો ચિતાર રજૂ થયો છે. કન્યા હવે વિદાય થઈ સાસરે જઈ રહી છે ત્યારે એમના વગર ઘરમાં અંધારા સમાન પરિસ્થિતિ સર્જાય છે અને એમની ગેરહાજરીથી હવે માતા-પિતા ખેતીવાડીમાં ઓછું ધ્યાન આપશે કારણ કે ઘરનાં કામકાજમાં જ ઘણો બધો સમય નીકળી જશે. હવે તો કન્યા સાસરીમાં જ પૂરતું ધ્યાન આપશે.

આમ સુંદર ભાવયોજનાની સાથે કરુણભાવને સુંદર રીતે કંડારવામાં આવ્યો છે તેથી આ પંક્તિ ખૂબ કર્ણપ્રિય બની રહે છે.

'છોડી વા તુંયે બાપુ માયા,

છોડી વા મારું બેના...(૨)

ઝાલી વા તુંયે સસરા માયા,

ઝાલી વા મારું બેના...(૨)

છોડી વા તું યે આહી માયા,

છોડી વા મારું બેના... (૨)

ઝાલી વા તું યે સાસુ માયા,

ઝાલી વા મારું બેના... (૨)

છોડી વા તુંયે બાયા માયા,

છોડી વા મારું બેના...(૨)

ઝાલી વા તુંયે દિયર માયા,

ઝાલી વા મારું બેના... (૨)

ગીતની ધ્રુવપંક્તિમાં ગાયકવૃન્દ કન્યાને સંબોધીને કહે છે હવે તો તેં માતા-પિતા, ભાઈ-ભાભી સૌની માયા છોડી દીધી અને સાસુ-સસરા, દિયર-નણંદ બધાંની માયા પકડી લીધી એટલે પિયરપક્ષનાં બધાંને ભૂલી જઈશ. અને સાસરીવાળાની માનીતી થઈશ એવું કહી કન્યા તેમજ સૌના હૈયાને હર્ષ અને ગમગીનીના મિશ્રભાવથી ભરી દે છે.

આ તરફ વરપક્ષના જાનૈયાઓને પોતાના ઘરે જવાનું મોડું થઈ રહ્યું છે તે માટે ગાયિકા બહેનો કન્યાપક્ષના લોકોને સંબોધીને કન્યાને વિદાય આપવા માટે ઉતાવળ કરવાની સૂચના આપે છે જે નીચેની પંક્તિઓમાં જોઈ શકાય છે,

‘ઉતાવલ કરજે લીલા, ઉતાવલ કરજે યે... (૨)

અમારે જાવાણઅ લીલા, તુમારે રવાણ યે... (૨)

ઉતાવલ કરજે વેવાણ, ઉતાવલ કરજે યે... (૨)

લાંબે જવાણઅ વેવાણેહે, લાંબે જાવાણઅ યે...(૨)

ડોગરેહે જાવાણઅ વેવાણેહે, ડોગરેહે જાવાણઅ યે...(૨)

ઉતાવલ કરજે મીના, ઉતાવલ કરજે યે... (૨)

મૂકણે આવજે મીના, મૂકણે આવજે યે... (૨)

આમારે જાવાણઅ મીના, તુમારે રવાણઅ યે...(૨)

ઉપરની પંક્તિઓમાં કન્યાપક્ષના સંબંધીઓને સંબોધીને કહેવામાં આવ્યું છે. છેલ્લી ઘડીએ હવે ઉતાવળ કરીને કન્યાને તૈયાર કરો કારણ કે અમારે ઘણે દૂર જવાનું છે. રસ્તો પણ ડુંગરાળ છે, અંધારું થઈ જશે તો અમને ઘરે પહોંચતાં રસ્તામાં ખૂબ મુશ્કેલીઓ નડશે. તમારે તો અહીં જ રહેવાનું છે પરંતુ અમારી આખી જાન ઘરે પહોંચવાની બાકી છે. આમ કન્યાના કુટુંબના સભ્યોને સંબોધીને વરપક્ષના જાનૈયાઓને ઘરે પહોંચતાં મોડું ના થાય એ માટે તેઓને સમયને પણ ન્યાય આપી ઉતાવળ કરો એવું કહેવામાં આવ્યું છે.

હો દૂર જાતી અમને ના ભૂલી જાતી,
અમને ના ભૂલી જાતી..(૨)
બાપુની લીલી વાડી, સૂકી બનાવી ચાલી,
સૂકી બનાવી ચાલી,
સસરાની સૂકી વાડી, લીલી બનાવવા ચાલી,
લીલી બનાવવા ચાલી...(૨)
હો દૂર જાતી અમને ના ભૂલી જાતી,
અમને ના ભૂલી જાતી..(૨)
માતાના ચોખ્ખા કપડાં, ગંદા બનાવી ચાલી,
ગંદા બનાવી ચાલી...(૨)
સાસુના ગંદા કપડાં ચોખ્ખા બનાવવા ચાલી,
ચોખ્ખાં બનાવવા ચાલી...(૨)
હો દૂર જાતી અમને ના ભૂલી જાતી,
અમને ના ભૂલી જાતી..(૨)
ભાઈના કપડાં ચોખ્ખા, ગંદા બનાવી ચાલી,
ગંદા બનાવી ચાલી...(૨)
દિયરના કપડાં ગંદા, ચોખ્ખા બનાવવા ચાલી,
ચોખ્ખા બનાવવા ચાલી...(૨)

આ ગીત ચૌધરી બોલીના બદલે ગુજરાતી ભાષામાં છે. ચૌધરી સમાજમાં પણ વધેલા શિક્ષણને કારણે હવે નવી પેઢીની બહેનો ક્યારેક આ રીતે ગીતો ગાય છે. અહીં આ ગીતમાં પોતાનાથી દૂર જઈ રહેલી બહેનપણીને - તે પોતાના સાસરે જઈને સખીઓને ભૂલી ના જાય તેની તાકીદ કરવામાં આવી છે. કન્યાના ચાલ્યા જવાથી અહીં તેના પિતાના ઘરે કેવા કેવા અજબ ફેરફારો આવશે તેની કલ્પનાગમ્ય સૃષ્ટિ આ ગીત દ્વારા પ્રાપ્ત થાય છે. તેના ચાલ્યા જવાથી હજુ ગઈકાલ સુધી જે પિતાની વાડી લીલીછમ હતી તે હવે સૂકાઈ જવાની છે. અને સામે પક્ષે જે સસરાની વાડી સૂકી હતી તે કન્યાના જવાથી હવે લીલીછમ બની જવાની છે. ગીતનો આસ્વાદ્ય લય વાતાવરણને કરુણ બનાવવામાં અધિક ભાગ ભજવે એવો છે. આવા જ ભાવનું બીજું એક હૃદયસ્પર્શી ગીત જુઓ,

છોડી વા તુંયે બાપુ માયા,
છોડી વા મારું બેના..(૨)
ઝાલી વા તું યે સસરા માયા,
ઝાલી વા મારું બેના..(૨)
છોડી વા તુંયે આહી માયા,
છોડી વા મારું બેના..(૨)
ઝાલી વા તું યે સાસું માયા,
ઝાલી વા મારું બેના..(૨)
છોડી વા તુંયે બાયા માયા,
છોડી વા મારું બેના..(૨)
ઝાલી વા તું યે દિયર માયા,
ઝાલી વા મારું બેના..(૨)

પિયરમાં માતાપિતાના લાડકોડમાં ઉછરેલી દીકરીને હવે અજાણી જગ્યા પર જવાનું છે અને રહેવાનું છે. આથી સાસરે જતી દીકરીને માતા-પિતા અને સગાંસ્નેહીઓ તરફથી આપવાની થતી સલાહ અહીં લગ્નગીતોના ઢાળમાં સરસ રીતે ગવાઈ કહેવાઈ છે. દા.ત.

વનમાની વેલી વનમાં વેલાઈ છે,
એકલી રે મોટીબેન વનમાં નખે જાતી,
સાથે સંગાતે પુષ્પાબેનને નેજા જે...(૨)
એકલી રે મોટી બેન ખેત નખે જાતી,
સાથે સંગાથે નણંદને નેજા જે...(૨)
એકલી રે મોટીબેન માંડવી નખે જાતી,
સાથે સંગાતે બનેવીને નેજા જે...(૨)
વનમાની વેલી વનમાં વેલાઈ છે,
એકલી રે મોટીબેન વનમાં નખે જાતી,
સાથે સંગાતે દિયરને નેજા જે...(૨)

વનમાં વેલી ખૂબ વેલાઈ છે અને તું તો માતા-પિતાના સહારે ઉછરેલી છે એટલે એકલી વનમાં જઈશ નહીં. વનમાં જવાનું, ખેતર જવાનું કે નજીકના શહેર માંડવી જવાનું થાય તો સાથે નણંદ, દિયર, બનેવી કે પતિને સાથે રાખીને જવાની શિખામણ આપવામાં આવી છે. કન્યા ભલે પુખ્તવયની થઈ હોવા છતાં તેના મા-બાપ અને બહેનપણીઓના મતે તો તે હજી બાળક જેવી રમતિયાળ છે. આથી જ સાસરીમાં જ્યારે જ્યારે ઘરમાંથી બહાર જવાનું થાય ત્યારે કોઈને કોઈ વ્યક્તિને સાથે રાખવાની કે સાથે લઈ જવાની સવિશેષ હિમાયત કરવામાં આવી છે. આ ગીત દ્વારા ચૌધરી સમાજમાં દીકરીઓની લેવાતી કાળજીની વાત આપણા ધ્યાન પર આવે છે.

સાસરે પહોંચી ગયેલી કન્યાને વહેલી પાછી પિયર આવવા માટેની ભલામણ પણ પ્રિય સખીઓ દ્વારા કરાવામાં આવે છે. જેના પ્રતિ આપણને સ્નેહ હોય તે આપણાથી બહુ દૂર રહે એવું કોઈપણ ન જ ઈચ્છે. એટલે તે વારેવારે વહેલીતકે પાછા મળવા આવે એવી સ્વાભાવિક ઈચ્છા માણસ માત્રમાં હોય છે. પરંતુ કન્યા માટે સાસરું સાવ અજાણ્યું છે. આથી એકલા પાછા આવવું કેવી રીતે ? આ મૂંઝવણનો રસ્તો કાઢી આપતાં તેની સખીઓ નીચે મુજબનું ગીત છેડે છે,

સળાકી પાર લીલો લીંમડો યાદ રાખી રજે વા..
યાદે યાદે વા બેના પાસી આવતી રજે વા..
હાઆહું કળાક હોઈ તે રસ્તો પકડી લેજે વા..
સળાકી પાર કલમી આંબો યાદ રાખી રજે વા...
નણંદ કળાક હોય તે રસ્તો પકડી લેજે વા...
યાદે યાદે વા બેના પાસી આવતી રજે વા...
હુરોહો કળાક હોય તે રસ્તો પકડી લેજે વા..
સળાકી પાર લીલો લીંમડો યાદ રાખી રજેવા..
યાદે યાદે વા બેના પાસી આવતી રજેવા...

આ ગીતમાં કહેવામાં આવ્યું છે કે જો સાસરીમાં સાસુ કે નણંદ તથા સસરો બહુ કડક સ્વભાવનાં હોય અને તને દુ:ખ આપે તો આ સડકની કિનારે ઊભેલાં આંબો અને લીલો લીમડો જેવાં વૃક્ષોની એંધાણી રાખીને પાછી આવતી રહેજે. રસ્તો યાદ રાખવા વૃક્ષોનો સહારો આ સમાજની પ્રકૃતિ સાથેની અભિન્નતા આબાદ રીતે પ્રકટાવે છે. વૃક્ષો સાથે આ સમાજને બહુ ગાઢ નાતો રહ્યો છે તે આ લગ્નગીતમાં વ્યક્ત થાય છે.

**(૧૬) કન્યાવિદાયની ઘડી (નાડી ઓલાવવાણી ખઅડી):-**

કન્યાને વિદાય કરવામાં આવે છે ત્યારે એમને ઘરમાંથી મંડપ નીચે લાવવામાં આવે છે. સાસરે વળાવતી વખતે તેમની સાથે નાની બાળાને સંગે મોકલવામાં આવે છે.તેને અરવણ નામ આપવામાં આવ્યું છે. આ અરવણ કન્યા જોડે સાસરીમાં 'આણાં'ની વિધિ કરી કન્યાને પાછી પિયર બોલાવી લાવવામાં આવે ત્યાં સુધી તેમની સાથે સાસરીમાં રહે છે.

કન્યાવિદાયની ઘડી કઠણમાં કઠણ હૃદયને હચમચાવી નાખનારી ઘડી છે. આ ઘડીના પ્રસંગમાં માતા-પિતા, સંબંધીઓ મિત્રસંકુલ, આખું ગામ વગેરે કન્યાને મન ભરીને ભેટી લેવા અને ઈચ્છામુજબ પૈસા હાથમાં પકડાવી સૌ એને વિદાય આપે છે. લગ્નના અંતના પ્રસંગમાં કરુણરસ માણવા મળે છે. પણ એમાં મિશ્ર તરીકે હર્ષભાવ પણ હોય છે. કન્યાને ભેટવા માતા-પિતા આવે છે ત્યારે કન્યા કરુણ રુદન કરે છે જે આ ગીતમાં જોઈ શકાય છે,

'આ...તા પારે ખ્હર હાંય, કેહેં કરીન્ રહીં રા... (૨)

આ...તા વિચાર કરતો, તોરે ડિખ્રીહીણેં ખ્હરમાં,

ખંદાયળો નાવતો રા.... (૨)

આ...તા પિચતાલી રૂપિયામાં ડિખ્રીહીણેં,

વેચી ખાદી રા... (૨)

આ...તા હાન્તી-ચાન્તી બોનાવયા કરતીની..રા...(૨)

આ...તા ખેતથો થાકનો આવે હે,

હાથમાં પાણી કીડ્અ આપી રા... (૨)

આ...તા વિચાર કરતો તોરે ડિખ્રીહીણેં,

ખ્હરમાં રાખતો રા... (૨)

આ...તા પારકે ખ્હર હાંય, કેહેં કરીન રહીં રા...(૨)

આ...તા વિચાર કરતો, તોઓરે ડિખ્રીહી,

તોઓરેહારી રઅતી રા... (૨)'

વિદાયગીતમાં કન્યા પિતાને સંબોધીને કહે છે કે હું પારકા ઘરે કેવી રીતે રહીશ? આપણા ઘરમાં જ ઘરજમાઈ લાવ્યા હોત તો મારી આ ઘડી ના આવી હોત. હું ઘરમાં હોત તો તમને હાલતાં-ચાલતાં બોલાવ્યા કરતી હતી. ખેતરેથી થાકેલા આવતા હતાં ત્યારે હાથમાં પાણી આપતી, ચા આપતી. હવે આ બધું કામ કોણ કરશે ? થોડો પણ વિચાર કર્યો હોત તો મારે પારકા ઘરે જવું ના પડ્યું હોત એમ કહી પુત્રી પિતાને મનભરી ભેટીને હૈયું ખાલી કરે છે અને પિતા માટેની લાગણી રુદન દ્વારા ઠાલવે છે.

આમ દીકરી માટે માતા-પિતાનું ઘર છોડવું અસહ્ય બની જાય છે આવી જ રીતે માનો ખોળો ખૂંદનાર દીકરી માટે અસહ્ય થઈ પડે છે. તેથી દીકરી માતાને ભાઈ-ભાભીને સંબોધીને રુદન કરે છે,

'આ...યા ખ્હર આવે હે, ખ્હરમાં હુનઅ જ દેખેહે યે...(૨)

આ...યા તોરે ડિખ્રીહી વેએલી વેએલી હેલઅ,

રાંદીન ખાવડાવી દેતની ... યે... (૨)

ફા...યા ખ્હરમાં આવેહે, હુનઅજ દેખેહેરા... (૨)

ફાઆબેહે ખ્હરમાં હાકડઅ પડતઅનઅ તીયે,

તોરે નંપદાહાણે વેચી... ખાદી... યે... કર)

ફાઆળેહે નંણદાહા જાતી... રઅઈ,

ખ્હરમાં વેસલાતી ફિરજે...યે... (૨)

આ ગીતમાં દીકરી માતાને સંબોધીને કહે છે કે હું ઘરમાં હતી ત્યારે તને રસોઈમાં મદદરૂપ થતી હતી તારે નિરાંતના તે દિવસો હવે દુર્લભ છે. ભાઈ-ભાભીને પણ ફરિયાદ કરતાં કહે છે કે હું ઘરમાં હતી ત્યારે તમને સંકડાસ પડતી હતી. મારી તમને ચિંતા થતી હતી તો આજે હું તમને સંકડાશ અને ચિંતામાંથી દૂર કરું છું કારણ કે આજે હું મારી સાસરીમાં જઈ રહી છું. આમ પોતાની મનોવ્યથા માતા, ભાઈ-ભાભીને કહી ઠાલવે છે. આવી જ રીતે નાનપણમાં હરતાં-ફરતાં, નાચતાં-કૂદતાં મોટી થઈ હોવાથી કન્યા પોતાની સાહેલીઓની સામે પણ રુદન કરે છે.

‘મી...ના બેના પાંચ આંબાહાય છુમખો,

હોન્તો... તૂટી... ગો... યે.... (૨)

મી...ના બેના જીંએ જાહું તિયેં હારી જ જાહું... યે... (૨)

મી...ના બેના એખની પડેહે,

હાંદણે આવજે... યે... (૨)

લ...તા બેના પિચ્ચાર હેદણે, કિડા હારી જાહે,

કવડાવે દેજે.. આવતી રહીં... યે.. (૨)

ગી...તા બેના વેવામાં જાહું હારી જાહું,

એખની પડેહે હાદાવી નેજે...યે..(૨)

ગી...તા બેના પાંચ આંબાહાય છુમખો,

હાંમી તૂટી... જ ગો...યે...(૨)

આ ગીતમાં વિદાય સમયે કન્યા પોતાની સાહેલીઓને સંબોધીને રુદન કરે છે. તેઓને કહે છે કે પાંચ કેરીના ઝૂમખાં જેવો આપણો સમૂહ હતો, સંબંધ હતો. બધા આપણે છૂટા પડી ગયા. મને સાસરીમાં બોલાવવા આવજો અથવા કહેવડાવી દેજો તો પણ હું તમારી પાસે આવી જઈશ. એવું કહી સાહેલીઓને ધરપત આપે છે.

આમ, વિદાયના અંતના પ્રસંગમાં આખું વાતાવરણ ગમગીનીભર્યું અને સૌને માટે અસહ્ય છે તે આ ગીતોમાંના ચિત્રથી સમજાય છે. આમ લગ્નનાં અંતની ઘડીના પ્રસંગમાં કરુણ રસ જોવા મળે છે.

### ૪.૨૦ હેલો વેએવા (સીમાડિયા દેવ સ્થાનકે ફૂલાહર ઉતારવાની વિધિ) :-

વરરાજા અને કન્યાએ લગ્નવિધિમાં પહેરેલાં હાર, હાથમાં પકડેલાં નાળિયેર, કલગી વિગેરે સામગ્રી ઊતારીને મૂકવાની વિધિ સીમાડિયા દેવના સ્થાનકે ગામના વડીલના હસ્તે કરાવવામાં આવે છે. જાનૈયાઓ કન્યાને લઈ ઘરે વહેલાં પહોંચે તો આ વિધિ તેજ દિવસે સમેટી દેવામાં આવે છે. પરંતુ એજ દિવસે મોડું થાય અને સમય ના બચ્યો હોય તો, આ વિધિ બીજા દિવસે સવારે કરવામાં આવે છે. તેથી એનું નામ હેલો વેએવા (ઠંડા લગ્ન) તરીકે પણ ઓળખવામાં આવે છે.

ફૂલહાર ઊતારવાની વિધિમાં ગામના નાના-મોટા, વડીલો સર્વે જોડાય છે. ઘરેથી ચાલતાં ચાલતાં સિમાડિયા દેવના સ્થાનકે પહોંચે છે. ત્યાં વરરાજા અને કન્યાને દેવની સામે મોં રાખી હાથમાં કંકુ-ચોખા રાખી પગે લાગે છે અને ફૂલહાર, નાળિયેર કલગી ત્યાં મૂકે છે આ સમયે બહેનો ગીત ગાય છે,

'રામે રામે કરીને, પગે લાગજો ભાઈ,
ડાલિયા મમરા આલે તો વેરી નાંખજો ભાઈ... (૨)
રામે રામે કરીને, પગે લાગજો ભાભી,
ડાલિયા મમરા આલે તો ગજવે ઘાલજો ભાભી... (૨)
રામે રામે કરીને, પગે લાગજો ભાઈ,
ખજૂર કોપરાં આલે તો વેરી નાંખજો ભાઈ... (૨)

રામે રામે કરીને, પગે લાગજો ભાભી,

ખજૂર કોપરાં આલે તો ગજવે ઘાલજો ભાભી... (૨)

રામે રામે કરીને, પગે લાગજો ભાઈ... (૨)'

આ ગીત વરરાજા અને કન્યા બંનેને સંબોધીને ગાવામાં આવ્યું છે. વરરાજા અને કન્યા બંનેને રામ રામ કહી દેવને પગે લાગવાનું કહેવામાં આવ્યું છે. દાળિયા, મમરા, ખજૂર, કોપરું વગેરે ચારે દિશામાં વેરવાનું કહેવામાં આવ્યું છે. જ્યારે કન્યાએ દાળિયા-મમરા, ખજૂર-કોપરું વગેરે વસ્તુઓ ગજવામાં મૂકી લેવી એવું કહી હાસ્ય નિષ્પન્ન કરી વાતાવરણ આનંદમય બનાવ્યું છે.

'દેવા તું બારણું ઉઘાડ,

મારા ભાઈ-ભાભી હાર ઊતારશે...(૨)

દેવા તું બારણું ઉઘાડ,

મારા ભાઈ-ભાભી કલગી ઊતારશે...(૨)

દેવા તું બારણું ઉઘાડ,

મારા ભાઈ-ભાભી નાળિયેર ઊતારશે..(૨)

ઉપરની ધ્રુવપંક્તિમાં દેવને વિનંતી કરવામાં આવી છે કે તમે બારણું ખોલો અમારા ભાઈ-ભાભી ફૂલહાર, કલગી, નાળિયેર વગેરે સામગ્રી તમારા ચરણોમાં રાખી આપનો આશીર્વાદ લેવા માટે સજોડે આવ્યાં છે.

આમ, અહીંના લોકો લગ્ન જેવા ધાર્મિક પ્રસંગોમાં પણ પોતાના દેવ-દેવીઓને યાદ કર્યા વગર રહેતાં નથી કારણ કે લગ્નનો આરંભ પણ દેવથી અને અંત પણ દેવનાં આંગણામાં જ કરવામાં આવે છે. તેમાંથી તેમની આધ્યાત્મિકતાનો પણ આછો ખ્યાલ મળે છે.

આમ, કન્યા અને વરરાજાનું લગ્નજીવન સફળ નીવડે એ માટે દેવની પાસે આશીર્વાદ માંગી વર-કન્યા બંને ધન્યતાનો અનુભવ કરે છે.

## પ્રકરણ - ૯

## ઉપસંહાર અને તારણો

સુરત જિલ્લામાં વસતા ચૌધરી સમાજના પ્રાપ્ત લગ્નગીતોને આધારે તેમની સામાજિક અને સાંસ્કૃતિક જીવનપદ્ધતિઓનાં કેટલાંક લક્ષણો-વલણો આપણી સામે ઉદ્‌ઘાટિત થયાં છે. સમગ્ર સમાજની અન્ય જ્ઞાતિ-જાતિ કરતાં ચૌધરી સમાજમાં જે કાંઈ વૈવિધ્યતા ધ્યાને આવી છે તેને અહીં આલેખવામાં આવી છે. ચૌધરી સમાજની લગ્નવિધિ આમ તો સામાન્ય હિન્દુ સમાજની અન્ય જાતિઓમાં જોવા મળે તેવી જ છે છતાં ઘણાબધા વ્યવહારો અન્ય સમાજો કરતાં અલગ પડે છે. આ અલગતા અથવા તો કહો કે વૈવિધ્યતાને અહીં કેન્દ્રમાં રાખવામાં આવી છે. અન્ય સમાજોથી જુદાં પડતાં વલણો આ પ્રકરણમાં તારણો રૂપે પ્રસ્તુત કરવામાં આવ્યાં છે.

ચૌધરી સમાજને આપણે વસતિની દષ્ટ્રિએ જોઈએ તો દક્ષિણ ગુજરાતમાં સુરત અને તેમાંથી જ છૂટો પડેલો તાપી જિલ્લો આ બંને જિલ્લામાં મળીને ચૌધરી સમાજની વસતિ લગભગ ૮, ૮૮, ૮૮૫ જેવી થાય છે. તેમાં પણ આપણને તેની વિવિધ પેટાજ્ઞાતિઓ જોવા મળે છે.આદિવાસી લોકોની ભારતની પૂર્વકાલીન જાતિઓમાં ગણના કરવામાં આવ છે. આદિવાસી ગુજરાતના અને ભારતના એટલે કે જે તે પ્રદેશના મૂળનિવાસી છે. આ જાતિઓ આદિમ સમયથી-આદિકાળથી અહીં વસતિ હોવાથી 'આદિમજાતિઓ' કે 'આદિવાસીઓ' એવું નામાભિધાન થયું છે. આદિવાસીઓનો મુખ્ય વ્યવસાય ખેતી અને જંગલની વિવિધ વનપેદાશો પર આધારિત છે. આદિવાસી પ્રજા અત્યંત ભોળી, ધાર્મિક તથા અંધશ્રદ્ધાળુ અને કેટલાક સંસ્કારો જીવંત રાખીને જીવતી પ્રજા છે. પ્રકૃતિના સાન્નિધ્યમાં જીવતી આ પ્રજાના પારંપારિક જીવનમાં ભારતને આઝાદી મળી તે પછીના સમયમાં ખાસ્સું નોંધનીય પરિવર્તન હવે જોવા મળી રહ્યું છે. આદિવાસી સમાજમાં શિક્ષણનું પ્રમાણ હવે વધતું જાય છે. જેથી તેમના જીવનમાં આમૂલ પરિવર્તનનો પવન ફૂંકાઈ રહ્યો છે. કુદરતને કેન્દ્રમાં રાખીને જીવતી આ પ્રજા હવે આધુનિક માનવની જેમ અત્યાધુનિક જીવન જીવતા સમાજના પ્રવાહમાં ભળવા લાગી છે. તેમનાં જીવનધોરણો બદલાયાં છે. તેમની પારંપારિક, સાંસ્કૃતિક જીવનપદ્ધતિમાં વળાંક આવી ગયો છે. સંસ્કાર અને લોકસંસ્કૃતિનો વારસો જાળવવાની તેનામાં અભિપ્સા છે પણ બદલાતા

વૈશ્વિક પ્રવાહોની આંધીમાં તેના સાંસ્કૃતિક જીવનના ભાતીગળ સંસ્કારો હવે ભૂંસાતા જાય છે. તેના જીવાતા જીવન સાથે જોડાયેલું સાહિત્ય (લોકસાહિત્ય) પણ હવે ધીમે ધીમે અદશ્ય થતું જઈ રહ્યું છે. લગ્નગીતો, લોકગીતો અને લોકકથાઓના આકર્ષણમાંથી છૂટી રહેલી આ પ્રજા તેના આ સંસ્કારોને સાવ વિસારી દેશે એવી દહેશત ઊભી થવા પામી છે. છતાં હજી શહેરથી દૂર ગામડાંમાં જીવતી પ્રજામાં આ સંસ્કારો જળવાઈ રહ્યા છે. તેમના જીવનમાં આનંદ, ઉલ્લાસ, વેદના, મુશ્કેલીઓ, અગવડો અને સામાજિક રિવાજો આ લોકસાહિત્યમાં સુપેરે વ્યક્ત થતા રહ્યા છે. આ સંસ્કારોનું વૈવિધ્ય આપણે અહીં તેની લોકવાર્તા અને લોકગીતોનો અભ્યાસ કર્યો તેમાં વણાયેલું જોયું-જાણ્યું છે.

આમ જ્યારે આધુનિકતાના પ્રબળ પ્રવાહમાં વિકાસ અને બદલાવની મનોસ્થિતિમાં ચૌધરી સમાજ પોતાની ભાતીગળ અને આગવી ઓળખ ગુમાવી રહ્યો છે. હવેનાં લગ્નોમાં પહેલાંના જેવી લગ્નગીતોની રમઝટ જોવા મળતી નથી. ધીરે ધીરે લગ્નગીતો વિસરાઈ રહ્યાં છે ત્યારે આ ઉપક્રમ દ્વારા તેને અંકે કરી ‘અક્ષર’માં તેને જાળવી લેવાની મથામણ કરી છે જે ભવિષ્યમાં ઉપયોગી થશે. સુરત અને તાપી જિલ્લામાં વસતા આદિવાસીઓમાં આપણને મુખ્યત્ત્વે ચૌધરી, ગામીત, વસાવા, કોટવાળિયા, ઢોળિયા, હળપતિ વગેરે જાતિના લોકો જોવા મળે છે. ચૌધરી જાતિમાં પણ ત્રણ પેટા જાતિઓ- પાવાગઢિયા, ટાકરિયા અને વલવાઈ- જોવા મળે છે. આદિવાસીઓની અન્ય જાતિઓ કરતાં ચૌધરીઓએ મહેનત અને પદ્ધતિસરની ખેતી દ્વારા આર્થિક અને સામાજિક રીતે મોભાનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. ચૌધરીઓ પ્રકૃતિનાં જ તત્ત્વોને દેવ માનીને તેની પૂજા કરે છે. તેમનું જાતિપંચ હોય છે અને આ પ્રજા પહેરવેશની બાબતમાં પણ અન્ય પ્રજાઓ કરતાં વધુ શોખીન છે.

ચૌધરી જાતિના લોકોનો પહેરવેશ અને આભૂષણો સહિતનો દેખાવ આ પ્રમાણે હોય છે.ચૌધરી જાતિના લોકોના પહેરવેશમાં પુરુષો પરંપરાગત ખમીસ કે અડધી બાંયનો ઝભ્ભો, કચ્છો મારેલું ધોતિયું અને માથે ફાળિયું અથવા ટોપી પહેરતા જોવા મળે છે. યુવાનો પેન્ટ, શર્ટ જેવાં આધુનિક વસ્ત્રો પહેરે છે. સ્ત્રીઓ અંદરના ભાગમાં સાડીનો અડધો કટકો, કચ્છો મારીને પહેરે છે અને તેની ઉપર ઢીંચણ સુધીનું લૂગડું-સાડી કચ્છો મારી પહેરવાની આદત છે. થોડા

સુખી ઘરની સ્ત્રીઓ આખી સાડીને કચ્છો મારીને પહરેતી હોય છે. કામ કરતી વખતે સાડીનો છેડો માથે બાંધવાની ખાસ વિશિષ્ટતા આ સમાજની સ્ત્રીઓમાં જોવા મળે છે. વૃદ્ધ સ્ત્રીઓ ઉપરના ભાગમાં ચોળી (કાપડું) પહેરે છે અને આધેડ સ્ત્રીઓ કબજો પહેરે છે. આ સમાજના લોકો ઘરેણાં પહેરવાના પણ શોખીન હોય છે. પુરુષો કાનમાં ચાંદીની કીકરી, હાથમાં કડું તથા કમરે કંદોરો પહેરે છે. સ્ત્રીઓ ગળામાં લગ્નના પ્રતીક તરીકે કાળા મણકાની માળા પહેરે છે. ઘણી વૃદ્ધ સ્ત્રીઓ કિડિયાની માળાઓ, ચાંદીની સેર, રૂપિયાનો હાર તથા ગળામાં હાંસડી પહેરતી હોય છે. શિક્ષિત વર્ગમાં ઘરેણાં અન્ય સમાજના લોકો જેવાં જ પહેરવાનો ચાલ વધતો જાય છે. ખોરાકમાં આ લોકો મુખ્યત્વે જુવાર, ચોખા, તુવેર અને વાલ, ચોળા, અડદની દાળ, મગ વગેરેનો ઉપયોગ કરે છે. ઘરઆંગણે થતાં તમામ શાકભાજીનો પણ ખાવામાં ઉપયોગ કરે છે. હવે આ સમાજમાં પણ તળેલી વાનગીઓ ખાવાનું વલણ ખાસ્સું એવું વધવા પામ્યું છે.

અન્ય સમાજોની જેમ ચૌધરી સમાજમાં પણ લગ્નની ઊજવણી હર્ષોલ્લાસ અને ધામધૂમથી કરવામાં આવે છે. ચૌધરી જાતિમાં લગ્નની ઉંમર સામાન્ય રીતે ૧૮, ૨૦ કે ૨૨ની હોય છે. છોકરા-છોકરીના લગ્નસંબંધને નક્કી કરનાર વચેટ માણસને 'માઝી' તરીકે ઓળખવામાં આવે છે. સામાન્ય રીતે વર-કન્યાની પસંદગી વડીલો કરતા હોય છે. જોકે પહેલાંના સમયમાં મેળામાં, લગ્નપ્રસંગે કે અન્ય કોઈ ઉત્સવમાં નાચ-ગાનમાં યુવક-યુવતીની આંખો મળી જતાં પણ તેમની વચ્ચે લગ્ન ગોઠવી દેવામાં આવતાં હતાં. અહીં કન્યા પક્ષ તરફથી વરનું ઘર જોવા જવાનો રિવાજ છે. વર-કન્યાની સામસામે પસંદગી પછી સગાઈ કરવામાં આવે છે. પછી વરપક્ષના માણસો કન્યાને ત્યાં દહેજ આપવા માટે જાય છે. દહેજની રકમ રૂ.૪૫ અને ૨૫ પૈસા નક્કી જ છે. લગ્ન માટે જે મંડપ તૈયાર કરવામાં આવે છે તે ચાર થાંભલાથી માંડીને બાર થાંભલાનો બનાવવામાં આવે છે. મંડપને દિવસે વર-કન્યાને પીઠી લગાવવામાં આવે છે. વાજિંત્રોમાં પહેલાંના વખતમાં માત્ર ડોબરું વગાડતા પરંતુ હવે તો ટારપું, બેન્ડવાજા, મસાક જેવા આધુનિક વાજિંત્રોનો પણ ઉપયોગ થવા લાગ્યો છે. પરણવા માટે જતી જાન પહેલાંના વખતમાં ગાડામાં જતી- ગાડાંને સુંદર રીતે સજાવવામાં આવતાં હવે તો વરરાજા માટે ટેક્ષી અને જાનૈયાઓ માટે ભાઈઓ-બહેનો એમ બે ટ્રક લઈ જવામાં આવે છે. પહેલાંના સમયમાં

લગ્નવિધિ જાતે જ કરી લેતા પરંતુ હવે બ્રાહ્મણને બોલાવવામાં આવે છે. લગ્નવિધિ પૂરી થયા પછી કન્યાને કન્યાદાન કરાય છે તે સમયે આખા ગામના લોકો ભેગા થઈ કન્યાવિદાય આપે છે.

અહીં સમાવિષ્ટ લગ્નગીતોમાં ચૌધરી સમાજમાં થતાં લગ્નોની તમામ વિધિઓનું પ્રતિબિંબ પાડે છે. ચૌધરી સમાજમાં ગોઠવાતાં લગ્નોમાં માઝીનું સ્થાન, છોકરી જોવા જવું, સગાઈ થવી, દહેજ, લગ્નવિધિ અને કન્યાવિદાય જેવા પ્રસંગોએ વ્યક્ત થતી લાગણીઓ આ લગ્નગીતોમાં આકર્ષક રીતે વર્ણવાઈ છે. સગાઈ વખતે ગવાતાં ગીતોમાં કન્યાને તથા વરને પોતાને અનુકૂળ અને અનુરૂપ સાથી પસંદ કરવાની સલાહ અને તેવું પાત્ર ન મળે તો અન્ય પાત્ર શોધી લેવાની શિખામણ આપવામાં આવે છે. તો વરપક્ષની કન્યાઓ જે ગીતો ગાય તેમાં કન્યાને ઊતરતી કક્ષાની અને વરને મહત્ત્વનો સાબિત કરવાની ભાવના જોવા મળે છે. અહીં આ પ્રસંગે એકબીજાને અપાતી હલકી ઉપમાઓ દ્વારા હાસ્ય નિષ્પન્ન કરવાનું પ્રયોજન જણાઈ આવે છે. કંકોતરી પ્રસંગે પણ હળદર અને કંકુથી પીળા કરેલા ચોખા દ્વારા પાઠવવામાં આવતું ઈજન ગીતો દ્વારા વ્યક્ત થયું છે. પોતાના સગાસંબંધીઓને આ લગ્નપ્રસંગે વહેલા આવવાનું નોતરું પાઠવતાં ગીતો આસ્વાદ્ય બન્યાં છે. લગ્નની તૈયારી રૂપે ઘરની સજાવટ, મંડપની સજાવટ અને કન્યાવિદાયની ઘડીઓ નજીક આવી રહી છે ત્યારે બહેનપણીઓ તેની યાદગીરી રૂપે ફોટો મૂકવાની વાત પણ લગ્નગીતોમાં મૂકાઈ છે. પીઠી ચોળવાની વિધિનાં ગીતોમાં કન્યાની હૃદયોર્મિઓ આકર્ષક છટાથી વ્યક્ત થાય છે. કન્યા કે વરને સ્નાન કરાવવાની વિધિ, જાન જવાની તૈયારીનો વખત, જાનનો ઉતારો, કલવો ખવડાવવાની વિધિ, પહેરામણી પ્રસંગ, હસ્તમેળાપ, કન્યાદાન પ્રસંગ, છેડા છોડવા, તથા કન્યાવિદાય જેવા પ્રસંગોની વિવિધ સંવેદનાઓ અહીં લગ્નગીતોમાં સુંદર રીતે વ્યક્ત થયેલી જોઈ શકાય છે. માનવભાવોનું આકર્ષક નિરૂપણ વિવિધ રૂપકોમાં સાદગીપૂર્ણ ભાષામાં પણ સુંદર ભાત ઊભી કરે છે તે નોંધનીય છે.

આપણે અહીં સમાવિષ્ટ કરેલાં લગ્નગીતોને આધારે ચૌધરી સમાજની જે સામાજિક-સાંસ્કૃતિક રીતિનીતિ અને વિલક્ષણતા આપણી સામે ઉપસી આવી છે તે આ પ્રમાણે છે.

➢ લગ્નગીતોમાં લગ્નના વિવિધ તબક્કાઓ, સગાઈવિધિ, સામાન લેવો, કંકોત્રી, ગણપતિ સ્થાપના, પીઠી લગાડવી, કન્યાને તથા વરને સ્નાન કરાવવાની વિધિ, લગ્ન અને તે પછીની કેટલીક વિધિઓને આ ગીતોમાં સમાવી લેવામાં આવી છે.

➢ પ્રસંગાનુરૂપ લગ્નગીતોમાં માનવસંવેદન આકર્ષક રીતે પ્રગટ થયું છે.

➢ ભારતમાં અનેક જાતિઓમાં બાળલગ્નો જોવા મળે છે જેનો ચૌધરી સમાજમાં સદંતર અભાવ છે. શિક્ષણ તો હવે આવ્યું છતાં અશિક્ષિત ગણાવાયેલી આ જાતિમાં છોકરા કે છોકરીને લગ્નની યોગ્ય વય પછી જ પરણાવવામાં આવે છે એટલે બાળલગ્નનું દૂષણ આ સમાજમાં નથી.

➢ ઘણા સમાજોમાં છોકરા-છોકરીની સગાઈ બંનેએ એકબીજાને જોયા સિવાય માત્ર વડીલો જ નક્કી કરી દેતા હોય છે અને પછી લગ્ન કરનાર સ્ત્રી-પુરુષ પોતાની પસંદગી-નાપસંદગીને કોરાણે મૂકી પડ્યું પાનું નિભાવી લેવું પડતું હોય છે. પરંતુ ચૌધરી સમાજમાં છોકરા-છોકરી એકબીજાને જુએ મળે વાતચીત કરે અને બંનેની સંમતિ હોય તે પછી જ તેમનું લગ્ન ગોઠવવામાં આવે છે. ભારતના અન્ય સમાજોની દૃષ્ટિએ જે સમાજને આદિવાસી કે પછાત તરીકે જોવામાં આવે છે તેવા આ સમાજમાં કેટલી આધુનિકતા છે તે જોઈ શકાય છે.

➢ છોકરા-છોકરીની પસંદગી પછી પણ ‘માઝી’ એટલે કે વચેટિયો માણસ બંને પક્ષને એકબીજાના કુટુંબની આર્થિક-સામાજિક તથા ઘરબારની પૂરી વિગતો આપે છે પછી જ લગ્ન નક્કી કરવામાં આવે છે. માત્ર છોકરો ને છોકરી જ લગ્ન દ્વારા નથી જોડાતાં પરંતુ બે કુટુંબો જોડાય છે. આથી સામા પક્ષની પૂરી ઓળખનો ખ્યાલ આ સમાજ ધરાવે છે. આ વિગતો આપણને સગાઈવિધિને લગતાં લગ્નગીતોમાંથી પ્રાપ્ત થાય છે.

➢ સગાઈવિધિ વખતે બંને પક્ષના માણસો ભેગા થાય છે. વરપક્ષ તરફથી ગોળધાણા લાવ્યા હોય તે વાંસના ટોપલામાં મૂકવામાં આવે છે. અહીં વાંસ એ આ લોકો સાથે જોડાયેલું મહત્ત્વનું અંગ છે. પ્રકૃતિના સાનિધ્યમાં રહેતા આ લોકો એ પ્રદેશમાં ખૂબ જ બહોળા પ્રમાણમાં થતા વાંસનો રોજિંદા જીવનની અનેક ઉપયોગી ચીજવસ્તુઓ બનાવવામાં ઉપયોગમાં લે છે.

આથી તેમની મોટાભાગની વસ્તુઓ વાંસની વનસ્પતિમાંથી બનાવવામાં આવેલી હોય છે તે અહીં જોવા મળે છે.

- સામાજિક રીતે થતા લગ્નમાં કાયદાકીય સૂઝબૂજનો પણ સમાવેશ આ સમાજમાં છે. સગાઈ કે લગ્ન થયા પછી તે તૂટે કે તોડી નાખવામાં આવે તે સમયે વસૂલવામાં આવતો દંડ વગેરેની જોગવાઈઓ આ લોકો સગાઈવિધિના દિવસે જ કોરા કાગળમાં લખી લઈને બંને પક્ષની સહી તેની પર કરાવે છે. અલ્પશિક્ષિત છતાં આગળના વડીલોએ ગોઠવેલી આ કાયદા જેવી જોગવાઈ સમાજને એક રાખવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.
- સગાઈવિધિમાં વર-કન્યા એકબીજાને ગોળધાણા ખવડાવે પછી ઉપસ્થિત તમામ લોકોને પણ ગોળધાણા વહેંચવામાં આવે છે. આ સમયે બહેનો જે લગ્નગીત ગાય તેમાં તેમનું પ્રકૃતિ સાથેનું સાયુજ્ય-અભિન્ન જોડાણ સહજ ઉપસી આવે છે. પોતાનો ભાઈ ખાખરા, વડ અને ટીમરુના પાનમાં આ વસ્તુ લે છે જ્યારે સામો પક્ષ બાવળ અને કાંટા જેવા વૃક્ષના પાંદડામાં ગોળધાણા લે છે. આમ, અહીં પ્રકૃતિપૂજક આ સમાજ તેમના વિવિધ પ્રસંગોમાં ધાતુનાં વાસણોનો ઉપયોગ કરવાને બદલે વિવિધ વૃક્ષોનાં પાંદડાંઓનો ઉપયોગ કરે છે તે નોંધનીય બાબત ગણાય.
- આ સમાજના લગ્નપ્રસંગની સૌથી અગત્યની બાબત તે અહીં દહેજપ્રથા નથી. અને છોકરા પક્ષ તરફથી છોકરીપક્ષને ૨૧ કે ૫૧ રૂપિયા આપવામાં આવે છે તે રકમ પણ સમાજે ઠરાવેલી-નક્કી કરેલી હોય તેટલી જ આપવામાં આવે. ઘણી જગ્યાએ આટલી નાનકડી રકમ પણ કન્યાપક્ષ સ્વીકારતો નથી અને એમ કોઈપણ પ્રકારના આર્થિક આદાનપ્રદાન વગર જ લગ્ન થતાં હોય છે.
- લગ્નને લગતી વિવિધ કપડાં વિગેરે જેવી સામગ્રીની ખરીદી બંને પક્ષ ભેગા મળીને નજીકના શહેરમાંથી સાથે જ કરે છે જે તેમની આગવી ખાસિયત છે. અહીં ભેગા બેસી શહેરની કોઈ હોટલમાં નાસ્તો પણ સાથે જ કરે છે જેથી એકબીજા પ્રત્યેનો પ્રેમ વધે છે અને આનંદ ઉલ્લાસનો અનુભવ કરે છે.

➢ લગ્ન મોટાભાગે એપ્રિલ-મે મહિનામાં જ ગોઠવાય છે. મોટાભાગનો સમાજ ખેતીકામ સાથે જોડાયેલો હોવાથી આ સમાજમાં ખેતીને લગતું કામ ન હોવાથી બધાને અનુકૂળતા રહે તે ધ્યાનામાં રાખવામાં આવે છે. તથા જે વર્ગ નોકરિયાત હોય તેને પણ આ ગાળામાં વેકેશનનો માહોલ હોવાથી લગ્નમાં હાજરી આપી શકે છે.

➢ સગાં-સંબંધીઓને લગ્નનું આમંત્રણ આપવા માટે હળદર-કંકુથી રંગેલા ચોખાનો ઉપયોગ કરવામાં આવે છે અને તે વ્યક્ત કરતાં ઘણાં લગ્નગીતો છે જેમાં તેનો સહજ ઉલ્લેખ છે.

➢ લગ્નની તૈયારી માટે જે  કામો કરવામાં આવે છે તેમાં તેમનું પ્રકૃતિ સાથેનું સાદુ જીવન જોઈ શકાય છે. ઘરને ગાર-માટીથી લીંપવામાં આવે છે. લીંપણવાળી દીવાલો પર વિવિધ ચિત્રો દોરવામાં આવે છે. જુદાજુદા રંગના કાગળોનું તોરણ પણ યુવાનો તૈયાર કરે છે. આ બધામાં ગામડાનું સાદુ જીવન જોવા મળે છે. જોકે હવે આ બધામાં પરિવર્તન આવતું દેખાય છે.

➢ લગ્નમાં જમવા માટે ખાખરાના પાનમાંથી જાતે બનાવેલા પડિયા-પતરાળાનો ઉપયોગ કરવામાં આવતો. ગામની આસપાસની સીમમાં થતા ખાખરાના પાન તોડી લાવી તેમાંથી જ પડિયા-પતરાળા બનાવવામાં આવતા. કેવું સહજ પ્રાકૃતિક જીવન હતું પરંતુ હવે ત્યાં પણ થાળી-વાટકીનો પ્રવેશ દેખાય છે. આવી સાદગીમાંથી તેમનો વનસ્પતિ સાથેનો સંબંધ અને નબળી આર્થિક સ્થિતિ પણ સૂચવાય છે.

➢ જમણવારમાં ઉપયોગમાં લેવાતા ચોખા તેમણે તેમના ખેતરમાં પકવેલા હોય તે જ વાપરવામાં આવે છે.

➢ મંડપ તૈયાર કરવામાં જાંબુ, આંબો અને ઉંબરો તથા પીપળાની ડાળીઓનો ઉપયોગ કરવામાં આવે છે જે પ્રકૃતિ સાથેનો અનુબંધ સૂચવે છે.

➢ મંડપમૂહુર્ત અને ગણપતિ સ્થાપના તથા પીઠી ચોળવાની વિધિનાં ગીતોમાં તેમની આ ક્રિયાવિધિનો તાદશ્ય ચિતાર પ્રગટાવે છે. વર કે કન્યાને લગાવવાની પીઠી મામા-મામી, માસા-માસી કે ફોઈ-ફુઆ જેવાં સ્વજનો દ્વારા મોકલાવેલી છે એમ કહી સંબંધીઓને માન આપવામાં આવે છે.

➢ પીઠી કાકી કે ભાભી દ્વારા લગાવવામાં આવે છે એ પછી સ્ત્રીઓ અંદરોઅંદર એકબીજાને પીઠી લગાવવાની રમત રમે છે. તેના દ્વારા તેમના અરસપરસના સંબંધો વધુ ઉષ્માભર્યા બને છે અને લગ્નના માહોલને મનભરીને એ રીતે માણે છે.

➢ આ લગ્નગીતોમાં આ પ્રદેશની ભૌગોલિકતા પણ પ્રગટે છે. વિવિધ વૃક્ષોના ઉલ્લેખની સાથે સાથે કોતરો, ડુંગરા, સપાટ મેદાનો, તાડનાં ઊંચા વૃક્ષો, ફળાઉ વૃક્ષો વિગેરેના ઉલ્લેખો તેમના જીવન સંદર્ભોને વ્યક્ત કરે છે.

➢ ઘણા લગ્નગીતોમાં તાડી, માવો, સિગારેટ, બીડી જેવાં વ્યસનોના ઉલ્લેખ છે. આ વ્યસનમાં લેખાતી વસ્તુઓ તેમના જીવનમાં સહજતાભર્યું સ્થાન ધરાવે છે. આ ચીજોનું સેવન કરવું તેમના માટે રોજિંદા જીવનનો એક ભાગ છે. આથી લગ્નગીતોમાં તેના ઉલ્લેખો આવે છે. જોકે હવે શિક્ષણના કારણે નવી પેઢી આનાથી ધીમેધીમે દૂર જઈ રહી છે.

➢ પહેલાંના સમયમાં જાન બળદગાડામાં જતી. હવે તો ટ્રક, બસ કે લક્ઝરી બસ અને બીજી નાની કાર વાપરવામાં આવે છે. ગાડાના પૈડા પર જેમ શ્રીફળ વધેરવામાં આવતું તેમ આ આધુનિક વાહનોની પણ પૂજા કરવામાં આવે છે. આ રિવાજ હજી જળવાય રહેલો છે. વિના અકસ્માતે સુખરૂપ ગંતવ્ય સ્થાને પહોંચાય તેવી તેમાં કામના કરાય છે.

➢ એકબીજાના પક્ષની અણઆવડત, દેખાવની કુરૂપતા, ગરીબાઈ, વસ્તુઓનો અભાવ, બાઘાપણું જેવા તરફ સંકેતો કરી હાસ્ય નીપજાવવામાં આવે છે. આ રીતે લગ્નના ઉલ્લાસભર્યા વાતાવરણને વધુ રંગીન બનાવે છે. લગ્નગીતમાં દેવાતી ગાળ પણ સાંભળનારને મીઠી લાગે તેવો માહોલ હોય છે.

➢ વર કે કન્યાની લગ્ન કરવાની ઉંમર ક્યારની થઈ ગઈ હોવા છતાં હજુ સુધી પરણાવ્યા કેમ નથી ? નો ભાવ વ્યક્ત કરતા ગીતમાં ઉપમાઓનો ભરચક ઉપયોગ થાય છે. ઉંમરલાયક થયેલી ભેંસ કે પાડા સાથે વર કે કન્યાને સરખાવીને ગાળ આપવામાં આવે છે. છતાં આ સમાજમાં તેને સહજ માની હસી નાખવામાં આવે છે. જીવનની ઘણીઘણી બાબતોને હાસ્યાત્મક રીતે લઈને હળવા રહેવાનો આ લોકોનો સ્વભાવ તેમાંથી વ્યક્ત થતો જોવા મળે છે.

➢ કન્યાવિદાયના પ્રસંગની કરુણતાને અધિક ઘેરી બનાવે તેવાં ગીતો જોવા મળે છે. આ ગીતોમાં કરુણતાસભર મનોભાવને આકર્ષક રીતે ગૂંથી લીધો હોય છે. તેમાં આ સમાજની કાવ્યાત્મક શક્તિ પણ જોવા મળે છે. કલ્પનો અને પ્રતીકોનો સુંદર વિનિયોગ ઘણાબધા લગ્નગીતોમાં જોવા મળે છે. સાસરે જતી કન્યા બાપુની વાડીને સૂકી અને સસરાની વાડીને લીલી બનાવવા જઈ રહી છે તે કેવું મનોરમ કલ્પન છે. આવાં ગીતો કન્યાવિદાયની ઘડીને વધુ કરુણ બનાવે છે.

➢ ફટાણામાં સામસામા પક્ષને ગાળો દેવાની મજા લૂટવામાં આવે છે. સ્ત્રી-પુરુષ સંબંધોને ગીતમાં જોડી દઈને આ સમાજ કાલ્પનિક-મનોરંજન માણે છે છતાં કોઈને તેમાં ખોટું લાગતું નથી.

➢ ભૌતિક પદાર્થોના અભાવોમાં જીવતો આ સમાજ ભૌતિક સગવડો તરફ જે આકર્ષણ ધરાવે છે તે પણ આ ગીતોમાંથી વ્યંજીત થાય છે. સડક કિનારે આવેલો બંગલો અને તેમાં મળતી સગવડોનું બયાન ભૌતિકતા તરફનું આકર્ષણ વ્યક્ત કરે છે.

➢ આ સમાજનાં લગ્નગીતોમાંથી તેમનો પહેરવેશ, તેમની રીતભાત અને આ પ્રદેશમાં થતાં વિવિધ ફળોની માહિતી પણ પ્રાપ્ત થાય છે.

➢ ચૌધરી સમાજને પોતાનાં આગવા પ્રાકૃતિક દેવી-દેવતાઓ છે અને તેની આગવી પૂજનવિધિ છે. તે બધાનો ઉલ્લેખ પણ આ ગીતોમાં છે. એ રીતે તેમના આ દેવતાઓ તેમની આગલી પેઢીમાં સચવાયેલા રહે છે. ડુંગર દેવ અને કનેસરી દેવી જેવા દેવતાઓની વાત તેમાં આવે છે.

➢ તેમના દ્વારા ઉપયોગમાં લેવાતાં લોકવાદ્યોનો ઉલ્લેખ લગ્નગીતોમાં છે. 'ડોવળઅ' નો તો ખાસ મહિમા તેમના સમાજમાં છે.

આમ, આ લગ્નગીતો દ્વારા ચૌધરી સમાજના સામાજિક-સાંસ્કૃતિક વિશિષ્ટ ખ્યાલોનો પરિચય પ્રાપ્ત થાય છે.

## સંદર્ભસૂચિ


૧. સુરત ઈતિહાસ દર્શન ભાગ-૧ - ડૉ. મોહનવી મેઘાણી

૨. ગુજરાત રાજ્ય સર્વસંગ્રહ - ઠક્કર ચંદુ

૩. લોકસાહિત્યનું સમાલોચન - ઝવેરચંદ મેઘાણી

૪. લોકકથાનાં કૂળ અનુ મૂળ - હરિવલ્લભ ભાયાણી

૫. લોકવિદ્યા - હસુ યાજ્ઞિક

૬. ચૌધરી સમાજનો પરિચય - અરવિંદ ભટ્ટ

૭. દક્ષિણ ગુજરાતનાં લોકગીતો - રૂકમણીબેન પટેલ

૮. ચૌધરીઓ અને ચૌધરી શબ્દાવલિ - શાંતિભાઈ આચાર્ય

૯. ગામીત સમાજ - ડૉ. દક્ષાબેન વ્યાસ તથા ડૉ. નવીન કા.મોદી

૧૦. હાલરડાં - ઝવેરચંદ મેઘાણી

૧૧. લોકગીતો - નરોત્તમ પલાણ

૧૨. મેઘાણી અને લોકસાહિત્ય - નલિન દેસાઈ

૧૩. ગુજરાતી લોકસંસ્કૃતિ - હસુતાબેન ગોદાની

૧૪. ચંપાની કળીઓમાં કસ્તુરી - અમૃત પટેલ

૧૫. લોકસાહિત્ય અને ગુજરાતી લોકગીતો - પ્રભાશંકર તેરૈયા અને નરોત્તમ પટેલ

૧૬. લોકસાહિત્ય એક અભ્યાસ - ડૉ. કુમુદ પરીખ

૧૭. લોકામૃત - પુષ્કર ચંદરવાકર

૧૮. લોકસાહિત્ય વિજ્ઞાન - ડૉ. સત્યેન્દ્ર

૧૯. લોકસાહિત્યનું સમાલોચન - ઝવેરચંદ મેઘાણી

૨૦. ડાંગી લોકકથાઓ - ડૉ. પુંડલિક પવાર

**માહિતીદાતાઓની યાદી**

| ક્રમ | નામ | ગામ | ઉંમર |
|---|---|---|---|
| ૧. | જનતાબેન આર. ચૌધરી | બડતલ | ૪૦ |
| ૨. | પન્નાબેન એમ. ચૌધરી | બડતલ | ૩૫ |
| ૩. | કેશુબેન જી. ચૌધરી | રેગામા | ૪૦ |
| ૪. | ગીતાબેન એમ. ચૌધરી | રેગામા | ૩૦ |
| ૫. | નીરૂબેન એફ. ચૌધરી | રેગામા | ૪૦ |
| ૬. | પાર્વતીબેન સી. ચૌધરી | સીસોર | ૪૫ |